પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

**સુવિચાર**

તકલીફ....
ટ્રાફિકના રેડ સિગ્નલ
જેવી જ હોય છે. થોડીવાર
ધીરજ રાખી ઉભા રહો
તો ગ્રીન થઈ જાય છે...


શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૪-૩-૨૦૨૪, સોમવાર
વર્ષ: ૧૨, અંક : ૩૧૧

94266 72303
@abtakmedia

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

www.abtakmedia.com
@abtak.media

Price Rs. : 4 Address : RASHTRIYA SHALA RD, RAJKOT ☎ 0281- 246 1234, 2460 999 abataknews@gmail.com







સોશિયલ મીડિયા જ હવે ચૂંટણીમાં ' જોખમ ' ઊભું કરી શકે છે

‘ખામોશ’ આસંસોલમાં શત્રુઘ્ન સિંહા સામે ભાજપે જાહેર કરેલા ઉમેદવારના ’પારોઠ’ના પગલાં





બમ.. બમ.. ભોલેના નાદ સાથે કાલથી શિવરાત્રિ મેળાનો શુભારંભ



શાર્દુલની લડાયક સદીથી મુંબઈએ પ્રથમ ઈનિંગમાં મક્કમ લીડ મેળવી

# સૌરાષ્ટ્રની ચાર બેઠકો માટે ભાજપ ગુરૂવારે ઉમેદવારો જાહેર કરશે

## ગુજરાતની બાકી રહેલી ૧૧ બેઠકો માટે મૂરતિયા જાહેર કરાશેઃ ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને અમરેલીમાં સિટીંગ સાંસદોની ટિકિટ પર પુરેપુરૂં જોખમ

### આ ૧૫ બેઠકો માટે ભાજપે જાહેર કર્યા ઉમેદવારો

| બેઠકનું નામ | ઉમેદવારનું નામ |
|---|---|
| ગાંધીનગર | અમિત શાહ |
| કચ્છ | વિનોદ ચાવડા |
| બનાસકાંઠા | ડો.રેખાબેન ચૌધરી |
| પાટણ | ભરતસિંહ ડાભી |
| અમદાવાદ પશ્ચિમ | દિનેશભાઈ મકવાણા |
| રાજકોટ | પુરૂષોત્તમ રૂપાલા |
| પોરબંદર | ડો.મનસુખ માંડવિયા |
| જામનગર | પૂનમ માડમ |
| આણંદ | મિતેશ પટેલ |
| ખેડા | દેવુસિંહ ચૌહાણ |
| પંચમહાલ | રાજપાલસિંહ જાદવ |
| નવસારી | સી.આર.પાટીલ |
| દાહોદ | જસવંતસિંહ ભાભોર |
| ભરૂચ | મનસુખ વસાવા |
| બારડોલી | પ્રભુભાઈ વસાવા |

**અબતક, રાજકોટ**

સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ગત શનીવારે ૧૯૫ લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છની ચાર સહિત ગુજરાતની ૧૫ બેઠકો માટે ઉમેદવારોના નામો જાહેર કરી દેવામાં આવ્યા છે. દરમિયાન આગામી બુધવારે ભાજપની રાષ્ટ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળશે. ગુરૂવારે ભાજપ દ્વારા વધુ ૨૦૦ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે. જેમાં સૌરાષ્ટ્રની ચાર બેઠકો સહિત ગુજરાતની બાકી રહેલી તમામ ૧૧ બેઠકો માટે મૂરતીયાઓના નામ જાહેર કરી દેવામાં આવશે.

ભાજપ દ્વારા ગત શનિવારે ગુજરાતની ૧૫ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. જેમાં ૧૦ બેઠકો પર સિટીંગ સાંસદોને રિપીટ કરવામાં આવ્યા હતા. જ્યારે રાજકોટ, પોરબંદર,



બનાસકાંઠા, પંચમહાલ અને અમદાવાદ પશ્ચિમ બેઠકો પર સિટીંગ સાંસદોની ટિકિટ કાંપી નાંખવામાં આવી છે. ગાંધીનગર બેઠક પરથી અમિત શાહ, કચ્છ બેઠક પરથી વિનોદ ચાવડા, બનાસકાંઠા બેઠક પરથી ડો.રેખાબેન ચૌધરી, પાટણ બેઠક પરથી ભરતસિંહ ડાભી, અમદાવાદ પશ્ચિમ બેઠક પરથી દિનેશભાઈ મકવાણા, રાજકોટ બેઠક પરથી પરસોત્તમભાઈ રૂપાલા, પોરબંદર બેઠક પરથી ડો.મનસુખભાઈ માંડવિયા, જામનગર બેઠક પરથી

(અનુ. આઠમા પાને)

**આ ૧૧ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવાના બાકી છે**

* સુરેન્દ્રનગર
* જૂનાગઢ
* અમરેલી
* ભાવનગર
* અમદાવાદ પૂર્વ
* મહેસાણા
* સાબરકાંઠા
* વડોદરા
* સુરત
* છોટા ઉદેપુર
* વલસાડ

## કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર કેસરિયા કરવાના મૂડમાં !!

### રાજુલાના આહીર અગ્રણી ગમે ત્યારે ભાજપનો ખેસ ધારણ કરી લેશે

રાજુલા વિધાનસભા બેઠકના પૂર્વ કોંગી ધારાસભ્ય અને આહીર સમાજના અગ્રણી અંબરીશભાઈ ડેર ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરવા તલપાપડ થઈ રહ્યા છે. આગામી દિવસોમાં તેઓ ગમે ત્યારે પંજાનો સાથ છોડી ભાજપનો ખેસ પહેરી લેશે. લોકસભાની આગામી ચૂંટણી પહેલા સૌરાષ્ટ્રમાં કોંગ્રેસને વધુ એક મરણતોલ ફટકો પડી શકે છે. એક ચર્ચા એવી પણ ચાલી રહી છે કે રાજુલાના વર્તમાન ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને ભાજપ લોકસભાની આગામી ચૂંટણીમાં ભાવનગર બેઠક પરથી ભારતીબેન શિયાળના સ્થાને લડાવવા માંગે છે. તેઓ વિજેતા બનશે તો રાજુલા વિધાનસભા બેઠકની પેટાચૂંટણી યોજાશે. જેમાં અંબરીશ ડેરને ટિકિટ આપવામાં આવશે. આગામી દિવસોમાં ગમે ત્યારે અંબરીશભાઈ ડેર ભાજપમાં જોડાઈ જશે તેવી ચર્ચાઓ ચાલી છે. વિરોધ પક્ષને પ્રચાર-પ્રસાર માટે પણ આગેવાનો કે કાર્યકરો ન મળે તેવું વાતાવરણ ભાજપ દ્વારા હાલ ઉભું કરવામાં આવી રહ્યું છે.



# મોદીની ગેરેંટીઃ નવી સરકારના પ્રથમ ૧૦૦ દિવસનો એક્શન પ્લાન રજૂ

## ચૂંટણી પહેલા વડાપ્રધાને નવી સરકારનો ૧૦૦ દિવસનો એક્શન પ્લાન બનવવા મંત્રીઓ કરી તાકીદ

## હરીફો ચૂંટણીની રણનીતિ ઘડે તે પૂર્વે મોદીએ નવી સરકારની કાર્યશૈલીનો પણ અંદાજ આપી દીધો

**અબતક, રાજકોટ**

કેન્દ્રમાં ફરી એકવાર ભાજપની સરકાર બનશે તેવી ગેરંટી મંત્રી મંડળના સભ્યોને વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા આપી દેવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે.આગામી મે માસમાં નવી કેન્દ્રમાં એનડીએની સરકાર રચાયા બાદ પ્રથમ ૧૦૦ દિવસનો એક્શન પ્લાન બનાવવા માટે પણ તાકીદ કરવામાં આવી છે

ત્રીજી ટર્મ પૂર્વે જ મોદી ગેરેન્ટી દેશભરમાં ગુંજવા લાગી છે. ભાજપ ૩૭૦ થી વધુ જ્યારે એનડીએ ૪૦૦થી વધુ બેઠકો ફતેહ કરશે.તેઓ લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ઉમેદવાર કે કાર્યકરો નહીં પરંતુ ખુદ પીએમ મોદીને વિશ્વાસ છે કે તેઓ ત્રીજી ટર્મમાં તોતિંગ બહુમતી સાથે શાસન ધુરા સંભાળશે.

સામાન્ય રીતે વડાપ્રધાન ક્યારે સંસદમાં નવી સરકાર અંગે કોઈ ભવિષ્ય વાણી કરતા હોતા નથી પરંતુ જે રીતે અયોધ્યામાં રામ



મંદિરના નિર્માણ અને કેન્દ્રની વર્તમાન સરકારે આપેલા એક-એક વચનોનું પાલન થઈ રહ્યુ હોય મોદી ગેરેન્ટીની ગુંજ દેશભરમાં ગુંજી રહી હોય વડાપ્રધાને અંતિમ સત્રમાં એવું નિવેદન આપ્યું હતું કે ત્રીજી ટર્મમાં કેટલાક મહત્વપૂર્ણ અને આકરા નિર્ણય લેવામાં આવશે.મંત્રી મંડળ સાથેની ગઈકાલની બેઠકમાં પણ મંત્રીઓને નવી સરકાર રચાયા બાદ પ્રથમ ૧૦૦ દિવસના કામોનો એક્શન પ્લાન તૈયાર કરવા માટે તાકીદ કરવામાં આવી છે.આ વાત પ્રસ્થાપિત કરે છે કે જીત માટે વડાપ્રધાન કેટલા આત્મવિશ્વાસ ધરાવે છે.

લોકસભાની આગામી ચૂંટણી પહેલાં કેન્દ્રીય મંત્રી પરિષદની છેલ્લી ઔપચારિક બેઠકમાં વડ પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ’વિકસિત ભારત ૨૦૪૭’ માટેના વિઝન દસ્તાવેજ પર એક મંથન સત્રની અધ્યક્ષતા કરી હતી.

આ યોજના નાગરિકોને સશક્તિકરણ અને ટકાઉ અર્થતંત્ર બનાવવા પર આધારિત છે. ૨૫-વર્ષીય યોજના ભારતની એક વિકસિત રાષ્ટ્ર તરીકે પરિકલ્પના કરે છે જે વિશ્વને ટેકનોલોજી અને નવીનતાના સંદર્ભમાં નેતૃત્વ પ્રદાન કરે છે. (અનુ. આઠમા પાને)

# વાહ વિકાસઃ છેલ્લા દશકામાં ભણતર કરતા પાન, તંબાકુ પાછળ વધુ ખર્ચાયા

## શહેરી વિસ્તારોમાં શિક્ષણ પાછળ થતા ખર્ચનું પ્રમાણ ઘટ્યું ૧.૧૨ ટકા ઘટયું



**અબતક, નવીદિલ્હી**

પાછલા ૧૦ વર્ષમાં પાન, તમાકુ અને અન્ય નશીલા પદાર્થોનો વપરાશ વધ્યો છે અને લોકો તેમની આવકનો મોટો હિસ્સો આવા કેફી પદાર્થ પર ખર્ચી રહ્યા છે. એક સર્વેમાં આ વાત સામે આવી છે. ગયા અઠવાડિયે બહાર પાડવામાં આવેલ ઘરગથ્થુ વપરાશ ખર્ચ સર્વે ૨૦૨૨-૨૩માં બહાર આવ્યું છે કે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કુલ ઘરના ખર્ચના હિસ્સા તરીકે પાન, તમાકુ અને નશા પરનો ખર્ચ વધ્યો છે.

ડેટા દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં આ વસ્તુઓ પરનો ખર્ચ ૨૦૧૧-૧૨માં ૩.૨૧ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૩.૭૯ ટકા થયો છે. તેવી જ રીતે, શહેરી વિસ્તારોમાં આનો ખર્ચ ૨૦૧૧-૧૨માં ૧.૬૧ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૨.૪૩ ટકા થયો હતો. શહેરી વિસ્તારોમાં શિક્ષણ પાછળ થતા ખર્ચનું પ્રમાણ ઘટ્યું તે આશ્ચર્યજનક છે.

જો આપણે શહેરી વિસ્તારોની વાત કરીએ તો શિક્ષણ પરનો ખર્ચ ૨૦૧૧-૧૨માં ૬.૯૦ ટકાથી ઘટીને ૨૦૨૨-૨૩માં ૫.૭૮ ટકા થયો છે. તે જ સમયે, ગ્રામીણ વિસ્તારોમાં આ ગુણોત્તર ૨૦૧૧-૧૨માં ૩.૪૯ ટકાથી ઘટીને ૨૦૨૨-૨૩માં ૩.૩૦ ટકા થયો છે. આ સર્વેક્ષણ ઓગસ્ટ ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨૩ દરમિયાન ઘરેલુ વપરાશ ખર્ચ સર્વે (ઈઈઊજ) હેઠળ આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (ગજજઘ) દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.


સર્વેમાં એ પણ જાણવા મળ્યું છે કે શહેરી વિસ્તારોમાં પીણાં અને પ્રોસેસ્ડ ફૂડ પરનો ખર્ચ ૨૦૧૧-૧૨માં ૮.૯૮ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૧૦.૬૪ ટકા થયો છે. જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તે

(અનુ. આઠમા પાને)

ચીપ ‘ચીપ’ નથી..

# સાઉથ કોરિયા, ચાઈના, તાઈવાનને ચીપમાં પાછળ રાખશે ગુજરાત

### ભારત આગામી પાંચ વર્ષમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે વિશ્વમાં સૌથી મોટો હિસ્સો ધરાવશે



**અબતક, નવીદિલ્હી**

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત આગામી પાંચ વર્ષમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગના ઊંચા હિસ્સા સાથે વૈશ્વિક પ્લેટફોર્મમાં જોડાશે. તેમણે કહ્યું કે અનન્ય ડિઝાઈન ક્ષમતાઓ સાથે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ માટે યુએસ ડોલર ૧૦ બિલિયન પ્રોત્સાહનનો સમાવેશ ઉત્પાદકોને મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સ (ફેબ્સ) અને માઈક્રોચિપ્સ માટેના એકમો સ્થાપવા આકર્ષવા માટે કરવામાં આવ્યો છે. આ પગલાથી પ્રદેશમાં તાઈવાન, દક્ષિણ કોરિયા અને ચીનનું વર્ચસ્વ ઘટશે.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત પાસે સારી રીતે ઘડવામાં આવેલી નીતિઓ છે જે ઉત્પાદકોને નવા સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા અને સેક્ટરમાં રોકાણ કરવા આકર્ષે છે. સેમિકન્ડક્ટર ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો આવશ્યક ભાગ છે અને તેનો ઉપયોગ ઓટોમોબાઈલથી લઈને કમ્પ્યુટર, મોબાઈલ ફોન અને વોશિંગ મશીન સુધીની દરેક વસ્તુમાં થાય છે.

ભારતમાં પહેલેથી જ રેનો-નિસાનથી લઈને હ્યુન્ડાઈ સુધીની ઓટોમોબાઈલ કંપનીઓની ફેક્ટરીઓ છે. ડેલ જેવા કોમ્પ્યુટર ઉત્પાદકો, એપલ જેવા સપ્લાયર્સ અને સેમસંગ જેવા ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદકો છે. સેમસંગ ટીવી, વોશિંગ મશીન અને રેફ્રિજરેટર્સ

(અનુ. આઠમા પાને)

# આનંદો... એક વર્ષ સુધી ફુગાવો ૩ટકાની અંદર રહેશે

## કેન્દ્ર સરકાર દેશની અર્થ વ્યવસ્થાને ઝડપભેર વિકસીત કરવા સજજ

**અબતક, નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર દેશની અર્થવ્યવસ્થાને ઝડપભેર વિકસિત કરવા અને પોતાના નિર્ધારિત લક્ષ્યાંકને સિધ્ધ કરવા માટે સતત ફુગાવવા અને અંકુશમાં રાખવા માટેના પ્રયત્નો હાથ ધરતી હોય છે એટલું જ નહીં રાજકોષીય ખાધ પણ અંકુશમાં રહે તે માટેના આયોજન હાલ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે દેશના પ્રકાર ધારાશાસ્ત્રી દ્વારા એ વાતની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે કે આગામી એક વર્ષ એટલે કે નાણાકીય વર્ષ ૨૦૨૫ સુધી દેશમાં ફુગાવવાનો દર ત્રણ ટકા આસપાસ રહેશે.

અર્થશાસ્ત્રીઓના મતે, ઈંધણ અને ખાદ્યપદાર્થો સિવાયના માલસામાન અને સેવાઓમાં ફુગાવો નજીકના ગાળામાં ૩%ની આસપાસ રહેવાની શક્યતા છે, જે નબળી ગ્રામીણ માંગ, હાઉસિંગ ફુગાવામાં મધ્યસ્થતા અને ઓછા ઈનપુટ ખર્ચના દબાણને કારણે છે.ગયા મહિને જાહેર કરાયેલા ડેટા અનુસાર, ભારતનો ફુગાવો જાન્યુઆરીમાં ઘટીને ૩.૫% ની નીચી સપાટીએ રહ્યો હતો, જે અગાઉના મહિનામાં ૩.૮% હતો. કોર ફુગાવો સળંગ બીજા મહિને ૪% ની નીચે રહ્યો, એકંદર ગ્રાહક ફુગાવો આંક ઘટીને ૫.૧% થયો. અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળા સુધી કોર ફુગાવો ૩%ની આસપાસ રહેવાની અને તે પછી વધવાનું શરૂ થવાની સંભાવના છે.

આઈ. ડી.એફ.સી ફર્સ્ટ બેંકના અર્થશાસ્ત્રી ગૌરા સેનગુપ્તાએ જણાવ્યું હતું કે, ‘‘સહાયક બેઝ-ઈફેક્ટને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં કોર કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ ફુગાવો ૩.૩% ની નીચે હળવો થવાની ધારણા છે અને પછી ધીમે ધીમે વધશે. ઈનપુટ ખર્ચના દબાણને હળવું કરવાથી કંપનીના નફાને ઓછો ટેકો મળે તેવી અપેક્ષા છે, તેથી અમે નાણાકીય વર્ષ ૨૦૨૫માં કોર ફુગાવામાં મોસમી હિલચાલ સાધારણ રહેવાની અપેક્ષા રાખીએ છીએ. ગયા અઠવાડિયે જારી કરાયેલ ઉત્પાદન પ્રવૃત્તિના ડેટા દર્શાવે છે કે ઈનપુટ ફુગાવો ૪૩ મહિનામાં સૌથી નીચા સ્તરે આવી ગયો છે, માત્ર ૮% ખાનગી સર્વેક્ષણ પેનલના સભ્યો ગ્રાહકોને ખર્ચ પસાર કરે છે.



ઈનપુટ પ્રાઈસ પ્રેશર અને કિંમતોને અંકુશમાં રાખવા માટે વધુ સ્પર્ધા ઉપરાંત, નબળી ગ્રામીણ માંગ મુખ્ય ફુગાવાને નિયંત્રણમાં રાખવાની અપેક્ષા છે. કોર ફુગાવામાં ઘટાડો આરબીઆઈની કડક નાણાકીય નીતિની અસર દર્શાવે છે. ગ્રામીણ વિસ્તારોમાં ઘટાડો વધુ તીવ્ર બન્યો છે, જ્યાં જાન્યુઆરી ૨૦૨૪માં તે ૩.૬% હતો, જે ગ્રામીણ તકલીફનું પણ ઉદાહરણ છે. નબળી ગ્રામીણ માંગનો અર્થ એ થઈ શકે છે કે કોર સીપીઆઈ ૩% આસપાસ રહેશે. કેટલાક નિષ્ણાતોએ એવા સમયે કોર ફુગાવામાં ઘટાડા વિશે પણ ચેતવણી આપી છે જ્યારે અર્થતંત્ર

(અનુ. આઠમા પાને)

# મિસાઈલ અને હથિયાર ભરેલા પાકિસ્તાનના જહાજને મુંબઈના ન્હાવા શેવા પોર્ટ ઉપર સીઝ કરાયું

## કસ્ટમ અધિકારીઓએ સામાનની તપાસ કરી ’તિઃ સીઝ કરાયેલા મશીન મિસાઈલ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે તેવી શક્યતા

**અબતક, મુંબઈ**

ભારતીય સુરક્ષા દળોએ ચીનથી મુંબઈના ન્હાવા શેવા પોર્ટ પર પહોંચેલા જહાજને અટકાવ્યું હતું. એવી આશંકા છે કે જહાજમાં રહેલી સામગ્રીનો ઉપયોગ પાકિસ્તાનમાં મિસાઈલ બનાવવા માટે કરવામાં આવશે. જાસૂસોએ જહાજ વિશે કસ્ટમ અધિકારીઓને સૂચના આપી હતી. સીએમએ-સીજીએમ જહાજ ચીનથી પાકિસ્તાન જઈ રહ્યું હતું.

જહાજને અટકાવ્યા પછી, ભારતીય કસ્ટમ અધિકારીઓએ તેના પર લોડ થયેલા સામાનની



તપાસ કરી હતી. જહાજમાં કમ્પ્યુટર ન્યુમેરિકલ કંટ્રોલ મશીનો હતા. ડીઆરડીઓની ટીમ દ્વારા બોર્ડ પરના સામાનનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું છે. એવી આશંકા છે કે આ મશીનનો ઉપયોગ પાકિસ્તાન મિસાઈલ બનાવવા માટે

(અનુ. આઠમા પાને)

## વિશ્વ સ્થૂળતા દિવસ

# વિશ્વમાં ૨૭૦ કરોડથી વધુ લોકો મેદસ્વીતાથી પીડાય છે

### ૧૯૪૮માં રોગોના છઠ્ઠા આંતરરાષ્ટ્રીય વર્ગીકરણમાં સ્થૂળતા ઉમેરવામાં આવી હોવા છતાં આજે સાત દાયકા પછી પણ વર્ગીકરણ સંપૂર્ણપણે સ્વીકારાયું નથી, જે સામાન્ય લોકોની ગેરસમજણને દર્શાવે છે

આજે વિશ્વ મેદસ્વીતા દિવસ છે. ગત વર્ષ લગભગ ૪૩ ટકા પુખ્તવયના લોકોનું વજન વધારે હતુ. આજે વિશ્વમાં દર આઠમાંથી એક વ્યકિત હવે સ્થૂળતા સાથે જીવે છેઃ ૨૦૨૨માં ઓછા વજન અને સ્થૂળતાના સૌથી વધુ સંયુકતોદરો ધરાવતા દેશો પેસિફિક અને કેરેબીયન અને મધ્ય પૂર્ણ અને ઉત્તર આફ્રિકાના ટાપુ હતા આજે બેઠાડુ જીવન સાથે બદલાયેલી જીવન શૈલી અને ખાન-પાનને કારણે આજે આ રોગે વિશ્વભરમાં કટોકટી ઉભી કરી છે. ૧૯૪૮માં રોગોના છઠ્ઠા આંતરરાષ્ટ્રીય વર્ગીકરણમાં સ્થૂળતા ઉમેરવામાં આવી હતી પણ આજે સાત દાયકા પછી પણ આ વર્ગીકરણ સંપૂર્ણ પણે સ્વીકારાયું નથી. જે સામાન્ય લોકોની ગેરસમજ છે. આજે વિશ્વમાં ૨૭૦ કરોડ લોકો વધુ વજન વાળા કે મેદસ્વીની સમસ્યાથી પીડીત છે.

**પૃથ્વી પર વસતી આઠમાંથી ઓછામાં ઓછી એક વ્યકિત સ્થૂળતા સાથે જીવે છેઃ ગત વર્ષનાં આંકડા મુજબ આ રોગ સાથે જીવતા એક અબજ લોકો છેઃ આ એક જટિલ દીર્ઘકાલીન રોગ, જે એક કટોકટી બની છેઃ સ્થૂળતા ઘણા બિનસંચારી રોગો માટે જોખમ વધારે છે**

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

સ્થૂળતા નિવારણ અને વ્યવસ્થાપન માટે ડબલ્યુ.એસ.ઓ. નવુ માળખું ઉપલબ્ધ કરેલ છે. જે સાર્વત્રીક આરોગ્ય કવરેજ સાથે તમામવય જુથો માટે સ્થૂળતા નિવારણની સેવાઓને માર્ગદર્શીત કરે છે. સ્થૂળતાનો વૈશ્વિક બોજ એક મુખ્ય જાહેર આરોગ્ય પડકાર છે, જે સમગ્ર વિશ્વમાં સામાજીક અને આર્થિક વિકાસને નબળા પાડે છે. આ માળખુ પોષણ અને માદ્ય સુરક્ષા વિભાગ દ્વારા સંકલીત આરોગ્ય સેવા, ટ્રીટમેન્ટ સાથે બિનસંચારી રોગોમાં સહાયભૂત થાય છે. ગત વર્ષે વિશ્વમાં ૮માંથી એક વ્યકિત સ્થૂળતા સાથે જીવી રહ્યો હતો. ૧૯૯૦ પછી સતત બમણાથી વધુ ઝડપે આ સમસ્યા વકરતા હવે તો નાના બાળકો કિશોરોમાં પણ ચારગણી થઈ ગઈ છે. ગત વર્ષે ૫ વર્ષથી ઓછી વયના પોણા ચાર કરોડ બાળકોનું વજન વધારે હતુ,.

સ્થુળતા કે મેદસ્વીતા એ અતિશય ચરબીનાં વધારાના કારણે થતો દિર્ઘકાલીન રોગ છે. વધુ વજન અને સ્થૂળતાનું નિદાન લોકોના વજન અને ઉંચાઈને માપીને અને બોડીમાસ ઈન્ડેકસ બી.એમ.આઈ.ની વજન ઉંચાઈની ગણતરી કરીને કરવામાં આવે છે. આ પધ્ધતિ ચરબીનું સરોગેટ માર્કેટ છે. વધારે વજન તેના ૨૫ કરતા વધારે કે બરાબર ગણી શકાય, જયારે સ્થૂળતા 30 કરતા વધારે કે બરોબર ગણી શકાય. ગત વર્ષે ૧૮ વર્ષથી વધુ વયના અઢી અબજ લોકો વધુ વજન ધરાવતા હતા. જેમાં ૯ કરોડ



પુખ્તવયના સાથે ૪૩ ટકામાં પુરૂષો અને સ્રીઓનો સમાવેશ થયોહતો.

આ રોગની મુખ્ય સમસ્યામાં ઉર્જાના સોવન (ખોરાક) અને ઉર્જાના ખર્ચ શારિક પ્રવૃત્તિના અસંતુલનને કારણે પરિણામે છે. આગામી ૨૦30માંઆ સમસ્યાનું વિકરાળ સ્વરૂપ આપણી સામે આવવાનું છે. જો એ પહેલા આપણે ચેતી જઈએજ સલામતી છે. સૌથી વધુ સમસ્યા નીચી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં સ્થૂળતાના દરમાં વધારો છે. સમસ્યાનું વૈશ્વિકીકરણ કરી રહ્યું છે. જે એક સમયે માત્ર ઉચ્ચ આવક વાળા દેશો સાથે જ સંકળાયેલી હતી.

કોરોના આવ્યા બાદ છેલ્લા એક વર્ષમાં એક ગાળામાં મેદસ્વિતાના કેસોમાં બે ટકાનો વધારો જોવા મળેલ હતો. જેના કારણોમાં લોકડાઉનમાં તેની ફિઝીકલ એકિટવીટી ઓછી થઈ હતી. તો સામે આખો દિવસ ટીવી મોબાઈલ સામે રહેવાથી બાળકો મેદસ્વી થઈ ગયા હતા. હાઈકોલેસ્ટ્રોલ વાળા જંકફુડ પણ આ સમસ્યાનું મુખ કારણ ગણાય છે. લેન્સેટજર્નલની ૨૦૧૭૮ની સ્ટડીમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં ૫૦ ટકા મેદસ્વી બાળકો માત્ર એશિયાના છે.

બાળકોનાં આજના યુગના ખાન-પાનને કારણે તેમના આંતરડામાં ફેટ વધારે હોય છે. તો, બાળકોનાં હૃદય પર પ્રેશર પડે છે,જેને કારણે બાળકોમાં હાર્ટ એટેકનું જોખમ રહે છે. આ ઉપરાંત તેની વિપરીત અસરોમાં ડાયાબીટીસ થવાથી મગજ, કિડની, હાડકા અને લિવરની બીમારી થઈ શકે છે. વૈજ્ઞાનિક તારણ મુજબ આ સમસ્યાની કોઈતાત્કાલીક સારવાર થઈ શકતી નથી, અને તે એક પબ્લીક હેલ્થ ક્રાઈસીસ હોવાથી તેની વૈશ્વિક ચર્ચા થવી જરૂરી પ્રવર્તમાન સ્થિતિ જોવા બાળકોની મેદસ્વિતા એક મહામારી બની શકે છે.

વધુ પડતી મેદપેશી તથા આદર્શ વજન કરતાં ૨૦ ટકા વધુ વજનને કારણે ચયાપચયીની ક્રિયામાં વિષમતા ઉભી કરતું હોવાથી તેને જાડાપણું કે સ્થૂળતા પણ કહે છે. પેટ અને પડખાંમાં મેદનો ભરાવો, જાંઘ અને બેઠક વિસ્તારના મેદના ભરાવા કરતા વધુ નુકશાન કારણ છે. આજનો દિવસ વૈશ્વિક ક્રિયાઓને એકીકૃત કરવાનો દિવસ છે. આ વર્ષથી થીમ આધારીત વાર્તાલાપ કરીને સમુહ શકિતનો લાભ લેવો જોઈએ આજે વિશ્વમકાં યુનીસેફ, વિશ્વ આરોગ્ય સંસ્થા તથા વર્લ્ડ ઓબેસિટી ફેડરેશન વૈશ્વિકસ્તરે બાગડોર સંભાળી રહ્યા છે.

વાસ્તવિક દુનિયામાં લાગુ ઉકેલોને પ્રોત્સાહન આપીને વધતી જતી વૈશ્વિક સ્થૂળતા કટોકટક્ષનો સામનો કરવા ૨૦૨૦થી આ દિવસ ઉજવાય છે. જેનો મુખ્ય લોકોમાં જાગૃતિ સાથે આરોગ્યની સમજ કેળવવાનો છે. આ ઉજવણથી લોકોમાં વધુ વજન અને તેનાથી થતી ગૂંચવણોની જાગૃતિ વધે છે. આ દિવસની સ્થાપના ૧૧ મી ઓકટોબર ૨૦૧૫માં કરવામાં આવી હતી, અને ૨૦૧૯માં આજ તારીખે પ્રથમ દિવસ ઉજવણી કર્યા બાદ ૨૦૨૦થી આજના દિવસે ઉજવણી થાય છે.સ્થળતા અટકાવવા માટેની ટીપ્સ ફળો, શાકભાજી, તંદુરસ્ત ચરબી અને પ્રોટીનથી ભરપૂર ખોરાક લેવો.બિન આરોગ્યપ્રદ પીણા મર્યાદિત કરવા.બેઠાડું જીવન શૈલી, ટીવી સમય અને અન્ય બેસવાનો સમય મર્યાદિત કરવોબટાકા, મીઠાઈઓ, માંસ જેવા બિન આરોગ્યપ્રદ ખોરાકને મર્યાદિત કરવા.

## સ્વસ્થ રહેવા માટેની ટીપ્સ

સ્વસ્થ રહેવા માટે સરી ટેવો અને જીવન શૈલી પસંદ કરો.
સંતુલિત આહાર, હાઈડ્રેટેડ રહેવું
નિયમિત કસરતને પૂરતી ઉંઘ કરો
તંદુરસ્ત વજન જાળવવું.
દારૂને મર્યાદીત કરો અને ધ્રુમપાન ટાળો
સારી સ્વચ્છતાનો અભ્યાસ કરવો અને બોડી માસ ઈન્ડેકસ જાળવી રાખવો.

## વિશ્વમાં ૨૦૩૫માં દર ચાર વ્યકિત પૈકી એક સ્થૂળતાનો શિકાર?


મેદસ્વીતાની ભયંકર બીમારી આગામી વર્ષોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરશે. આજના નાના બાળકોની આહાર પધ્ધતિ જંગફૂડને કારણે આગામી વર્ષોમાં ૧૦૦ ટકા વધારો જોવા મળશે ૨૦૩૫માં વિશ્વની દર ચાર વ્યકિત પૈકી એક સ્થૂળતાનો શિકાર હશે. આ રોગ સામે બાળકોને બચાવવા સૌથી જરૂરી હોવાથી મા-બાપે તેને પોષ્ટિક અને સંતુલીત ભોજન આપવું. જંકફૂડ અને સોફ્ટ ડ્રિન્કથી તો દૂરજ રાખવા જરૂરી છે. બાળકોને નિયમિત ફિઝિકલ એકિટવિટી વધારો કરવો સૌથી અગત્યની બાબત છે. બાળકોને સમયસર સુવા અને ઉઠવા માટે પ્રેરિત કરો. અનાવશ્યક વસ્તુ અને ટેકનોલોજીથી દૂર રાખો.


# વોર્ડ નં.૧૪માં કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી પેવિંગ બ્લોક નાખવાના કામનો આરંભ

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે કરાયું ખાતમુહૂર્ત

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૪માં મિલપરા શેરી નં.૧૩માં રૂ.૧.૯૯ લાખના ખર્ચે પેવિંગ બ્લોક નાખવાનું કામ, ગાયત્રીનગર શેરી નં.૧૧માં રૂ.૦.૯૭ લાખના ખર્ચે પેવિંગ બ્લોક નાખવાનું કામ, એમ મળી કુલ રૂ.૨.૯૬ લાખના ખર્ચે પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.





આ તકે કોર્પોરેટર નીલેશભાઈ જલુ, વોર્ડ નં.૧૪ના પ્રમુખ મહેશભાઈ મિયાત્રા, મહામંત્રી માનસુરભાઈ વાળા, કેયુરભાઈ મશરૂ, અગ્રણી રમેશભાઈ કીયાડા, નીતિનભાઈ પાટડીયા, કિરીટભાઈ ચૌહાણ, ભનુભાઈ પટેલ, કનુભાઈ વાઘેલા, સમીરભાઈ મહેતા, રાજુભાઈ ચૌહાણ, વિપુલભાઈ માખેલા, નરેન્દ્રભાઈ મકવાણા, નીલેશભાઈ પાટડીયા, હસુભાઈ ડાભી, મુકેશભાઈ મહેતા, અરવિંદભાઈ તલસાણીયા, મુકેશભાઈ ચાવડા, રાજુભાઈ બુધ્ધદેવ, કશ્યપભાઈ ભટ્ટ, સાવનભાઈ લોખિલ, ચિંતનભાઈ ડોડીયા, સ્નેહભાઈ સોની, વૈશાલીબેન મહેતા, ધર્મિષ્ઠાબેન વાઘેલા, દિપાલીબેન વોરા, હીનાબેન પટેલ, અરૂણાબેન મગવાડીયા, અવનીબેન બગડાઈ તેમજ સ્થાનિક હર્ષાબેન શેઠ, આરતીબેન, હંસાબેન, કુંવરબેન, વર્ષાબેન, સોનલબેન, પૂનમબેન, દિવ્યાબેન, જોસનાબેન, લીનાબેન, ભારતીબેન, જીવણભાઈ, વાઘજીભાઈ ઉપસ્થિત રહ્યા હતા. મિલપરા શેરી નં.૧૩માં અને ગાયત્રીનગર શેરી નં.૧૧માં આ કામ થવાથી તેની આસપાસના વિસ્તારના ૧૧૦૦ નાગરિકોને ફાયદો થશે.

## અબતક પંચાગ

**તા.૫-૩-૨૦૨૪ મંગળવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિઃ** ૧૯૪૫ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | મહાવદ નોમ |
| **નશ્રત્ર** | મૂળ |
| **યોગ** | સિધ્ધ **કરણઃ** વણિજ |
| **સુર્યોદય** | ૭.૦૫ **સુર્યાસ્તઃ** ૬.૫૨ |
| **ચંદ્ર રાશી** | ધન |
| **રાશિ અક્ષર** | ભ.ફ.ધ |
| **દિશાશૂળ** | ઉત્તર દિશાતરફ |
| **રાહુકાળ** | બપોરે ૩ થી ૪.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ |
| **રાત્રીનાચોઘડીયા** | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૩૬ થી ૧.૨૨ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૪-૦૩-૨૦૨૪ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ચાર ફેરાનું ચકડોર)
૦૨:૦૦ થી ૦૨:૩૦ સમાચાર
૦૨:૩૦ થી ૦૩:૩૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ રસથાળ (બિરબલ કી સબજી)
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સુશીલ કાલરીયા )
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (તુલસી સ્ટોરી )
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (હવેતો લીલા લેર છે)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ચાય પે ચર્ચા (બાયો મીડીકલ વેસ્ટ કેટલો જોખમી)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૫-૦૩-૨૦૨૪ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૦:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૧૩ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૩૨૦ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| તરબુચ | ૧૬ | ૨૩૦ | ૪૨૦ |
| બટેટા | ૪૪૦૦ | ૧૭૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૫૩૦ | ૯૦ | ૨૮૦ |
| ટમેટા | ૧૧૬૫ | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૬૫ | ૯૫૦ | ૧૨૩૦ |
| કોથમરી | ૨૪૩ | ૧૫૦ | ૩૦૦ |
| સકરીયા | ૯૦ | ૨૫૦ | ૪૫૦ |
| મુળા | ૧૭૫ | ૧૫૦ | ૩૨૦ |
| રીંગણા | ૪૧૫ | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૪૪૦ | ૧૬૦ | ૨૨૦ |
| ફલાવર | ૪૩૭ | ૨૫૦ | ૪૫૦ |
| ભીંડો | ૨૯૦ | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૮૦ | ૯૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૨૫ | ૭૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૨૧૦ | ૨૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૧૭૪ | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૪૧૫ | ૨૦૦ | ૩૮૦ |
| કારેલા | ૨૫૦ | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૨૮ | ૪૫૦ | ૭૫૦ |
| તુરીયા | ૩૨૦ | ૬૦૦ | ૯૦૦ |
| પરવર | ૧૪૩ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૨૫૩ | ૨૫૦ | ૫૦૦ |
| ગાજર | ૫૭૫ | ૧૬૦ | ૩૩૦ |
| વટાણા | ૨૧૦ | ૬૫૦ | ૮૭૦ |
| તુવેરસીંગ | ૧૭૦ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૩૪ | ૪૫૦ | ૬૮૦ |
| બીટ | ૧૪૫ | ૨૨૦ | ૩૧૦ |
| મેથી | ૩૧૦ | ૧૫૦ | ૨૫૦ |
| વાલ | ૧૨૪ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૫ | ૧૫૦ | ૩૫૦ |
| આદુ | ૩૦૭ | ૧૪૫૦ | ૧૮૩૦ |
| ચણા લીલા | ૨૬૪ | ૧૮૦ | ૩૨૦ |
| મરચા લીલા | ૩૧૩ | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૩૯ | ૫૫૦ | ૯૫૦ |
| લસણ લીલું | ૨૩૨ | ૧૫૦૦ | ૨૧૫૦ |
| મકાઈ લીલી | ૩૪૦ | ૧૮૦ | ૩૪૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૦૦૦ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૬૫૦ | ૪૭૮ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૩૪૫૦ | ૪૯૬ | ૫૯૫ |
| જુવાર સફેદ | ૧૯૦ | ૭૮૦ | ૮૭૧ |
| બાજરી | ૧૪ | ૩૮૦ | ૪૧૫ |
| તુવેર | ૪૫૦ | ૧૬૭૫ | ૨૦૫૦ |
| ચણા પીળા | ૦ | ૯૫૦ | ૧૧૪૯ |
| ચણા સફેદ | ૦ | ૧૬૦૦ | ૨૩૬૦ |
| અડદ | ૫૫ | ૧૩૭૫ | ૧૭૪૦ |
| મગ | ૫૦ | ૧૪૦૦ | ૧૬૮૧ |
| વાલ દેશી | ૭૦ | ૯૦૦ | ૧૭૪૭ |
| મઠ | ૧૦ | ૯૫૬ | ૧૨૪૦ |
| વટાણા | ૧૬૦ | ૯૧૦ | ૧૩૬૦ |
| સીંગદાણા | ૨૫ | ૧૫૭૫ | ૧૭૦૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૦૦ | ૧૨૯૫ |
| મગફળી જીણી | ૫૦૦ | ૧૦૪૦ | ૧૨૬૫ |
| તલી | ૩૫૦ | ૨૪૨૫ | ૨૭૫૦ |
| એરંડા | ૧૮૦ | ૧૧૦૦ | ૧૧૩૫ |
| અજમો | ૨ | ૩૫૭૪ | ૩૫૭૪ |
| સોયાબીન | ૧૨૫ | ૮૫૦ | ૮૭૪ |
| સીંગફાડા | ૪૫૦ | ૧૧૭૦ | ૧૫૫૦ |
| કાળા તલ | ૫૦ | ૨૮૦૦ | ૩૦૦૦ |
| લસણ | ૮૫૦ | ૧૫૦૦ | ૨૭૦૦ |
| ધાણા | ૧૯૦૦ | ૧૧૬૦ | ૧૮૪૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૧૨૦૦ | ૩૬૦૦ |
| ધાણી | ૧૭૦૦ | ૧૨૮૦ | ૨૨૬૦ |
| વરીયાળી | ૮ | ૧૫૯૯ | ૨૨૫૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૨૦૦ | ૫૧૦૦ |
| રાય | ૨૫૦ | ૧૧૧૦ | ૧૨૯૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૧૫૦ | ૧૪૯૪ |
| અશેરીયો | ૧૨ | ૧૯૦૦ | ૨૦૫૦ |
| કલોંજી | ૩ | ૨૮૦૦ | ૩૪૫૦ |
| રાયડો | ૫૦૦ | ૮૫૦ | ૯૪૦ |
| ગુવારનું બી | ૩૦ | ૯૬૦ | ૯૬૦ |

## સૂડોકુ -૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | | ૨ | ૬ | ૮ | ૩ |
| | ૮ | ૨ | | | ૬ | ૯ | | |
| | ૧ | | | | | ૫ | | ૨ |
| ૭ | | | | | | | | |
| ૨ | ૬ | ૮ | | ૯ | ૪ | | | |
| | | | ૬ | | | | | |
| ૪ | | ૯ | ૮ | ૧ | | ૭ | ૩ | ૬ |
| | | | | | | ૮ | ૨ | ૯ |
| | | | ૭ | ૨ | ૯ | | ૫ | ૧ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૮ | ૫ | ૯ | ૭ | ૪ | ૨ | ૬ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૪ | ૮ | ૭ | ૫ | ૩ |
| ૪ | ૫ | ૭ | ૩ | ૨ | ૬ | ૧ | ૮ | ૯ |
| ૧ | ૮ | ૨ | ૯ | ૭ | ૫ | ૩ | ૬ | ૪ |
| ૫ | ૬ | ૩ | ૨ | ૧ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૩ | ૨ | ૧ | ૫ |
| ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૯ | ૫ | ૪ | ૮ |
| ૬ | ૩ | ૫ | ૪ | ૮ | ૧ | ૯ | ૭ | ૨ |
| ૮ | ૪ | ૯ | ૭ | ૫ | ૨ | ૬ | ૩ | ૧ |

## આજનું રાશિફળ

**તા. ૪.૩.૨૦૨૪ સોમવાર ,સંવંત ૨૦૮૦, મહા વદ આઠમ, જ્યેષ્ઠા નક્ષત્ર, વજ્ર યોગ, તૈતિલ કરણ આજે સાંજે ૪.૨૨ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) ત્યારબાદ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય,દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય ,શુભ દિન .

**મિથુન (ક,છ,ઘ) :** આંતરિક સંબંધોમાં સારું રહે,મતભેદ નિવારી શકો,વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક (ડ,હ):** નિયમિત જીવનપદ્ધતિ થી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પર થી શીખવું પડે.

**સિંહ (મ,ટ) :** વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ. સ્ત્રીવર્ગને પણ સારું રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** પરિવાર સાથે આનંદ માણી શકો,દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા (ર,ત) :** નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે,વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા શોખ માટે સમય ફાળવી શકો, મન થી હળવાશ અનુભવી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ):** જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર (ખ,જ) :** બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ (ગ,સ,શ ) :** મિત્રો સાથે આનંદ માણી શકો,ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ):** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ ,નોકરિયાતવર્ગ ને સારું રહે,ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

### હાઈકોર્ટ બેન્ચની વાત તો દુર રહી વકિલોના બેસવાના પણ 'ઠેકાણા' નથી!

# નવા કોર્ટ સંકુલમાં વિવિધ પ્રશ્ને વકિલો કોર્ટ કાર્યવાહીથી અળગા રહ્યા

### એક સમયે રાજકોટ બારની ગરિમા અને ગૌરવની નોંધ લેવાતીઃ અનુભવી અને સિનિયર વકિલોમાં એકતા અને એકજુટથી પ્રશ્નોનો નિકાલ ઝડપથી થશે




તસવીરઃ શૈલેષ વાડોલિયા

## લોકાર્પણમાં સક્રિયતા બતાવ્યા બાદ વકિલોના આ દાળા જોવાનો વારો આવ્યો!

### ડીજેની કમિટીએ બારની કમિટીને કામગીરી સોંપવા કર્યો ઠરાવ

શહેરના નવા કોર્ટ બિલ્ડિંગમાં ટેબલ સ્પેસનો પ્રશ્નનો ઉકેલ લાવવા ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા ત્રણ જ્યુડીસરી ઓફિસરો અને સાત સિનિયર વકીલોની કમિટી બનાવવામાં આવી હતી. જેમા ચાર સિનિયર વકીલો દ્વારા બાર ના હિતના નિર્ણય કમિટી માંથી રાજીનામાં આપી દેવામાં આવ્યા હતા. બાદ રાજકોટ બાર દ્વારા પણ પોતાની કમિટી બનાવેલી હોવાથી ત્રણ જજ તેમજ ત્રણ સિનિયર વકીલોએ ઠરાવ કરીને ડિસટીક જજને મોકલી આપેલા છે. બાર દ્વારા બનાવેલી કમિટીને કામગીરી કરવા માટે સોંપી આપવી તેવું ઠરાવેલું છે.

### સૌરાષ્ટ્રના જુદા જુદા બાર એસો.નો ટેકો

રાજકોટમાં નવનિર્મિત કોર્ટમાં વકીલોના ટેબલની જગ્યા ફાળવણી સહિતના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવતા વકીલો દ્વારા કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહી આજે દરવાજા બહાર છાવણી નાખી વિરોધ દર્શાવ્યો હતો જેમાં રાજકોટના વકીલોને અખિલ ભારતીય અધિવક્તા પરિષદ, જસદણ બાર એસોસિયેશન, જેતપુર બાર એસોસિયેશન, પડધરી બાર એસોસિએશન, ગોંડલ બાર એસોસિએશન અને મોરબી બાર એસોસિએશન સહિતની સંસ્થાઓએ ટેકો જાહેર કર્યો છે.

### બાર અને બેન્ચ વચ્ચે બેઠક યોજાવાના સંકેત

**નવી કોર્ટ બિલ્ડીંગમાં અસુવિધાને લઈને બાર અને બેન્ચ આમને સામને આવ્યા હોય તેમ વકીલોએ જજની કમિટીમાંથી રાજીનામાં ધરી દીધા હતા અને આજે વકીલોએ કોર્ટ કાર્યવાહીથી અળગા રહી વિરોધ નોંધાવ્યો હતો અને ટેબલની જગ્યા ફાળવણી સહિતના પ્રશ્નોના નિરાકરણની માંગ કરી છે. સૂત્રોના જાણવા મુજબ સાંજ સુધીમાં બાર અને બેંચ વચ્ચે બેઠક યોજાઈ તેવા સંકેત જોવા મળી રહ્યા છે અને જો બાર અને બેન્ચ વચ્ચે બેઠક યોજાશે તો સમસ્યાનું નિરાકરણ આવશે તેવું જાણવા મળ્યું છે.**

### વકિલો અને પોલીસ અધિકારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી

રાજકોટની નવી કોર્ટ બિલ્ડિંગમાં ટેબલ વ્યસસ્થા સહિતની સુવિધાઓને લઈ ચાલતા વિવાદનું કોઈ નિરાકરણ ન આવતા આજરોજ વકીલો આગાઉથી નક્કી થયા મુજબ કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહ્યા હતાં.વકીલોના આ કાર્યક્રમને લઈ સવારથી કોર્ટ પરિસરમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.દરમિયાન વકીલો અને પોલીસ અધિકારી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ આઈ.એન.રાઠોડ દ્વારા વકીલોને તમે લોકોને કોર્ટે આવતા રોકો છે તે બાબતને લઈ વાતચીત ચાલતી હતી જેમાં વકીલોએ એવું કહ્યુ હતુ કે, અમે કોઈને દબાણ કરતા નથી અમે અમારા વકીલ ભાઈઓને સમજાવી રહ્યા છીએ અને કોઈને અટકાવતા નથી.છતાં તમને લાગતું હોય તો અમારી સામે અટકાતી પગલાં લઈ શકો છો. આ વાતચિત દરમિયાન પીઆઈ રાઠોડે તમે વકીલોઅને ગર્ભિત ધમકી આપો છો તેમ કહેતા સિનિયર વકીલો વીફર્યા હતા અને કહ્યુ હતુ કે, તમે અમને ધમકી આપો છો.આ સમયે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને એક તબક્કે મામલો તંગ બની ગયો હતો.

**અબતક-રાજકોટ**

શહેરમાં જામનગર રોડ પર નવી કોર્ટ બિલ્ડિંગ બન્યા બાદ ટેબલ રાખવાના પ્રશ્ને ચાલતો વિવાદ દોઢ માસ થવા છતાં હજુ ઉકેલાયો નથી. ટેબલ રાખવાનો વિવાદ વધુ વકર્યો હોય તેમ વકીલો દ્વારા કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેવાનો જે ઠરાવ પસાર કર્યો હતો તે મુજબ આજ સવારથી કોર્ટ કાર્યવાહીના બહિષ્કાર સાથે વકીલોએ કોર્ટના ઝાંપે ધામા નાખી વિરોધ નોંધાવ્યો હતો. અને જો સાંજ સુધીમાં નિરાકરણ નહિ આવે તો લોક અદાલતના બહિષ્કારની ચીમકી સાથે આવતી કાલે આગળની રણનીતિ ઘટવાનું વકીલોએ એલાન કર્યુ છે.

નવી કોર્ટ બિલ્ડિંગમાં ટેબલની જગ્યા ફાળવણી, ઝેરોક્ષ મશીન કેન્ટીન્ટ, બોન્ડ રાઈટર સહિતના પ્રશ્નનો લોકાર્પણના દોઢ માસ બાદ પણ ઉકેલ નહિ આવતા પડતર પશ્નોના નિરાકરણ માટે રાજકોટ બાર એસોસિએશન દ્વારા જનરલ બોર્ડ બોલાવી કમિટીની નિમણૂક કરવામાં આવી હતી. બાદમાં ટેબલ રાખવાના વિવાદને ઉકેલવા માટે ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા કમિટીની રચના કરવામાં આવી હતી. જે કમિટીમાંથી ચાર ધારાશાસ્ત્રીઓએ રાજીનામા આપી દીધા હતા અને નવી કોર્ટ બિલ્ડિંગમાં અગવડતા અને અસુવિધા દૂર કરવાની માંગણીને લઈ વકીલો મક્કમ છે. આ માગણીને લઈ વકીલો દ્વારા કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેવા તથા આગામી દિવસોમાં યોજાનાર લોક અદાલતનો બહિષ્કાર કરવા સહિતના ઠરાવો રાજકોટ બાર એસોસિએશનની મિટિંગમાં પસાર થયા હતા.આ કાર્યક્રમના પગલે આજરોજ વકીલો કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેવાના હોય ગઈકાલે રાજકોટ બાર એસોસિએશનના હોદ્દેદારોએ પોલીસ બંદોબસ્તની માંગણી કરી હતી. પરંતુ યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈએ આ માંગણી સ્વીકારી ન હતી આ સંબંધેના પત્રમાં પીઆઈએ લખ્યું હતુ કે, હડતાળનો કોલ કાયદાના નિયમો અને ઉપરી અદાલતના ચુકાદાઓ સાથે સુસંગત ન હોવાથી પોલીસ રક્ષણ આપવા પાત્ર નથી. વધુમાં તેમને લખ્યું હતુ કે, કોર્ટની ન્યાયિક કાર્યવાહીમાં અડચણ થાય તેવી કોઈ કાર્યવાહી ન કરવી. આ સંદર્ભે બારના હોદ્દેદારોએ ટેકનિકલ મુદ્દો ઉઠાવી જણાવ્યું હતુ કે, બાર દ્વારા હડતાળનું એલાન અપાયું જ નથી જે પત્ર પોલીસને અપાયો છે તેમાં પણ હડતાલનો ઉલ્લેખ નથી. વકીલો માત્ર કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહે તે પ્રકારનો જ નિર્ણય લેવાયો છે. બીજી તરફ જ્યુડિશિયલ ઓફિસરે બંદોબસ્ત આપવા માટેનું કહ્યુ હોય જેના કારણે તકેદારીના ભાગરૂપે આજરોજ સવારથી કોર્ટ પરિસરમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આજરોજ સવારથી અગાઉ નક્કી થયેલા કાર્યક્રમ મુજબ વકીલોએ કોર્ટ કાર્યવાહીના બહિષ્કાર સાથે વકીલોએ કોર્ટના દરવાજા બહાર છાવણી નાખી વિરોધ નોંધાવ્યો હતો. કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેવાના કાર્યક્રમમાં બાર એસોસિએશનના હોદ્દેદારો ઉપરાંત સિનિયર અને જુનિયર વકીલો પણ જોડાયા હતા. બાર એસોસિએશન દ્વારા વકીલો માટે જમણવારની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સાંજ સુધીમાં નિરાકરણ નહિ આવે તો લોક અદાલતના બહિષ્કારની ચીમકી સાથે આવતી કાલે આગળની રણનીતિ ઘટવાનું વકીલોએ એલાન કર્યું છે.

### વિવાદ ઉકેલવા સી.જે.આઈ.ને પત્ર લખતા દિલીપ પટેલ

શહેરના નિર્માણ પામેલા ડીસ્ટ્રીકટ કોર્ટ બીલ્ડીંગના પ્લાનમા તત્કાલીન ડીસ્ટ્રીકટ જજ ગીતા ગોપી અને બાદ ઉત્કર્ષ દેસાઈ ના કાર્યકાળમાં કામગીરી કરવામાં આવી હતી. બંનેએ રાજકોટના વકીલોને બેસવા માટે જગ્યા ફાળવશે તેવું જણાવેલું હાલનાં ઉદઘાટન બાદ ડીસ્ટ્રીકટ જજ વચ્છાણી એ યુનીટ જજ શાસ્ત્રી ની હાજરીમાં બીલ્ડીંગમાં વકીલોને બેસવા જગ્યા ક્યાં ફાળવવી, બાર એસો.નો હોલ વિગેરે જગ્યા નક્કી થયેલુ જે બાર એસો.નો જનરલ બોર્ડ બોલાવવા માટે હોલ પણ આપેલ નથી અને ૩૦૦૦ વકીલો ઉભા ઉભા લોબીમાં જનરલ બોર્ડ બોલાવ્યું છે.આ પરિસ્થિતિમાં હાઈકોર્ટમાં બાર એસો.નું પ્રતિનિધિ મંડળ ચીફ જસ્ટીસને મલ્યું હતું. ચીફ જસ્ટીસે ડીસ્ટ્રીકટ જજને વકીલોને બેસવાની જગ્યા માટે નીર્ણય લેવાનું કહેલું હતુ. છતા પણ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ ધ્વારા દરેક વસ્તુમાં હાઈકોર્ટનું નામ લઈ અને કાર્યવાહી કરી રહેલ છે. બાર અને બેંચ વચ્ચે ડીસ્ટ્રીકટ જજ ની કાર્યપધ્ધતીના પરીણામે વિવાદ ઉભો થતો હોય વકીલોને યોગ્ય જગ્યા બેસવા માટે બાર એસોસીએશનને ફાળવી આપવા અમારી રજુઆત છે. બાર એસો. અને ડીસ્ટ્રીકટ જજ વચ્ચે મતભેદો દુર થાય તે માટે હાઈકોર્ટને યોગ્ય કાર્યવાહી કરવા માટે સુચના આપવા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના મેમ્બર દિલીપભાઈ પટેલે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ચંદ્રચુડ ને પત્ર લખી તાત્કાલિક પ્રશ્નનો ઉકેલ લાવવા માંગ કરી છે.



# ગોપાલ સ્નેકસનો આઈપીઓ બુધવારે ખુલશે

### ગોપાલ સ્નેકસની ત્રણ પ્રાથમિક ઉત્પાદન સુવિધાઓ રાજકોટ, મોડાસા અને મહારાષ્ટ્રના નાગપુરમાં આવેલ છેઃ ગોપાલ સ્નેકસના માલીક બીપીનભાઈ હદવાણીએ પત્રકાર પરીષદમાં આપી માહિતી

**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત ગોપાલ સ્નેક્સ લિમિટેડ (કંપની) એ તેની પ્રારંભિક પબ્લિક ઓફર માટે દરેક રૂ.૧ની મૂળ કિંમતના ઈક્વિટી શેર માટે પ્રાઈસ બેન્ડ રૂ.૩૮૧ થી રૂ.૪૦૧ પ્રતિ ઈક્વિટી શેર નિર્ધારિત કરી છે. કંપનીનું પ્રારંભિક પબ્લિક ઓફરિંગ ભરણા માટે બુધવાર, ૦૬ માર્ચ, ૨૦૨૪ના રોજ ખુલશે અને સોમવાર, ૧૧ માર્ચ, ૨૦૨૪ના રોજ બંધ થશે. રોકાણકારો ન્યૂનતમ ૩૭ ઈક્વિટી શેર અને તેથી વધુમાં ૩૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે.

ગોપાલ સ્નેકસ લિમિટેડ (કંપની) પોતાની ગોપાલ બ્રાન્ડ હેઠળ એથનિક સ્નેક્સ, વેસ્ટર્ન સ્નેક્સ તથા અન્ય પ્રોડક્ટ્સ ઓફર કરતી એક ફાસ્ટ મુવિંગ કન્ઝયુમર ગુડ્ઝ કંપની છે. તેની સ્થાપના ૧૯૯૯માં એક ભાગીદારી પેઢી તરીકે કરવામાં આવી હતી અને એ પછી ૨૦૦૯માં તેની કંપની તરીકે નોંધણી કરાઈ હતી.

કંપની પોતાની ગોપાલ બ્રાન્ડ હેઠળ સ્વાદિષ્ટ પ્રોડક્ટ્સની એક વિશાળ શ્રેણી ઓફર કરે છે અને તેમાં નમકીન તથા ગાંઠિયા જેવા એથનિક સ્નેક્સ, વેફર્સ જેવા વેસ્ટર્ન સ્નેક્સ, એક્સટ્રુડર સ્નેક્સ અને સ્નેક પેલેટ્સ તથા પાપડ, તેજાના - મસાલા, બેસન (ચણાનો લોટ), નૂડલ્સ, રસ્ક અને સોન પાપડી જેવા સેમિ-પેરિશેબલ ફાસ્ટ મુવિંગ કન્ઝયુમર ગુડ્ઝનો સમાવેશ થાય



તસવીરઃ શૈલેષ વાડોલિયા

### ગ્રે માર્કેટમાં ગોપાલ સ્નેક્સનું પ્રિમિયમ ૨૯.૯૩ ટકા

**આઈપીઓ ખૂલ્યા પહેલા કંપનીના શેર્સ ગ્રે માર્કેટમાં ૨૯.૯૩ ટકા એટલે કે રૂ.૧૨૦ પ્રતિ શેરના પ્રીમીયમ પર પહોંચી ગયા હતા. આવી સ્થિતિમાં રૂ.૪૦૧ના ઉપલા પ્રાઈસ બેન્ડ અનુસાર, તેનું લિસ્ટીંગ રૂ.૫૨૧ પર થઈ શકે છે. જો કે, આ એક અંદાજ છે. શેરની લિસ્ટીંગ કિંમત ગ્રે માર્કેટ કિંમતથી તદ્દન અલગ છે.**

છે.૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજની સ્થિતિ મુજબ કંપનીના પ્રોડક્ટ પોર્ટફોલીઓમાં ૮૪ પ્રોડક્ટ્સ અને ૨૭૬ એસકેયુઝનો સમાવેશ થતો હતો અને તે રીતે કંપની ગ્રાહકોની વિવિધ સ્વાદ તથા પસંદગી મુજબની જરૂરતો પુરી કરે છે. કંપનીએ પોતાની ઉપસ્થિતિ સમગ્ર ભારતમાં સ્થાપિત કરી છે અને તેની પ્રોડક્ટ્સ દસ રાજ્યો તથા બે કેન્દ્ર શાસિત પ્રદેશોના મળી કુલ ૫૨૩થી વધુ સ્થળોએ વેચાણો ધરાવે છે. કંપનીના વિતરણ નેટવર્કમાં ત્રણ ડેપો તથા ૬૧૭ ડિસ્ટ્રિબ્યુટર્સનો અને ૭૪૧ કર્મચારીઓની બનેલી સેલ્સ તથા માર્કેટિંગ ટીમનો સમાવેશ થાય છે.

કંપની ભારતમાં પોતાની છ ઉત્પાદન સુવિધાઓ ધરાવે છે, જેમાં તેની ત્રણ પ્રાથમિક ઉત્પાદન સુવિધાઓ રાજકોટ, મોડાસા અને મહારાષ્ટ્રના નાગપુરમાં આવેલી છે. ત્રણ આનુષાંગિક ઉત્પાદન સુવિધાઓ રાજકોટ (૧,૨) તથા મોડાસામાં આવેલી છે. ગુજરાતમાં આવેલી આનુષાંગિક ઉત્પાદન સુવિધાઓ મુખ્યત્વે બેસન અથવા તો ચણાના લોટના, રો સ્નેક પેલેટ્સના ઉત્પાદન તથા સીઝનિંગ અને સ્પાઈસીસ ઉપર ધ્યાન આપે છે અને આ તમામ વસ્તુઓનો

(અનુ. આઠમા પાને)

### સેલસ હોસ્પિટલ,અવધેશ ડેન્ટલ તથા રાજકોટ પોલીસનો મહિલાઓના સ્વાસ્થ્ય જાગૃતા માટે ઉત્તમ પ્રયાસ

# 'સાથી ૨.૦' મહિલા કાર રેલી રાજકોટના રાજમાર્ગો પર નિકળી

### બહોળી સંખ્યામાં મહીલાઓ કાર રેલીમાં જોડાયાઃ મહિલાઓની સ્વાસ્થ્ય સંભાળના બેનરો સાથે કાર રેલીમાં જમાવટ





**અબતક-રાજકોટ**

રાજકોટની પ્રચલિત સેલસ હોસ્પિટલ,અવધેશ ડેન્ટલ સ્ટુડિયો તથા શહેર પોલીસના સંયુક્ત ઉપક્રમે સાથી ૨.૦ મહિલા કાર રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.પોલીસ હેડ ક્વાર્ટર ખાતેથી અધિક્ષ પોલીસ કમિશનર વિધિ ચૌધરી,ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ,સેલેસ હોસ્પિટલના મેડિકલ ડાયરેકટર ડો.ધવલ ગોધાણી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ અવધેશ ડેન્ટલના ડો.માધવી બારાયે ફ્લેગ ઓફ આપી કાર રેલીનો પ્રારંભ કરાવ્યો હતો.સાથી મહિલા કાર રેલીમાં મહિલા પોલીસ પણ જોડાણા હતા.રાજકોટના રાજમાર્ગો પર કાર તથા ટુ વ્હીલર સાથે ભવ્ય રેલી નીકાળવામાં આવી હતી.૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે મહિલાઓના સ્વાસ્થ્ય અને આરોગ્યની જાગૃતતા ફેલાવવા કાર રેલી યોજવામાં આવી હતી.સાથી ૨.૦ મહિલા કાર રેલીને જબ્બર પ્રતિસાદ મળ્યો હતો.સ્વસ્થ સમાજનું નિર્માણ સ્વસ્થ નારીના નિવ ઉપર રહેલઈ છે.સાથી મહિલા કારેલીનો ઉદ્દેશ્ય પણ મહિલાઓની સ્વાસ્થ્ય અંગેની જાગૃતતા જનજન સુધી પહોંચાડવાનો હતો.સાથી ૨.૦ મહિલા કાર રેલી રાજકોટના રાજમાર્ગો પર નીકળી

(અનુ. આઠમા પાને)

## ખોડલધામ ટ્રસ્ટની

# ખોડલધામ એપ્લીકેશનનું નરેશભાઈ પટેલના હસ્તે લોન્ચીંગ





### ખોડલધામ એપ્લીકેશન કેન્સર હોસ્પિટલ અને રીચર્સ સેન્ટરના ભૂમિદાન યજ્ઞમાં બનરો ચાવીરૂપ

**અબતક, રાજકોટ**

પાટીદાર સમાજના વૈશ્વીક સંગમના પાયાના પથ્થરના શિલ્પી કાગવડ ખોડલધામ મા ધર્મ સંગઠન ભાવનાની સામે ટેકનોલોજીના સમન્વય ની આગવી પહેલ માટે નિમિત બનનાર ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ હરહંમેશ સાંપ્રત ટેકનોલોજીની મદદથી લોકઉપયોગી કાર્યો કરતું રહે છે. સાંપ્રત સમયમાં ટેક્નોલોજીની મદદથી ગણતરીની પળોમાં વિશ્વના ખુણે પહોંચી શકાય છે લોકો સાથે જોડાઈ શકાય છે ત્યારે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા 'ખોડલધામ' એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે.

ખોડલધામ મંદિર ખાતે ચેરમેન નરેશભાઈ પટેલના હસ્તે 'ખોડલધામ' એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી. આ પ્રસંગે તમામ ટ્રસ્ટીઓ, ભૂમિદાન કો-ઓર્ડિનેટરો, ભૂમિ સેવકો સહિતના લોકોએ હાજરી આપી હતી. 'ખોડલધામ' એપ્લિકેશનના લોન્ચિંગ બાદ આ એપ્લિકેશનના ડેવલપર દ્વારા એપ્લિકેશન કેવી રીતે કામ કરશે તે અંગેનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. આ તકે નરેશભાઈ પટેલે એપ્લિકેશન બનાવનાર ડેવલપર ટીમના સભ્યોને ખોડલધામનો ખેસ પહેરાવી સન્માનિત કર્યા હતા.

મહત્વનું છે કે, ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના અમરેલી ગામ પાસે સર્વ સમાજના લાભાર્થે વૈશ્વિકકક્ષાનીઅદ્યતન કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરનું નિર્માણ થઈ રહ્યું છે. ત્યારે આ હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરમાં નાનામાં નાનો વ્યક્તિ પણ પોતાનું આર્થિક યોગદાન આપી શકે તે માટે ભૂમિદાનની પહેલ શરૂ કરવામાં આવી છે. આ ભૂમિદાન પહેલમાં 'ખોડલધામ' એપ્લિકેશન કડીરૂપ ભૂમિકા ભજવશે. કેમ કે વિશ્વના કોઈપણ ખુણેથી કોઈપણ વ્યક્તિ પાસેથી 'ખોડલધામ' એપ્લિકેશન મારફતે ભૂમિ સેવકો ઓનલાઈન માધ્યમથી ભૂમિદાન મેળવી શકશે.કોઈપણ વ્યકિત ભૂમિ સેવકનો સંપર્ક કરીને 'ખોડલધામ' એપ્લિકેશન મારફતેપ્રતિ ચોરસવારના રૂપિયા ૨૫૦૦/-ના ગુણાંકમાં ભૂમિદાન આપી શકશે.ભૂમિસેવકો ભૂમિદાન કરનાર દાતાશ્રીની તમામ વિગતો આ એપ્લિકેશનમાં દાખલ કરશે અને ત્યારબાદ દાતા ચેક અથવા ઓનલાઈન માધ્યમથી ભૂમિદાનની રકમ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી શકશે.

ખોડલધામ એપ્લિકેશનમાં હાલ ભૂમિદાન માટેની સુવિધા શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ એપ્લિકેશનમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની તમામ માહિતી, કાર્યક્રમોની વિગત, માતાજીના દરરોજના દર્શન, આરતી, બુકિંગ, સંગઠનની માહિતી વગેરે મૂકવામાં આવશે જેથી ખોડલધામ પરિવાર તેમજ સર્વે લોકો સુધી ઝડપથી પહોંચી શકાશે.

# સરગમ કલબ દ્વારા દિવ્યાંગો માટે યોજાયો ત્રિ-દિવસીય જયપુર ફુટ કેમ્પ

### કેમ્પમાં ૮૪ દર્દીઓએ ભાગ લીધોઃ આગામી કેમ્પ ૧ એપ્રિલમાં યોજાશે



**અબતક, રાજકોટ**

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને સોના જવેલર્સ (દુબઈ) મનુભાઈ માંડલિયા ના સયુંકત ઉપક્રમે આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૮૪ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૩૩ લેગ (પગ) નાં દદી ૩૧ અને રીપેરીંગ ૨૦ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને મનુભાઈ માંડલિયા એ જણાવ્યા અનુસાર,આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ દુબઈ નિવાસી સોના જવેલર્સના મનુભાઈ માંડલિયા તેમજ તેના પરિવારજનો નિતેશભાઈ માંડલિયા, લલીતાબેન, બંસરીબેન, દેવ અને દિયા માંડલિયા પરિવાર તથા શૈલેષભાઈ માઉ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

દુબઈ નિવાસી સોના જવેલર્સ મનુભાઈ માંડલિયા જયપુર ફૂટ કેમ્પ ની મુલાકાતે આવેલ અને તેઓ ત્યાં જાહેરાત કરેલ કે દર માર્ચ માસ ની ૧ તારીખ એ તેમના દ્વારા જયપુર ફૂટ કેમ્પ યોજાશે.

આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ મનુભાઈ માંડલિયા તથા કમાણી ફાઉન્ડેશનનાંમાર્ગદર્શન હેઠળ યોજાયેલ.આ કેમ્પ ને સફળ બનાવવા માટે શ્રી દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર,જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર પ્રફુલભાઈ મિરાણી, અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા, ડો. પંકજભાઈ રાઠોડ તેમજ ચેતનાબેન સવજાણી, મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, આશાબેન ભૂછ્ડા, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા, હર્ષાબેન કથ્રેચા, મિતલબેન ચગ, દિવ્યાબેન ઉમરાણીયા વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ

આગામી કેમ્પ તા.૧/૦૪/૨૦૨૪ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

# ગિરિરાજ ક્લિનિકનો ૭માં વર્ષમાં મંગલ પ્રવેશ

### ગરીબ દર્દીઓના મફત સેવા કરતા ડો. કુણાલ વસંત

**અબતક, રાજકોટ**

ડો. કુણાલભાઈ સંજયભાઈ વસંતએ પોતાનો બી.એ. એમ.એસ. પી.જી. ડી.એચ.એમ. સુધીનો અભ્યાસ પૂર્ણ કરીને રાજકોટના પોતાના વિસ્તારને કાર્ય સ્થળ બનાવીને આનંદ નગર બ્લોક નં.૧૩ માં નીલકંઠ સિનેમા સામે, આશાપુરા મેડીકલ વાળી શેરી, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ ગીરીરાજ કલીનીકના નામથી આજ થી ૬ વર્ષ પહેલા કિલનિક શરુ થઈ હતી.

આનંદનગર વિસ્તાર, તેમજ આજુબાજુના ઘણા વિસ્તાર તેમજ નજીકના ગ્રામ્ય વિસ્તાર, દર્દી નારાયણની સેવા કરી ઘણા લોકોને સજા-સારા કયા છે. અને આશીર્વાદ મેળવ્યા છે. ગરીબ દર્દી મફત સેવા કરતા ખુબ જ ઓછા સમયમાં ચાહના મેળનાર ડો. કૃણાલભાઈ વસંત, કોરોના ના ગુજરાત સૌ પ્રથમ દર્દીની સફળ સારવાર કરનાર ડોકટર તેમજ દેશસેવાની ભાવના તેમના



પિતા સંજયભાઈ વસંત, પૂર્વ સંઘ ભાજપના કાર્યકર્તાના પુત્ર હોવાનો ગર્વ અનુભવે છે. તેઓ આમ જ સફળતાના શિખરો સર કરતા રહે તેવા ઘણા લોકોના આશિર્વાદ તેમજ નજીકના સ્નેહી સંબંધી ડોકટર, મિત્ર વર્તુળની શુભેચ્છાઓ મો. નં. ૬૩૫૫૫ ૬૮૮૭૭ પર મળી રહી છે.

# દિપ્તિ રાયઠઠ્ઠા હૌટ મોંડે મિસિઝ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ ફાઈનલ માટે સિલેકટ

### મોંડે મિસિઝ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ મે મહિનામાં દુબઈમાં યોજાશે



**અબતક, રાજકોટ**

હૌટ મોંડે મિસિઝ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ મહિલાઓનાં સપનાઓને પુરૂ કરવાનું એક શ્રેષ્ઠ માધ્યમ છે. હૌટ મોંડે મિસિઝ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ સિઝન-૧૩નું આયોજન મે મહિનામાં દુબઈ ખાતે કરવામા આવશે.

હૌટ મોંડે મિસિઝ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ- ૨૦૨૪નાં ફાઈનલમાં મુળ રાજકોટનાં અને હાલ યુ.એસ.એ.નાં ડેલેવરમાં રહેતા દિપ્તિ રાયઠઠ્ઠાએ પ્રવેશીને નામ રોશન કર્યું છે. આ કોમ્પિટિશનમાં વિશ્વભરમાંથી કુલ ૬ હજાર મહિલાઓએ એપ્લાય કર્યુ હતું અને તેમાંથી ૧૨૦ મહિલાઓની પસંદગી કરવામાં આવી. જેમા દિપ્તિ રાયઠઠ્ઠાએ પોતાની મહેનત અને આત્મવિશ્વાસથી દરેક રાઉન્ડ પાસ કરી સીધો ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

તેઓ કહે છે કે, હું દરેક જવાબદારી ખૂબ સારી રીતે નિભાવું છું અને મારા સ્વપ્નને પૂર્ણ કરવા મહેનત પણ કરૂ છું. તેઓનું ઈન્સ્ટાગ્રામ આઈડી છે. જેમાં તેઓને ફોલો કરી સપોર્ટ કરી શકાશે.

# યુવા પ્રગતિ-યુએસએ દ્વારા સિસ્ટર નિવેદિતા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત

### શિક્ષકોને રોકડ, પ્રશસ્તિપત્ર, સ્મૃત્તિચિહ્ન આપી સન્માનિત કરાયા



**અબતક, રાજકોટ**

શિક્ષણક્ષેત્રે પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી શિક્ષણકાર્યને ઉજળનારા શિક્ષકોની નિષ્ઠાને બિરદાવવા અને અન્ય શિક્ષકોને પ્રેરણા આપવા માટે સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન, રાજકોટ દ્વારા દર વર્ષે પૂર્વ-પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણક્ષેત્રે ગુજરાત રાજ્યમાં કાર્યરત શિક્ષકોમાંથી પસંદગી સમિતિ દ્વારા ઉત્તમ ગુણવત્તાયુક્ત કાર્ય કરનાર શિક્ષકની પસંદગી કરી શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીની અધ્યક્ષતામાં તેમજ શિશુવિહાર સંસ્થા ભાવનગરના મેનેજીંગ ટ્રસ્ટી નાનકભાઈ ભટ્ટની ઉપસ્થિતીમાં ઈન્સ્ટિટયૂટ ઑફ ક્વૉલિટી એજ્યુકેશનના સભાખંડમાં 'સિસ્ટર નિવેદિતા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' દ્વારા સન્માનિત કરવામાં આવેલ. સમગ્ર ગુજરાતમાંથી અત્યાર સુધીમાં કુલ ૭૮ શિક્ષકો આ એવોર્ડથી સન્માનિત થયા છે.

'સિસ્ટર નિવેદિતા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' માટે સમગ્ર ગુજરાતમાંથી આવેલા શિક્ષકોના કાર્યના અહેવાલ, મૂલ્યનિષ્ઠ કેળવણીકારોનું અનુમોદન અને સ્થળ તપાસના તારણોના આધારે સ્થાનિક પસંદગી સમિતિ દ્વારા પૂર્વ- પ્રાથમિક વિભાગમાં મોંઘીબહેન બધેકા શિશુવિહાર બાલમંદિર-ભાવનગરનાં શિક્ષિકા પ્રીતિબહેન ભટ્ટ, પ્રાથમિક વિભાગમાં પ્રાથમિક શાળા-રાણીપરા, નાંદોદ, જિ. નર્મદાનાં આચાર્યા નમિતાબહેન મકવાણા અને માધ્યમિક વિભાગમાં એસ. એસ. અજમેરા કન્યા વિદ્યાલય-

(અનું. આઠમાં પાને)

# ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણ શાળાના વિદ્યાર્થીઓએ રામકૃષ્ણ આશ્રમની લીધી મુલાકાત



**અબતક, રાજકોટ**

ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણ શાળામાં એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને રાજકોટ શહેરના જોવાલાયક સ્થળોની મુલાકાત કરાવવામાં આવી હતી.

સૌપ્રથમ રામકૃષ્ણ આશ્રમમાં જઈ ત્યાંની મુલાકાત દ્વારા સંસ્થા દ્વારા ચાલતી બાળકેળવણી અને જીવનલક્ષી પ્રવૃત્તિની જાણકારી મેળવી અને પુસ્તકાલય જોયું. ત્યાંથી ગાંધીજીના નિવાસસ્થાન ક.બા. ગાંધીનો ડેલો જોવા માટે ગયા. ત્યાંથી જુબેલી બાગમાં આવેલ વોટ્સન મ્યુઝીયમની મુલાકાત દ્વારા સૌરાષ્ટ્રની ધરોહર એવા રજવાડી પરંપરાગત પોશાક, શસ્ત્રો, પાઘડીઓ, લેખો, ચિત્રો, મુદ્રાઓ વગેરે તેમજ શિલ્પ-સ્થાપત્ય, સંગીત વાદ્યો, ચિત્રકલાના નમૂના વગેરે જોઈ માહિતી મેળવી. ત્યારબાદ લેંગ લાયબ્રેરીમાં લગભગ ૨,૦૦,૦૦૦ જેટલા પુસ્તકો જોયા અને લાયબ્રેરીની પ્રવૃત્તિઓથી અવગત થયા. ગાંધી મ્યુઝિયમની પરિચય મુલાકાત બાદ ઈશ્વરીયા મંદિરે દર્શન કરી સાયન્સ રીજીઓનલ સેન્ટરની મુલાકાત લીધી. ત્યાં સમૂહભોજન બાદ સાયન્સ ગેલેરીની મુલાકાત દ્વારા બાળકોએ વિજ્ઞાન વિષયનું જ્ઞાન મેળવ્યું. ત્યાંથી છેલ્લે ઈશ્વરીયા પાર્ક ગયા. જ્યાં રમત-ગમત અને આઈસ્ક્રીમની સર્વેએ મોજ માણી હતી.

# જનકલ્યાણ ટ્રસ્ટે ૧૦૦૦થી વધુ પ્રજ્ઞાચક્ષુઓના જીવનમાં 'દ્રષ્ટિ'નો ઉજાસ પાથર્યો

### ચક્ષુ, દેહ, અંગદાન અંગે જાગૃત્તિ લાવવા ટ્રસ્ટના અવિરત પ્રયાસ







**અબતક, રાજકોટ**

સંસારમાં સ્વયં માટે દરેક લોકો કર્મ કરે છે, પરંતુ અન્યના જીવનમાં ઓજસ પાથરવાનું ભગીરથ કર્મ કરતા જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અને આધુનિક ભગીરથ ઉમેશભાઈ મહેતા સ્વજનના મૃત્યુ બાદ માનવ શરીરના મૂલ્યને સમજાવવાની અને અંગદાન થકી અનેકના જીવનમાં ઉજાસ પાથરવાની ભેખના પ્રહરી બન્યા છે.જનકલ્યાણ ટ્રસ્ટ થકી ઉમેશભાઈએ આજ સુધીમાં ૪૮૪ ચક્ષુદાન, ૪૫ દેહદાન અને ૧૪ લોકોના ત્વચાદાનના સેવાકીય કાર્યના નિમિત્ત બન્યા છે. ચક્ષુ દાન, દેહ દાન, અંગદાનના પ્રહરી ઉમેશભાઈ આકાશવાણીના નિવૃત એન્જીનીયર છે. તેઓ જનજાગૃતિના આ મહાઅભિયાન વિષે જણાવે છે કે, વર્ષ ૧૯૯૪ માં તેમના માતાના અવસાન બાદ તેઓએ ચક્ષુદાનનું તે સમયે મહત્વ સમજીને તેમના માતાનું ચક્ષુદાન કરેલું. ત્યાર પછી અન્ય લોકો પણ ચક્ષુદાન કરે તેવી તેમને ઈચ્છા જાગી. સમય જતા તેમની ઉનેવાળ બ્રહ્મ સમાજની સંસ્થામાં આ પ્રવૃત્તિ શરુ કરી, પરંતુ અન્ય સમાજના લોકોને પણ જોડવા માટે તેઓએ વર્ષ ૨૦૧૭ થી જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી આ કાર્યને મોટા ફલક પર તેઓ લઈ ગયા.

લોકોને જાગૃત કરવા સૌ પ્રથમ તેઓએ લોકમેળાનો સહારો લીધો. વર્ષ ૨૦૧૭ થી સતત ત્રણ વર્ષ સુધી મેળામાં લોકોને રૂબરૂ તેમજ પેમ્ફ્લેટ વહેંચી અંગદાનનું મહત્વ સમજાવી સંકલ્પ પત્ર ભરાવ્યા. આજ સુધીમાં અંગદાન માટે ૮૪૦, ચક્ષુદાન માટે ૧૮૫૫, ત્વચા માટે ૫૦ જયારે દેહદાન માટે ૪૯૦ લોકોએ ઈચ્છા દર્શાવી છે. લોકોમાં વધુ જાગૃતિ અર્થે ફાયર બ્રિગેડ, શબ વાહિની, રીક્ષા પાછળ, મંદિર, સ્મશાન સહિતની જગ્યાએ અંગદાન અંગેના હોર્ડિંગ્સ, બેનર્સ લગાવ્યા છે. અને સ્મશાન કે બેસણામાં જઈ પણ અંગદાન કરવા અપીલ કરે છે.

દાતાઓનું ઋણ ચૂકવવાનું ઉમેશભાઈ ક્યારેય ભૂલતા નથી, તેઓના જાહેરમાં સન્માન કરે, દાતાના બેસણાંમાં જઈ આ પુણ્યના કામને ઉમેશભાઈ આવકારે અને અન્યોને પણ પ્રેરણા સતત પુરી પાડતા રહે.

જનકલ્યાણ અર્થે ચક્ષુ, અંગ, ત્વચા કે દેહ દાન કરવા માંગતા ઈચ્છુકો તેઓના ઢેબર રોડ સ્થિત કાર્યાલય પૂનમ ફર્નિચર સામે, કાંતિ પ્રકાશ, બીજો માળ પર સંપર્ક સાધી શકે છે.

# સીએની વિદ્યાર્થીનીએ વાત બંધ કરી દેતા 'ઓનલાઈન' મિત્રે ન્યુડ વીડિયો કાકાને મોકલી નાલાયકીની હદ વટાવી

## એક વખત યુવતીએ ન્યૂડ કોલ કર્યા બાદ વારંવાર તેવા કોલ કરવા દબાણ કરતો તોઃ નંબર બ્લોક કરતાં અજાણ્યા નંબર પરથી ધમકીનો દોર શરૂ કર્યો

**અબતક, રાજકોટ**

સોશિયલ મીડિયામાં અજાણ્યા શખ્સ સાથે મિત્રતા કરવી કેટલી ભારે પડી શકે છે તેનો ચેતવણીરૂપ કિસ્સો રાજકોટમાં સામે આવ્યો છે. જેમાં સીએનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ એક શખ્સ સાથે ઓનલાઈન મિત્રતા કર્યા બાદ એકવાર ન્યુડ કોલ કર્યો હતો. જે કોલ રેકોર્ડિંગ કરીને સામે વાળો શખ્સ વારંવાર ન્યુડ કોલ કરવા દબાણ કરી રહ્યો હતો. જેના લીધે યુવતીએ બ્લોક કરી તમામ સંપર્ક તોડી નાખ્યા હતા. જે બાદ આ શખ્સે યુવતીનો ન્યુડ વિડીયો તેના જ કાકાને મોકલી નાલાયકીની તમામ હદો વટાવી દીધી હતી. જે મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરમાં રહેતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો અભ્યાસ કરતી યુવતીનો સોશિયલ મીડિયામાં દિલ્હીના શખ્સનો પરિચય થયા બાદ બંને વાતચીત કરતા હતા જેમાં એક વખત યુવતીએ ન્યૂડ કોલ કર્યો હતો જેનું દિલ્હીના શખ્સે રેકોર્ડિંગ કરી લઈ વારંવાર ન્યૂડ કોલ કરવા દબાણ કર્યું હતું. યુવતીએ સંબંધ તોડી નાખતા તે શખ્સે યુવતીના કાકાના ફેસબુક એકાઉન્ટ પર યુવતીના ન્યૂડ ફોટા-વિડીયો મોકલ્યા હતા. હાલ પોલીસે ગુનો નોંધી તે શખ્સની ભાળ મેળવવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

શહેરમાં રહેતી ૧૯ વર્ષીય યુવતીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ચોક્કસ મોબાઈલ નંબરના ધારક દિલ્હીના સચિન યાદવનું નામ આપ્યું હતું. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૯-૨૦માં પોતે મોબાઈલમાં પબજી ગેમ રમતી હતી. ત્યારે સામે પબજી રમતા શખ્સની આઈડી પરથી ફ્રેન્ડ રિકવેસ્ટ આવતા તેણે સ્વીકારી હતી. બાદમાં બંને ફેસબુક પર ફ્રેન્ડ બન્યા હતા અને મોબાઈલ નંબરની પણ આપ-લે કરી હતી. ત્યારબાદ બંનેએ વીડિયો કોલ પર વાતચીત કરવાનું શરૂ કર્યું હતું. એક દિવસ તે શખ્સે ન્યૂડ કોલ કરવાનું કહેતા યુવતીએ ન્યૂડ કોલ કર્યો હતો જે તેની જાણ બહાર તે શખ્સે રેકોર્ડ કરી નાખ્યો હતો.

ત્યારબાદ તે શખ્સ યુવતીને વારંવાર ન્યૂડ કોલ કરવા દબાણ કરતો હોવાથી યુવતીએ તે શખ્સનો મોબાઈલ નંબર બ્લોક કરી નાખ્યો હતો જેથી તે અલગ અલગ નંબર પરથી ફોન કરી ખુશ્બુને સંબંધ રાખવા દબાણ કરતો હતો.

### પબજીની રમત ફરી એકવાર યુવાનો માટે ખતરનાક સાબિત થઇ

પબજી રમત કે જે અગાઉ પણ યુવાધન માટે ખતરનાક સાબિત થઇ ચુકી છે. ભોગ બનનાર યુવતી પણ અગાઉ પબજી ગેમ રમતી હતી. જેમાં દિલ્હીના શખ્સનો સંપર્ક થયો હતો. પબજીથી સંપર્ક કરીને પહેલા ફેસબુક આઈડી અને ત્યારબાદ વોટ્સઅપ નંબર મેળવી યુવતીનો વિશ્વાસ કેળવી ન્યુડ કોલ કરાવી સતત બ્લેકમેલ કરતો હતો. જેથી યુવાધનની સાથોસાથ માતા-પિતાએ પણ તેમના બાળકોને આ ગેમથી દૂર રહેવા સલાહ આપવી હિતાવહ છે.

ખુશ્બુએ વાતચીત કરવાનું બંધ કરી દઈ સંબંધ તોડી નાખતા તે શખ્સ ઉશ્કેરાયો હતો અને યુવતીના કાકાના ફેસબુક એકાઉન્ટ પર યુવતીના ન્યૂડ ફોટા મોકલી દીધા હતા. યુવતીએ આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતાં જે નંબર પરથી તે શખ્સ વાતચીત કરતો હતો તે નંબર દિલ્હીના સચિન યાદવ નામના શખ્સનો હોવાનું ખુલ્યું હતું. અંતે આ અંગે યુવતીએ ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ પંડિતે ગુનો નોંધતા પીઆઈ કે.જે.મકવાણાએ આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

### 'સાયકો' શખ્સને દબોચી લેવા સાયબર ક્રાઈમની ટીમ દિલ્હી દોડી ગઈ

વારંવાર ન્યુડ કોલ કરવા માટે દબાણ કરતા સાયકો શખ્સ વિરુદ્ધ સીએનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ ફરિયાદ નોંધાવ્યા બાદ ચોક્કસ નંબરના ધારક શખ્સને દબોચી લેવા સાયબર ક્રાઈમની ટીમ દિલ્હી દોડી ગઈ છે. સાયબર પોલીસ ટૂંક સમયમાં જ આ શખ્સને દબોચી રાજકોટ લઈ આવે તેવી પ્રબળ શક્યતા છે.

# પૂ.સુશીલા મહાસતીજીની નિશ્રામાં રામકૃષ્ણનગર જૈન સંઘમાં વડીલ વંદના

**અબતક, રાજકોટ**

રાજકોટમાં શ્રી રામકૃષ્ણનગર સ્થાનકવાસી જૈન સંઘ ખાતે પૂ.ધીરગુરૂદેવના આજ્ઞાનુવર્તી પૂ.સુવર્ણ પુષ્પ ગુરૂણીતા સુશિષ્યા પૂ.સુશીલાજી મ.સ., પૂ.ઉષાજી મ.સ., પૂ.પ્રવિણાજી મ.સ., પૂ.પુનિતાજી મ.સ.ની નિશ્રામાં રંજનબેન જે.પટેલ પ્રેરિત વડીલ વંદનામાં બહુમાન કરવામાં આવેલ.



ચૈત્રમાસની આયંબિલ ઓળીમાં પ્રવર્તિની પૂ.વનિતાજી મ.સ.-સરદારનગર, પૂ.ગુણીજી મ.સ.-ગીત ગુર્જરી, પૂ.સુશીલાજી મ.સ.-શ્રમજીવી, પૂ.નીલમજી મ.સ.-વૈશાલીનગર, પૂ.ઉષા-વીણાજી મ.સ.-વિરાણી પૌષધશાળા, પૂ.કિરણજી મ.સ.-જૈનચાલ, પૂ.હસુતાજી મ.સ.-રામકૃષ્ણનગર, પૂ.સરોજજી મ.સ.-વિમલનાથ (ગોપાલ ચોક) તેમજ પૂ.જ્યોતિબાઈ મ.સ.પૂ.સ્મિતાજી મ.સ.-રેસકોર્ષ પાર્ક સંઘ, પૂ.રંજનબાઈ મ.સ.-નાલંદા તીર્થધામ, પૂ.ભાનુબાઈ મ.સ.આદિ ભક્તિનગર બિરાજશે.પૂ.ગુણીજી મ.સ., પૂ.લીનાજી મ.સ. પડધરી પધાર્યા છે. પૂ.જ્યોતિજી મ.સ.ગોંડલથી ભક્તિનગર પધાર્યા છે. પૂ.વિમળાજી મ.સ.પૂ.પદમાજી મ.સ.આદિ ઘાટકોપર પધારશે. પૂ.સ્વાતિજી મ.સ.સાંગલી પધાર્યા છે.

# રજપૂતપરાની અંધ મહિલાના સોનાના દાગીના ઉતારી ખોટા પહેરાવી દેનારી કેર ટેકર ઝડપાઈ

## આશા ગોંડલીયા પાસેથી તમામ દાગીના રિકવર કરી લેવાયા : લાલચમાં આવી ચોરી કર્યાનું રટણ

**અબતક, રાજકોટ**

શહેરના રજપૂતપરામાં અંધ વયોવૃધ્ધ મહિલા (ઉ.વ.૮૮)ના હાથમાંથી સોનાની ચાર બંગડીઓ, કઈડો અને વીંટી મળી અઢી લાખના દાગીના ઉતારી લઈ તેની જગ્યાએ ખોટા દાગીના પહેરાવી દેવામાં આવતાં આ મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી. મામલામા વૃધ્ધાની દેખરેખ રાખવાનું કામ કરતી મહિલાને શકદાર તરીકે દર્શાવવામાં આવતાં પોલીસે ગુનો નોંધી શકદારને સકંજામાં લેતાં ગુન્હાનો ભેદ ઉકેલાઈ ગયો છે.

પોલીસે આ બનાવમાં પેલેસ રોડ પર સંતોષ ડેરીવાળી શેરીમાં જયરાજ પ્લોટ-૧/૯ના ખુણે મોહન મેન્સનની સામે રહેતાં અને સોની કામ કરી ગુજરાન ચલાવતાં ભરતભાઈ જયંતિલાલ ભીંડી (ઉ.વ.૫૩)ની ફરિયાદ પરથી આશાબેન ગોંડલીયાને શકમંદ ગણી ગુનો દાખલ કર્યો હતો.

ભરતભાઈ ભીંડીએ જણાવ્યું હતું કે મારા પરિવારમાં હું, મારા પત્નિ, પુત્ર છે. મારી સાથે નીચેના રૂમમાં મારા ફઈ પુષ્પાબેન પણ રહે છે જેમની ઉંમર ૮૮ વર્ષ જેવી છે. તેઓ દ્રષ્ટીહિન છે અને નીચેના રૂમમાં જ રહે છે. અમે મારા ફઈની દેખરેખ માટે રાજકોટના જ એક મહિલા આશાબેન ગોંડલીયાને નોકરી પર રાખ્યા હતાં. તેઓ ઘરે રોજીંદુ કામ કરવાની સાથે સાથે દેખરેખ પણ રાખે છે. શુક્રવારે તા. ૧ના રોજ હું સોની બજારમાંથી ઘરે આવ્યો ત્યારે મારા ફઈ પુષ્પાબેન ભાણજીભાઈ ભીંડી નીચે તેના રૂમમાં બેઠા હોઈ હું તેમની પાસે ગયો હતો.

તેમની સાથે થોડીવાર બેસી વાતો કરી હતી અને ખબર પુછ્યા હતાં. એ દરમિયાન મારી નજર ફઈના બંને હાથ પર પડતાં તેમણે પહેરેલી સોનાની ૪ બંગડીઓ શંકાસ્પદ લાગી હતી. આ બંગડીઓ તેમજ વીંટી, કઈડો પણ ખોટા જેવા લાગતાં મેં આ દાગીના લઈ તપાસ કરાવતાં તે ખોટા નીકળ્યા હતાં. મારા ફઈ સોનાની ચાર બંગડી, વીંટી અને કઈડો મળી કુલ પચાસ ગ્રામ વજનના અઢી લાખના દાગીના પહેરતાં હતાં. આ દાગીના ઉતારી લઈ તેમને ખોટા દાગીના પહેરાવી દેવામાં આવ્યાનું જણાયું હતું.

મારા ફઈને દેખાતું ન હોઈ તેનો ગેરલાભ ઉઠાવી દેખરેખ માટે આવતી આશાબેન ગોંડલીયા નામની મહિલાએ સોનાના દાગીના ઉતારી લઈ ખોટા દાગીના પહેરાવી દીધાની અમને દ્રઢ શંકા ઉપજતાં પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં ભરતભાઈ ભીંડીએ જણાવતાં પીઆઈ આર. જી. બારોટની રાહબરીમાં હેડકોન્સ. કે. કે. આહિરે ગુનો નોંધી શકમંદની મહિલા પોલીસની મદદથી પુછતાછ શરૂ કરતાં આશાબેને આ ગુનાની કબુલાત આપતાં પોલીસે અસલી દાગીના કબ્જે કરવા તજવીજ કરી હતી. લાલચમાં આવી જતાં આમ કર્યાનું રટણ તેણીએ કર્યુ હતું.

# ભગવતીપરાના વિવિધ વિસ્તારોમાં ડામર કામનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય કાનગડ

**અબતક, રાજકોટ**

૬૮-રાજકોટ(પૂર્વ) વિધાનસભા, વોર્ડ-૪ માં રૂ. ૯,૯૫ કરોડ ના ખર્ચે ભગવતીપરાનાં વિવિધ વિસ્તારો વેલનાથપરા, નિત્યમ વિલા, વૃંદાવન વિલા સોસાયટીમાં ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, શહેરના મેયર નયનાબેન પેઢડીયાના વરદ હસ્તે પેવર ડામર રોડ કામનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતુ.

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું કે ભારતીય જનતા પાર્ટી એ વિકાસનો પર્યાય બનેલ છે ત્યારે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજયની ભાજપ સરકાર ધ્વારા જયા માનવી ત્યા સુવિધા ના મંત્રને સાકાર કરતા અનેક વિકાસ કાર્યો હાથ ધરાયા છે, દેશ અને રાજયનો વિકાસ નવી ઉંચાઈઓ સર કરી રહયો છે અને છેવાડાના માનવીનો વિકાસ થાય તે દિશામાં ભાજપ સરકાર કાર્ય કરી રહી છે ત્યારે ભાજપ શાસિત રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ શહેરમાં માળખાકીય અને આંતકર માળખાકીય સુવિધાઓ




શહેરીજનોને સહજ રીતે પ્રાપ્ત થાય, શહેરીજનોની સુખ,સગવડતા અને સુખાકારીમાં વધારો થાય અને શહેરમાં વિવિધ વિકાસ કાર્યોને વેગવંતા બને તે માટે સતત કાર્યરત છે.

આ તકે વોર્ડના કોર્પોરેટર કાળુભાઈ કુંગશીયા, કંકુબેન ઉઘરેજા, વોર્ડપ્રભારી જે.ડી. ભાખર, વોર્ડપ્રમુખ કાનાભાઈ ડંડૈયા, મહામંત્રી ભરત લીંબાશીયા, હિતેશ મઢીયા, તેમજ સંગઠનના હોદેદારો રજીનીતસિહ જાડેજા, રામભાઈ બિહારી, ચંદુભાઈ ભંડેરી, પ્રવીણભાઈ પટેલ, ભરતભાઈ ભખોડીયા, સંજય ઉઘરેજા, વિઠ્ઠલભાઈ ઢાકેચા, કિશોરભાઈ પ્રજાપતી, મુકેશભાઈ પંચાલ, નયનાબેન માલી, રાજેશ્રીબેન માલવીયા, જયોતિબેન જાદવ, રીટાબેન વડેચા સહીતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# શિવ હોસ્પિટલમાં રવિવારે ઓર્થ્રોસ્કોપી-સ્પોર્ટ્સ ઈન્જરીના ડોક્ટરોનો નિદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

શિવ હોસ્પિટલ, મહાપૂજા ધામ ચોક, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ ખાતે આર્થોસ્કોપી અને સ્પોર્ટ્સ ઈન્જરીના નિષ્ણાત ડોક્ટરો દ્વારા રાહતદરે (ટોકન દરે) નિદાન કેમ્પ તારીખ ૧૦ માર્ચ ૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં શિવ હોસ્પિટલ રાજકોટના વૈશ્વિક અનુભવ પ્રાપ્ત કરેલ ખ્યાતનામ ડોક્ટરો, ડો. કૌશલ પટેલ (આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ્સ ઈન્જરીના નિષ્ણાત) જેઓ આર્થોસ્કોપી અને સ્પોર્ટ્સ ઈન્જરી માટે સાઉથ કોરીયા અને ફ્રાંસ ખાતે સઘન તાલીમ મેળવેલ સૌરાષ્ટ્ર-કચ્છના એક માત્ર ડોક્ટર છે. તેમજ ડો.નીલ ગોહિલ (ગોલ્ડ મેડાલીસ્ટ ઈન ઓર્થોપેડિક્સ, આર્થોસ્કોપી અને સ્પોર્ટ્સ ઈન્જરીના નિષ્ણાંત) જેમણે આર્થોસ્કોપી અને સ્પોર્ટ્સ ઈન્જરી માટે દિલ્હી અને પૂણે ખાતે સઘન તાલીમ મેળવીને ૮ વર્ષમાં ૫૦૦૦ થી વધારે મેજર અને સુપ્રા મેજર સર્જરી કરેલ છે, તેઓ આ કેમ્પમાં તેમની અમૂલ્ય સેવાઓ આપશે.

આ કેમ્પમાં ઘૂંટણના લિગામેન્ટની ઈજાઓ, ઘૂંટણની ગાદીની ઈજાઓ, ઘૂંટણનો નાની ઉંમરનો ઘસારો, ખંભાના તાણિયાની ઈજાઓ, ખંભો જકડાઈ જવો કે ખંભાનું વારંવાર ખસી જવું, ખંભામાં કેલ્શિયમ જમા થવુ વગેરેની તપાસ રાહત દરે (ફક્ત ૧૦૦ રૂ/-માં) કરી આપવામાં આવશે. આ સાથે દર્દીઓને ફિઝીયોથેરાપીનું નિઃશુલ્ક (ફ્રી) માર્ગદર્શન આપવામાં આવશે.કેમ્પ માટે નામ ફોન નંબરઃ ૯૮૭-૫૧૩-૮૮૨૪ ઉપર નોંધાવવુ ફરજીયાત છે. તેવું શિવ હોસ્પિટલની યાદીમાં જણાવેલ છે.

# કુવાડવા નજીક વાહનની ઠોકરે રાહદારીનું મોત

**અબતક, રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે પર કુવાડવા નજીક ગાયત્રી મંદિર સામે અજાણ્યા વાહનની હડફેટે લેતા મોત નિપજયું હતું.પ્રાપ્ત વિગત મુજબ અનુસાર મુળ દાહોદ જિલ્લાના ધનપુર તાલુકાના અંબાકીય ગામના રહેવાસી હાલ ખેરવા ગામે રહેતા કમળીબેન ઉર્ફે હમાબેન અને સબુરભાઈ પરમાર રાજકોટ અમદાવાદ હાઈવે ગાયત્રી મંદિર સામે ચાલીને રસ્તો ક્રોસ કરતા હતા. ત્યારે અજાણ્યા શખ્સે પુરઝડપે વાહન ચલાવી સબુરભાઈ પરમારને હડફેટે લેતા માથે અને શરીર પર ગંભીર ઈજા પહોંચડી હતી. અને તેમનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. અને વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. જે બાબતે પોલીસ દ્વારા ગુન્હો નોંધી વાહન ચાલકની ઓળખ મેળવવા કુવાડવા પો.સ્ટે.ના હેડ કોન્સ્ટેબલ એ.પી. નિમાવત દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# કાલાવડ રોડની એમ.જી. હોસ્ટેલમાં પડી જતાં પ્રૌઢનું મોત

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ ક્રિસ્ટલ મોલની પાછળ મહાત્મા ગાંધી હોસ્ટેલના સ્ટાફ કવાર્ટરમાં રહેતા રમેશભાઈ કાંતિભાઈ મહાજન (ઉ.વ.૬૩) નું હોસ્ટેલમાંથી પડી જતાં સિવીલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. જેમાં ચાલુ સારવાર દરમિયાન મોત નિપજયું હતું. મૃતકના પરિવાર પર શોકનું મોજુ ફરી વળ્યું હતું .

# સરકારી કચેરીઓમાં ડિજિટલ પહેલના કારણે વહીવટી પ્રક્રિયા બની ઝડપી અને સરળ

## ઈ-સરકાર પોર્ટલના માધ્યમથી ૪૭,૦૦૦થી વધુ ઈ-ટપાલ, ૧૮૦૦૦થી વધુ ઈ-ફાઈલ અને ૧૯,૦૦૦થી વધુ ઈ-સાઈનનો ઉપયોગ થયો

**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ''ડિજિટલ ઈન્ડિયા''ના સ્વપ્નને સાકાર કરવા અને રાજ્યમાં વહીવટી પ્રક્રિયાઓ ઝડપી અને સરળ બનાવવા માટે સમગ્ર વહીવટી કાર્ય પધ્ધતિને પેપરલેસ કરવા ઈ-સરકાર, ડિજિટલ સેવા સેતુ, હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી થકી ભારતનેટ ફેઝ-૨, અર્બન વાઈ-ફાઈ, વિલેજ વાઈ-ફાઈ સહિતના પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવ્યું છે.

સમગ્ર રાજયમાં વર્ષ ૨૦૨૧થી ''ઈ-સરકાર'' પોર્ટલના માધ્યમનો ઉપયોગ સચિવાલયના વિવિધ વિભાગો, ખાતાની કચેરીઓ, કલેક્ટર અને ડી.ડી.ઓ.



કચેરી વગેરેમાં કરવામાં આવે છે, જેનાથી વર્ષ ૨૦૨૩માં રાજકોટ જિલ્લાની વિવિધ કચેરીઓમાં ૪૭,૫૬૮ ઈ-ટપાલ, ૧૮,૭૪૫ ઈ-ફાઈલ અને ૧૯,૨૩૪ ઈ-સાઈન કરવામાં આવી હતી. તેમ આઈ.સી.ટી. ઓફિસર નમ્રતાબેન નથવાણીએ જણાવ્યું હતું. તેઓએ વધુમાં જણાવ્યું કે, ઈ-સરકાર પોર્ટલના સુચારુ અમલીકરણ માટે રાજકોટ જિલ્લામાં આશરે ૩૦૦૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓને ઓફલાઈન ટ્રેનીંગ આપવામાં આવી હતી.

''ડિજિટલ સેવા સેતુ'' કાર્યક્રમ અંતર્ગત ભ્રષ્ટાચારીઓ અથવા મધ્યસ્થીઓને દુર કરીને લોકોને ઝડપી અને ફેસલેસ સેવાઓ પ્રદાન કરવામાં આવે છે. ''ઈ-ગ્રામ કેન્દ્ર'' પરથી ગ્રામલોકોને જિલ્લા અને તાલુકા કક્ષાએ ગયા વગર વિવિધ વિભાગોની આશરે ૩૨૦ જેટલી સેવાઓ મળી શકે છે. આ સેવાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૩માં ૮૭,૬૬૦ જેટલી અરજીઓ માટે જિલ્લા અને તાલુકાના જનસેવા કેન્દ્રમાંથી લાભ આપવામાં આવ્યો હતો.

# જનકલ્યાણ સોસાયટીમાં બિમારીથી કંટાળી પરિણીતાએ આખયું ટૂંકાવ્યું

## પરિણીતાએ ગળાફાંસો ખાધો જીવન ટુંકાવી લેતા પરિવાર શોક

**અબતક, રાજકોટ**

શહેરના એસ્ટ્રોન ચોક નજીક જનકલ્યાણ સોસાયટીમાં યુવતિએ બિમારીથી કંટાળીને ગળાફાંસો ખાઈ લેતા તેને પી.એમ. અર્થે સિવીલમાં ખસેડવામાં આવ્યા હતા. પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ એસ્ટ્રોન ચોક નજીક જનકલ્યાણ સોસાયટીમાં રહેતા પુજાબેન આદિત્યભાઈ જોશી (ઉ.વ.૨૭) નામની પરીણીતાએ ગળાફાંસો ખાઈ લેતા પરિવારમાં ગમગીની છવાઈ છે. પોલીસે પ્રાથમિક પુછપરછ હાથ ધર્યુ જેમાં પરીણીતા છેલ્લા ઘણા સમયથી લિગામેન્ટ અને માઈગ્રેન નામની બિમારીથી પીડીત હતા જેનાથી કંટાળી પરિણીતાએ અંતે જીંદગી ટુંકાવવા ગળાફાંસો ખાઈ લીધો હતો. જેની એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ધોરણસરની તપાસ હાથ ધરવામાં આવી છે. મૃતકના લગ્નના પાંચ વર્ષ પૂર્વે થયા છતાં અને સંતાનમાં એક પુત્ર છે. પરીણીતા તેના ભાઈની એકની એક બહેન હતી.

# વાહન અકસ્માત યોજના અંતર્ગત અકસ્માતગ્રસ્તને ૫૦ હજાર સુધીની વિનામૂલ્યે સારવાર

## માનવ જીવન બચાવવા યોગદાન આપવા લોકોને અપીલ

**અબતક, રાજકોટ**

વાહનોની વધતી જતી સંખ્યા સાથે રસ્તા પર અકસ્માતોની સંખ્યા પણ વધતી જાય છે. વાહન અકસ્માત ઘરના એક વ્યક્તિને થાય પરંતુ તેનું પરિણામ આખા કુટુંબને ભોગવવું પડતું હોય છે. તેમાં પણ ઘરની મુખ્ય જવાબદાર વ્યક્તિનું જ્યારે અકસ્માતથી મૃત્યુ થાય તો આખુ કુટુંબ માનસિક તથા આર્થિક રીતે નિરાધાર થઈ જાય છે.

ભારતના કોઈપણ નાગરિકને વાહન અકસ્માતમાં ઈજા થાય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. જેમાં રૂ. પચાસ હજારની મર્યાદામાં કોઈપણ સરકારી તથા પ્રાઈવેટ હોસ્પિટલમાં દર્દીને વિનામુલ્યે મેડીકલ સારવાર આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે આવકની કોઈ મર્યાદા નથી. અકસ્માત ગુજરાત રાજ્યની હદમાં થયેલ હોય તો જ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. અકસ્માત થયાના ૪૮ કલાકની અંદર જ સારવાર કરેલ હોવી જોઈએ. આ યોજનાના લાભાર્થીએ જે તે સારવાર લીધેલ સરકારી કે પ્રાઈવેટ હોસ્પિટલને જાણ કરવાની રહેશે અને ત્યાર બાદ પ્રાઈવેટ કે સરકારી હોસ્પિટલે સરકાર દ્વારા નક્કી કરેલ કચેરીને જાણ કરવાની રહેશે.

અકસ્માત સહાય યોજના માટે કોઈપણ અકસ્માત પામેલ વ્યક્તિને સારવાર આપી સરકારે નિયુક્ત કરેલ સંસ્થાને જાણ કરવાની રહેશે. કલેક્ટર પ્રભવ જોષી તથા જિલ્લા વિકાસ અધિકારી ડો.નવનાથ ગવ્હાણેના માર્ગદર્શન હેઠળ ચીફ ડીસ્ટ્રીક્ટ મેડીકલ ઓફિસર, પદ્મકુંવરબા હોસ્પિટલ રાજકોટને સ્થાનિક નિયુકત સંસ્થા જાહેર કરેલ હોય રાજકોટ જિલ્લામાં સારવાર આપનાર હોસ્પિટલોએ તેને જાણ કરવાની રહેશે. વધુ માહીતી માટે કોઈપણ પ્રાઈવેટ હોસ્પિટલોએ ચીફ ડીસ્ટ્રીક મેડીકલ ઓફિસર, પદ્મકુંવરબા હોસ્પિટલ રાજકોટનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે.

આ યોજનાનો લોકો વધુમાં વધુ બહોળો પ્રચાર કરે અને અનેક લોકોના જીવન બચાવવા લોકો યોગદાન આપે તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પી. કે. સિંગની યાદી દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન
ટેન્ડર નં. DRM/RJT/E-Tender/2023-2024/24 (EL) નો સુધારો
facebook.com/WesternRly

તંત્રી લેખ

# માલદીવ : જીસ થાલી મે ખાયા ઉસી મેં છેદ

માલદીવ અને ભારત વચ્ચે સંબંધો બગડયા છે. મોહમ્મદ મુઈઝ્ઝુની સરકાર બન્યા બાદથી જ માલદીવના ભારતની સાથે સંબંધ ખરાબ થઈ ગયા છે. આ વચ્ચે વિદેશ મંત્રી જયશંકરે માલદીવના રાષ્ટ્રપતિને તેમની જ ભાષામાં જવાબ આપતા કહ્યુ કે બદમાશ ક્યારેય ૪.૫ અબજ ડોલરની મદદ કરતા નથી. જાન્યુઆરી મહિનામાં મુઈઝ્ઝુએ ભારત વિશે કહ્યુ હતુ કે કોઈ પણ દેશ પાસે તેમને ધમકાવવાનું લાયસન્સ નથી. પોતાના પુસ્તક 'વ્હાઈ ભારત મેટર્સ'ના પ્રમોશન કાર્યક્રમમાં જયશંકરે કહ્યુ કે ભારત હંમેશા સંકટના સમયમાં પોતાના પાડોશી દેશોની સાથે ઊભુ રહે છે અને દરેક શક્ય મદદ કરે છે.

વિદેશ મંત્રીને પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે ભારત આ મહાદ્વીપમાં ઘૂસણખોરીનો પ્રયત્ન કરે છે. તેમણે કહ્યુ કે તમે જો ભારતને મોટો બદમાશ ગણાવો છો તો એક વાત ધ્યાન રાખો કે બદમાશ ૪.૫ અબજ ડોલરની મદદ કરતા નથી. કોવિડના સમયે બીજા દેશોને વેક્સિન મોકલતા નથી. યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં અનાજથી લઈને ખાતર અને દવાઓ પણ મોકલાવતા નથી. આજે ભારતના વખાણ સમગ્ર દુનિયા કરે છે. સંકટના સમયે ભારતે દરેક દેશની મદદ કરી છે.

માલદીવ અને ભારતની વચ્ચે તણાવ વધી ગયો જ્યારે મુઈઝ્ઝુના મંત્રીઓએ વડાપ્રધાન મોદી પર આપત્તિજનક ટિપ્પણી કરી દીધી. જોકે ઘરેલુ દબાણના કારણે જ ૩ મંત્રીઓને કેબિનેટથી બહાર કરી દેવાયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લક્ષદ્વીપના પર્યટનને પ્રોત્સાહન આપવા માટે તસવીરો શેર કરી હતી. જે બાદ મુઈઝ્ઝુના મંત્રીઓએ તેની પર આપત્તિજનક ટિપ્પણી કરી હતી. તેનો વિરોધ મુઈઝ્ઝુસરકારે પોતાના ઘરમાં પણ કરવો પડ્યો.

જયશંકરે કહ્યુ કે નેપાળ, શ્રીલંકા, ભૂટાન, બાંગ્લાદેશ અને માલદીવમાં છેલ્લા અમુક વર્ષોમાં જ ભારતનું રોકાણ ઝડપથી વધ્યુ છે. આજે જે રીતનો વેપાર પાડોશી દેશો સાથે થઈ રહ્યો છે, તે પણ એક વ્યક્ત કરનારી કહાની છે. હું આ લિસ્ટથી માલદીવને અલગ કરી રહ્યો નથી. માલદીવની સાથે પણ સારા વ્યાપારી સંબંધ છે. આ મામલે હુ ભૂટાનનું નામ પણ ભૂલી શકતો નથી કેમ કે બંને દેશોની વચ્ચે ખૂબ ગાઢ અને મજબૂત સંબંધ છે. અમે એકબીજાનું ખૂબ સન્માન કરીએ છીએ.

અગાઉ મુઈઝ્ઝુએ એલાન કર્યુ હતુ કે ભારતીય સેનાની પહેલી ટુકડી ૧૦ માર્ચ સુધી ભારત મોકલી દેવામાં આવશે. જે બાદ બાકીની બે ટુકડીઓને ૧૦ મે સુધી મોકલવામાં આવશે. માલદીવના રાષ્ટ્રપતિ ચીનના ઘોર સમર્થક છે અને દરમિયાન તે પોતાના હિતોને અવગણીને ભારતનો વિરોધ કરી રહ્યા છે. મુઈઝ્ઝુનું કહેવુ છે કે તેમના દેશમાં કોઈ પણ વિદેશી સેના હાજર રહેવી જોઈએ નહીં.

જન જન જાગે... એચ.આઈ.વી. ભાગે...

# આરડીએનપી પ્લસના સ્થાપના દિવસે મશાલ રેલી યોજાય

## રોટરી કલબ, એઈડસ પ્રિવેન્સન કલબ અને સ્વનિર્ભર શાળા એસો.ના સથવારે રેસકોર્ષ રીંગ રોડ ફરતે એઈડસ જાગૃતિ પ્રસરાવી


તસ્વીરઃ- શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં એચ.આઈ.વી. સાથે જીવતા લોકોના સંગઠન આરડીએનપી પ્લસના ૨૦માં સ્થાપના દિવસના અવસરે રેસકોર્સ રીંગ રોડ ફરતે એચ.આઈ.વી / એ.આઈ.ડી.એસ. બાબતે જન જાગૃતિ મશાલ રેલીનું આયોજન રોટરી કલબ, એઈડસ પ્રિવેન્ટસ કલબ, સ્વનિર્ભર શાળા એસો. અને જીલ્લા એઈડી પ્રિવેન્ટસ અને કંટ્રોલ યુનિટ, જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે આયોજન કરવામાં આવેલ હતું, જેમાં વિશાળ સંખ્યામાં સંસ્થાના પ્રતિનિધિઓ જોડાયા હતા.

રેલી પ્રસ્થાન મેયર નયનાબેન પેઢડીયા અને સ્વ નિર્ભર શાળાના પ્રમુખ ડી.વી. મહેતાના વરદ હસ્તે કરાયું હતું. આ તકે છેલ્લા ચાર દાયકાથી એઈડસ જાગૃતિનું કાર્ય કરતા અરૂણ દવે, ફૂલછાબ માનવ સેવા ટ્રસ્ટના નરેન્દ્રભાઈ જીબા અને પરાગભાઈ તન્ના સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

રેલીનો મુખ્ય હેતુ એચ.આઈ.વી. સાથે જીવતા લોકો પ્રત્યે કલંક અને ભેદભાવની ઘટના ન બને અને તેના માનવીય અધિકારોનું રક્ષણ સાથે તેના માટે સમાજમાં સ્વચ્છ વાતાવરણ નિર્માણ થાય તે માટે લોક શિક્ષણ અને લોકજાગૃતિનો હતો.

રિપોર્ટરઃ- અરૂણ દવે
કેમેરામેનઃ- જુનેદ જાફાઈ

### જનજાગૃતિ રેલીમાં વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ અને જનસમુદાય જોડાયો

મેયર નયનાબેન પેઢડીયાએ તેના ઉદબોધનમાં જણાવેલ કે આવા લોકો પ્રત્યે હમ દર્દી સહયોગના તમામ કાર્યોમાં રાજકોટ મહાનગરપાલિકા તમામ સહયોગ આપશે. સ્વ. નિર્ભર શાળા એસો.ના પ્રમુખ ડી.વી. મહેતાએ જણાવેલ કે, ધો. ૯ થી ૧૨ અને કોલેજ છાત્રોમાં એઈડસ જન જાગૃતિ આવશ્યક છે. સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ પટેલે જણાવેલ કે વાયરસના વાહકો માટે ભેદભાવ વગર સારવાર સંભાળ અને દવાઓ મળે તેવું વાતાવરણ ઉભુ કરવામાં સૌનો સાથ સહકાર જરુરી છે.સમગ્ર આયોજનમાં રોટરી કલબના પરેશભાઈ બાબરીયા, દિવ્યેશભાઈ પટેલ, ઘનશ્યામભાઈ મહેતા સહિતના મહાનુભાવો તથા એઈડસ જનજાગૃતિમાં કાર્યરત સંસ્થા એઈડસ કલબ, લક્ષ્ય ટ્રસ્ટ, નવજીવન ટ્રસ્ટ, સમસ્ત લેઉવા પટેલ પ્રગતિ મંડળ વિગેરેના કાર્યકરો હાજર રહ્યા હતા. સમગ્ર રેલી દરમ્યાન માઈક દ્વારા એઈડસ જનજાગૃતિ સાથે લોક શિક્ષણનો પ્રચાર પ્રસાર કરાયો હતો.

# લોકસભાના ભાજપના બન્ને દિગ્ગજ ઉમેદવારોને હર્ષભેર વધાવતું જિલ્લા ભાજપ



**અબતક, રાજકોટ**

લોકસભા-૨૦૨૪ના ઉમેદવાર બે કેન્દ્રીયમંત્રીઓ રાજકોટ-રુપાલા અને પોરબંદર-માંડવીયાની જાહેરાતને હર્ષભેર વધાવતું રાજકોટજીલ્લા ભાજપ : દવે, ઢોલરીયા, જાડેજા, હેરભા, માંકડિયા આવનારી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી અંતર્ગત કેન્દ્ર દ્વારા લોકસભા ઉમેદવારોની પ્રથમ યાદીની જાહેરાત કરવામાં આવી. તેમાં રાજકોટ લોકસભામાં માન.કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલાની તેમજ પોરબંદર લોકસભામાં માન.કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાની જાહેરાત થતા રાજકોટ જીલ્લા ભાજપમાં હર્ષની લાગણી ફરી વળી છે. ઉપરોકત બંને લોકસભાના ઉમેદવારોની જાહેરાત થતા રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા સહીત જીલ્લાના હોદેદાર, જીલ્લા મોરચાના હોદેદારો, મંડલના હોદેદારો સહીત જીલ્લાભરના કાર્યકર્તાઓ દ્વારા હર્ષભેર વધાવેલ છે.

# બોર્ડનાં પરિક્ષણ તારીખમાં ફેરફાર કરવા માધ્યમિક શિક્ષક સંઘની માંગ

## શિક્ષક મિત્રો પરિવાર સાથે રહી અને તહેવાર ઉજવી શકે તે હેતું દર્શાવાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડને લેખિત રજૂઆત કરી જણાવ્યું છે કે ૨૪ અને ૨૫ હોળી ધૂળેટીનો તહેવાર હોય ખાસ કરીને આ તહેવારો ખૂબ ધામધૂમથી ઉજવાતા હોય ત્યારે આ તહેવારો દરમિયાન પોતાના પરિવાર સાથે શિક્ષક મિત્રો રહી શકે અને તહેવાર ઉજવી શકે આ સિવાય બીજી અગત્યની બાબત એ છે કે ઘણા બધા મહિલા શિક્ષકો તૈયાર થઈ અને પેપર જોવા માટે જતા હોય ત્યારે વચ્ચેથી ધુળેટી દરમિયાન કોઈ કલર કે પાણીથી એનો શિકાર બને તો ક્ષોભજન્ય બાબત બનશે એટલે આપને હાર્દિક વિનંતી છે. નમ્ર વિનંતી છે કે હોળીના દિવસે ત્રણ વાગે રજા મળે અને ધુળેટીના દિવસે મદયસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં સંપૂર્ણ દિવસ દરમિયાન રજા રહે ત્યાર પછીના દિવસોમાં રાબેતા મુજબ કામગીરી ચાલુ રહે તેવી રજુઆત ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ નારણભાઈ વિરડા રાજકોટ શહેર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ કૌશિકભાઈ રાવલ, મહામંત્રી હિતેષભાઈ કનેરીયા તેમજ મીડીયા કન્વીનર ભાવેશભાઈ ઈલાણીએ કરેલ છે.

જિલ્લા ભાજપ દ્વારા કમલમ ખાતે

# ટી.એમ.સી.ના નેતાના મહિલાઓ પર અત્યાચારો સામે વિરોધ પ્રદર્શન



**અબતક, રાજકોટ**

પશ્ચિમ બંગાળના સંદેશખલીમાં તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના નેતા દ્વારા મહિલાઓ ઉપર અઘટિત અપરાધો અને અત્યાચારો આચરવામાં આવ્યા તેના વિરોધમાં રાજકોટ જીલ્લા કાર્યાલય કમલમ ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. કેન્દ્રની સરકારે હરહંમેશ મહિલાઓના હિત અને ઉત્કર્ષ માટે સતત પ્રયત્નો કરી રહી છે અને દેશમાં મહિલાઓની સુરક્ષા અનેસ્વમાન તેમજ માભોમ ભારતી માતાની પુત્રીઓનું આવું શોષણ પશ્ચિમ બંગાળના સંદેશખલીમાં તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના નેતા દ્વારા મહિલાઓ ઉપર અઘટિતઅપરાધો અને અમાનુષી અપરાધો આચરવામાં આવ્યા. જે અંતર્ગત દેશની તમામ મહિલાઓમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

દેશમાં મહિલાઓની રક્ષાઓ માટે સતત કેન્દ્રની ભાજપ સરકાર મહિલાઓના હિત અને રક્ષણ માટેચિંતા કરી રહી છે. ત્યારે બનતી આવી અઘટિત ઘટનાઓથી ભાજપના તમામ ક્ષેત્રોમાં આ અત્યાચારોનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત રાજકોટ જીલ્લા ભાજપ પણ આક્રમક મુડમાં વિરોધકર્યો જેમાં રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા સહીત જીલ્લા મંત્રી વલ્લભભાઈ શેખલીયા, મંડલ પ્રભારી ગૌતમભાઈ કાનગડ, રજનીભાઈ સખીયા, દીપકભાઈ મદલાણી,જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા, સહ-ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકી, સોશિયલ મીડિયાધર્મેશભાઈ વસંત, અતુલભાઈ નથવાણી, દિનેશભાઈ વીરડા, ગણેશભાઈ ગોહેલ,અજયભાઈ મકવાણા, લખનભાઈ મહેતા, નયનભાઈ રાજપરા, રાજેશભાઈ વાઢેર, રોહિતભાઈ બગડા, અતુલભાઈ નથવાણી સહીતના કાર્યકર્તાઓ જોડાયા હતા.

# મહાશિવરાત્રી પર્વ નિમિત્તે દશનામ ગોસ્વામી સમાજ દ્વારા યોજાશે ભવ્ય શિવરથયાત્રા

## ''અબતક''ની મુલાકાતમાં શિવરથ યાત્રા સમિતિના આગેવાનોએ શક્તિપૂજનપાઠ અને શિવરથયાત્રા ની વિગતો આપી શિવ ભક્તોને ધર્મ લાભ લેવા કર્યું ''આહવાન''


તસ્વીરઃ- કરન વાડોલીયા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં મહાશિવરાત્રીની ઉજવણી સાથે દાયકાઓથી જોડાયેલી પરંપરા મુજબ ગોસ્વામી સમાજ શિવરથયાત્રા સમિતિ દ્વારા સનાતન હિન્દુ ધર્મશિવરાત્રી યાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે.

'અબતક'ની મુલાકાતે આવેલા શિવરથયાત્રા સમિતિના આગેવાનો અશ્વિનગીરીગોસાઈ ,વિનોદભારતી, ,વિપુલગીરી, આશિષભારતી, અજયવનભાઈ, દર્શનગીરી, મિહીરગીરી, વિશાલભારતી,રુષિતગીરી અને હેતભાઈ એ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે દશનામ ગોસ્વામી સમાજ શિવરાત્રી રથયાત્રા સમિતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શિવ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

રથયાત્રાના આયોજનના ભાગરૂપે ૨૫ ફેબ્રુઆરી રવિવારે કાર્યાલય ખાતે દસનામ ગોસ્વામી સમાજ દ્વારા શક્તિ પૂજન થી યાત્રા કાર્યનો પ્રારંભ કર્યો હતો..આઠ માર્ચ શુક્રવારે મહાશિવરાત્રી દિવસે દસનામ ગોસ્વામી સમાજ શિવરાત્રી સમિતિ દ્વારા બપોરે ૨:૦૦ વાગે કમલેશ્વર મહાદેવ મંદિર સામે સોરઠીયા વાળી સર્કલ પાસેથી યાત્રાનો પ્રારંભ થશે... આ રથયાત્રામાં ૧૨ જ્યોતિર્લિંગ પૈકી ૧૧મી કેદારનાથ મહાદેવ ને મુખ્ય રથમાં બિરાજમાન કરાવવામાં આવશે ,અને ભગવાન નું નગર ભ્રમણ થશે આ રથયાત્રા કમલેશ્વર મહાદેવ મંદિર એ થી નટેશ્વરમહાદેવ મંદિર, ભક્તિનગર સર્કલ ,નાગરિક બેંક ચોક, મહાકાલેશ્વર મહાદેવ મંદિર ,માલવયા ચોક, રામકૃષ્ણ આશ્રમ, જિલ્લા પંચાયત ચોક, મોટી ટાંકી ચોક ,લીમડા ચોક થી પંચનાથ મહાદેવ મંદિર અને કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર થઈને સાંજે ૭:૩૦ વાગે ચૌધરી હાઈસ્કૂલના ગ્રાઉન્ડ ખાતે પહોંચીને મહા આરતી અને મહાપ્રસાદ બાદ શિવ મહોત્સવ ની પૂર્ણાહુતિ કરવામાં આવશે મહાપ્રસાદ અને ફરાળના દાતા તરીકે શ્યામ ગ્રુપ વાળા રાકેશભાઈ પ્રવીણભાઈ સંચાણિયા ને પુણ્ય લાભ અપાયો છે શિવ રથયાત્રા નો ધર્મ લાભ લેવા શિવભક્તોને રમેશ ગીરી જગદીશ ગીરી ગોસ્વામી દ્વારા આહવાન કર્યું છે.

# ચુંવાળીયા કોળી સમાજ દ્વારા સમુહ લગ્ન યોજાયો

## ૧૨ નવ દંપતીએ પ્રભુતામાં પગલા પાડ્યા ૮૦થી વધુ વસ્તુ કરિયાવરમાં અપાયો





**અબતક, રાજકોટ**

ચુંવાળીયા કોળી સમાજ દ્વારા સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૨ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા. દિકરીઓને ૮૦થી વધુ વસ્તુઓ જીવન જરૂરિયાતની વસ્તુઓ, સોના-ચાંદી કરિયાવરમાં આપવામાં આવ્યું. વરઘોડાનું ઢોલ-નગારા સાથે ધામધૂમથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મહાન કાર્ય સમુહમાં ચુંવાળીયા કોળી સમાજના પ્રમુખ ધર્મેશભાઈ, દિનેશભાઈ મકવાણા, સમાજના અગ્રણીઓ અને સંતો-મહંતો, હાલિયાપાળા નકલંક રણુજાના રામદાસ બાપુ અને હરિપાલ વેલનાથધામના બાપુ ઉપસ્થિત રહ્યા હતા.

રિપોર્ટર : ક્રિષ્ના ત્રિવેદી
કેમેરામેન : મનસુખ રાઠોડ

# ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળાની મુલાકાત લેતા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા

## મેઘાણીગાથા પ્રદર્શન, મેઘાણી સાહિત્ય કોર્નર અને પુસ્તકાલયને રસપૂર્વક નિહાળ્યું





**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે વિવિધ કાર્યક્રમમાં પધારેલા મંત્રી મુળુભાઈ બેરાએ રાજકોટ શહેરના સદર વિસ્તાર સ્થિત ૧૫૫ વર્ષ જૂની ઐતિહાસિક રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર-૮ ની મુલાકાત લીધી હતી.આ તકે કેબિનેટ મંત્રી મુળુભાઈએ ઝવેરચંદ મેઘાણીની પ્રતિમાને ફૂલહાર પહેરાવીને શીશ ઝુકાવીને નમન કર્યું હતું. તેમજ ગૌરવવંતા રાષ્ટ્રીય શાયર ઝવેચંદ મેઘાણીની યાદમાં બનેલા મેઘાણીગાથા પ્રદર્શન, મેઘાણી સાહિત્ય કોર્નર અને પુસ્તકાલયને રસપૂર્વક નિહાળ્યું હતું.

ઝવેરચંદ સ્મૃતિ સંસ્થાના સ્થાપક પિનાકીભાઈ મેઘાણીએ મંત્રીનું ચરખાની પ્રતિકૃતિવાળુ સ્મૃતિ ચિન્હ અને પુસ્તક ભેટ સ્વરૂપે અર્પણ કર્યું હતું. આ અવસરે અગ્રણી ઉગ્રસેન ગોહિલ, લોકગાયક નિલેશ પંડ્યા, યુ.સી.આર. શૈલેષભાઈ પાડલીયા, સી.આર.સી. મનીષાબેન ચાવડા અને ઝવેચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા ઉત્પિડન મામલે જેલબંધ

# આસારામ બાપુની જેલ મુક્તિની માંગ સાથે મહિલા ઉત્થાન મંડળની આજે રેલી

## 'અબતક'ની મુલાકાતમાં મહિલા ઉત્થાન મંડળના આગેવાનોએ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે આસારામની મુક્તિ માટે જન જાગૃતિ યાત્રા અંગેની આપી વિગતો


તસ્વીરઃ- કરન વાડોલીયા

**અબતક, રાજકોટ**

મહિલા ઉત્પિડન મામલે જેલ બંધ સંત આસારામ બાપુને માનવતાના ધોરણે જેલમુક્ત કરવાની માંગ સાથે સંત શ્રી આસારામ આશ્રમ પ્રેરિત મહિલા સ્થાન મંડળ દ્વારા આજે સાંજે ચાર વાગે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે જનજાગૃતિ યાત્રા યોજશે.

અબ તકની મુલાકાતે આવેલા ભૂમિકાબેન ચોથાણી. ચેતનાબેન શુકલ, કિરીટભાઈ રાઠોડ અને કરસનભાઈ મિસ્ત્રી એ કાર્યક્રમ ની વિગતો આપતા જણાવ્યું હતું કે જેલમાં બંધ આસારામ બાપુ ની ઉમર ૮૬ વર્ષની હોય, યોગ્ય સારવારના અભાવે તેમની તબિયત દિવસે દિવસે બગડતી જાય છે તેમની યોગ્ય સારવાર માટે મહિલા મંડળ, યોગ વેદાંત સેવા સમિતિ અને યુવા સેવા સંઘ દ્વારા જનજાગૃતિ યાત્રા ના ભાગરૂપે આજે ચોથી માર્ચે સોમવારે સાંજે ૦૪:૦૦ વાગે એજી ચોક થી કાલાવડ રોડ, પુષ્કર ધામ રોડ ,ઈન્દિરા સર્કલ, કોટેચા ચોક ,હનુમાન મઢી થી રેસકોર્સ સુધીની યાત્રાનું આયોજન કર્યું છે ચાર થી આઠ વાગ્યા સુધીની યાત્રા આસારામ બાપુ ની મુક્તિની જાગૃતિ માટે શહેરના રાજમાર્ગો પર ફરશે અને ચેતનાના માધ્યમથી સરકારમાં આસારામને માનવતાના ધોરણે મુક્ત કરવા ની માંગ પહોંચાડશે .આસારામ બાપુ હજારો સાધક સમુદાયના હૃદયમાં બિરાજમાન હોય તેમણે ભારતીય સંસ્કૃતિના જતન કરતાં ગણાવીને મહિલા સ્થાન મંડળ દ્વારા માનવતાના ધોરણે તેમની મુકિતની માંગ કરી છે.



# રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોતમ રૂપાલાને કાલે ફુલડે વધાવશે શહેર ભાજપ

## લોકસભા બેઠકના ઉમેદવાર જાહેર કર્યા બાદ પ્રથમ વખત રાજકોટની મુલાકાતે આવી રહેલા કેન્દ્રીય મંત્રીને પારેવડી ચોકમાં આવકારશે: શહેર ભાજપ કાર્યાલય સુધી શાનદાર રેલીનું આયોજન

**અબતક રાજકોટ**

સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ગત શનિવારે ઉમેદવારોના નામની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં ૧૯૫ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરાયા છે. રાજકોટ લોકસભા બેઠક પરથી કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાને ટિકિટ આપવામાં આવી છે. ઉમેદવાર જાહેર કરાયા બાદ આવતીકાલે પ્રથમવાર રાજકોટ પધારી રહેલા રૂપાલાનું શહેર ભાજપ દ્વારા શાનદાર સ્વાગત કરવામાં આવશે. આ અંગે વધુ માહિતી આપતા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને મહામંત્રી વીરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, લોકસભાની આગામી ચૂંટણી માટે ભાજપ દ્વારા રાજકોટ બેઠક પરથી ઉમેદવાર તરીકે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાના નામની ઘોષણા કરી છે. શહેર ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓમાં જબરજસ્ત ઉત્સાહ જોવા મળે રહ્યો છે. સૌરાષ્ટ્રની તમામ બેઠકો પૈકી રાજકોટ લોકસભા બેઠક પરથી પરસોત્તમભાઈ રૂપાલાને રેકોર્ડબ્રેક લીડથી જીતાડવા કાર્યકરો અત્યારથી જ ખભે ખભા મિલાવી કામ કરી રહ્યા છે.ઉમેદવાર જાહેર કરાયા બાદ આવતીકાલે સવારે ૧૦ કલાકે પરસોતમભાઈ રૂપાલા પ્રથમ વખત રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ અમદાવાદથી બાય રોડ રાજકોટ આવશે. પારેવડી ચોક ખાતે શહેર ભાજપના હજ્જારો કાર્યકર્તાઓ પોતાના લોકલાડીલા અ

નેતા અને ઉમેદવારને ફુલડે વધાવશે. ભવ્ય સ્વાગત કરવામાં આવશે સાથોસાથ આતશબાજી પણ કરવામાં આવશે. પારેવડી ચોકથી ૧૫૦ ફૂટ રીંગ રોડ સ્થિત શહેર ભાજપ કાર્યાલય સુધી એક વિશાળ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આવતીકાલથી જ ભાજપ દ્વારા રાજકોટ લોકસભા બેઠક માટે ચૂંટણી પ્રચારનો આરંભ કરી દેવામાં આવશે. હજી ચૂંટણીની તારીખોનું પણ એલાન પણ નથી થયું ત્યાં ભાજપ દ્વારા જે રીતે ઉમેદવારોના નામની ઘોષણા કરી દેવામાં આવી છે તે બતાવે છે કે જીત માટે પક્ષ કેટલો નિશ્ચિત છે. પોતાના કાર્યકરોને પણ પ્રચાર પ્રસારની કામગીરીમાં લાગી જવા મોવડી મંડળ દ્વારા તાકીદ કરવામાં આવી છે. બુધવારે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા પત્રકાર પરિષદને પણ સંબોધે તેવી શક્યતા હાલ જણાય રહી છે.

# શહેરમાં શ્વાનનો આતંક:એક માસમાં ૫૦૧ વ્યક્તિઓ બન્યાં ડોગ બાઈટનો શિકાર

## એક સપ્તાહમાં શરદી-ઉધરસના ૧૩૮૧ કેસ, ઝાડા-ઉલટીના ૨૨૪ કેસ અને તાવના ૧૮૨ કેસ નોંધાયા:ચિકનગુનિયાએ પણ દેખા દીધી

**અબતક રાજકોટ**

કોર્પોરેશનની સ્વાન ખસીકરણની કામગીરી સામે શંકા ઉદ્ભવી રહી છ.શહેરભરમાં સ્વાનના આતંકે હાહાકાર મચાવ્યો છે. ફેબ્રુઆરી માસના ૨૯ દિવસમાં શહેરમાં ૫૦૧ વ્યક્તિઓને ડાઘીયા કુતરાંઓએ પોતાના શિકાર બનવ્યા છે.આ એવા કેસ છે જે ડોગ બાઈટીંગ બાદ કોર્પોરેશનના આરોગ્ય કેન્દ્રમાં હડકવા વિરોધી રસી લેવા માટે આવ્યા હોય જે લોકોએ ખાનગી હોસ્પિટલ કે સિવિલ હોસ્પિટલમાં હડકવા વિરોધી રસી લીધી હોય તેવા કેસ અલગ છે.શહેરમાં શેરી-ગલીઓમાં કુતરાનો ત્રાસ સતત વધી રહ્યો છે. જેમાંથી મુક્તિ અપાવવા શહેરીજનો રીતસર આજીજી કરી રહ્યા છે.

કોર્પોરેશનની આરોગ્ય શાખાના સૂત્રોના જણાવ્યા અનુસાર છેલ્લા એક મહિનામાં ડોગ બાઈટીંગના ૫૦૧ કેસ કોર્પોરેશનના આરોગ્ય કેન્દ્રમાં નોંધાયા છે. કુતરાએ બચકા ભર્યા બાદ આ લોકો આરોગ્ય કેન્દ્ર ખાતે હડકવા વિરોધી રસી મુકાવવા માટે



આવ્યા હતા. ખાનગી હોસ્પિટલ કે સરકારી હોસ્પિટલમાં જે લોકોએ હડકવા વિરોધી રસી મુકાવી હોય તેવા કેસ અલગ છે.

સામાન્ય રીતે ખૂબ જ જૂજ પ્રમાણમાં લોકો કોર્પોરેશનના આરોગ્ય કેન્દ્રમાં હડકવા વિરોધી રસી મુકાવવા માટે આવતા હોય છે. ખાનગી હોસ્પિટલમાં વધુ જતા હોય છે. જે કેસ જાહેર કરવામાં આવ્યા છે તેનાથી ત્રણ ગણા વધુ કેસ ડોગ બાઈટના હોવાનું મનાય રહ્યું છે.

કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા આજે રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ગત સપ્તાહે શરદી-ઉધરસના ૧૩૮૧ કેસ, સામાન્ય તાવના ૧૮૨ કેસ અને ઝાડા-ઉલટીના ૨૨૪ કેસ નોંધાયા હતા.જયારે ટાઈફોઈડ તાવનો પણ એક કેસ મળી આવ્યો હતો. ચિકનગુનિયાનો પણ એક કેસ નોંધાયો છે. રોગચાળાને નાથવા માટે ૧૨,૩૮૬ ઘરોમાં પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત ૭૧૬ ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યૂ હતું. બિન રહેણાંક હેતુની ૧૦૬૬ મિલકતોમાં મચ્છરોની ઉત્પત્તિ સબબ ચેકિંગ હાથ ધરાયું હતું. ૨૦૨ સ્થળોએથી મચ્છરોના લારવા મળે આવતા નોટિસ આપવામાં આવી હતી. આ ઉપરાંત બિન રહેણાંક હેતુની ૩૭૯ મિલકતોમાં મચ્છરના લારવા મળી આવતા નોટિસ આપવામાં આવી છે.

# જય ભીમનગર પીપીપી આવાસ યોજના રદ કરવાની માંગણી

## કોર્પોરેશનના અધિકારીઓએ ષડયંત્રકારી પીપીપી યોજના બનાવી હોવાનો આક્ષેપ

**અબતક રાજકોટ**

ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતા લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે કોર્પોરેશન દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં ઝૂંપડપટ્ટીના સ્થાને પીપીપી આવાસ યોજના બનાવવામાં આવે છે.શહેરના નાના મવા વિસ્તારમાં આવેલી જય ભીમનગર આવાસ યોજનામાં પણ પીપીપી યોજના દાખલ કરવામાં આવી છે. જે મનઘડત અને ષડયંત્રકારી હોય ટેન્ડર હરદ કરવાની માગણી કરવામાં



આવી છે.

આજે જયભીમનગર ઝુપડપટી વિસ્તારમાં વસવાટ કરતા લોકોનું ટોળું કોર્પોરેશન કચેરીએ ધસી આવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે નાના મવાના સર્વે નંબર ૧૨૩ પૈકીની ટીપી સ્કીમ નંબર ૨૦ નાના મવાના ફાઈનલ પ્લોટ નંબર ૫૪, ૫૫/૧ અને ૫૪ બી માં ઝૂંપડપટ્ટીના સ્થાને પાકા મકાન બનાવવા આવાસ યોજના આવી હતી. જેમાં ઝુંપડપટ્ટીવાસીઓનું હીત જળવાતું નથી. અનેક લોકોની ઘરની છત છીનવાય જાય છે અને ધંધા રોજગાર વિનાના થઈ જાય છે.અમુક અધિકારીઓ દ્વારા આ આવાસ યોજના બિલ્ડરોના લાભ માટે બનાવવામાં આવી હોય જે તાત્કાલિક અસરથી રદ કરવાની માગણી કરાય છે.

# લોહાનગરમાં ભોલે આર્કેટમાં ભાગીદારોની ૧૨ મિલકતો સિલ

## ટેક્સ રિકવરીની કામગીરી અંતર્ગત ૩૩ મિલકતોને તાળા:૧૫ મિલકતોને ટાંચમાં લેવાય

**અબતક રાજકોટ**

કોર્પોરેશનની વેરા વળતર શાખા દ્વારા આજે હાથ ધરવામાં આવેલી ટેક્સ રિકવરીની કામગીરી અંતર્ગત શહેરના વોર્ડ નં. ૩માં લોહાણાપરા મેઈન રોડ પર આવેલા ભોલે આર્કેટ નામના બિલ્ડીંગમાં બાકીદારોની ૧૨ મિલકતોને સીલ કરી દેવામાં આવી હતી જ્યારે વોર્ડ નં. ૪માં રોહીદાસ પર મેઈન રોડ પર વેરો વસૂલવા એક બાકીદારનું નળ જોડાણ કપાયું હતું.

આજે ટેક્સ બ્રાન્ચનો કાફલો શહેરના અલગ અલગ વિસ્તારોમાં ત્રાટકયો હતો. જે અંતર્ગત વોર્ડ નં.૧,૩,૪, ૫, ૬, ૭, ૧૨, ૧૩, ૧૫ અને ૧૮ માં બાકીદારોની ૩૩ મિલકતોને સીલ કરી દેવામાં આવી



હતી. જ્યારે ૧૫ મિલકતોને ટાંચ જપ્તી નોટિસ આપવામાં આવી છે.એક ભાગીદારનું નળ જોડાણ કપાત કરવામાં આવ્યું છે.બપોર સુધીમાં ૩૦ લાખની રિકવરી થવા પામી હતી.

# દબાણ હટાવ શાખાનો સપાટો: ૬૩ રેંકડી- કેબીન ૯૮૦ બોર્ડ-બેનરો જપ્ત

## રૂ.૧,૬૭,૯૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરાયો

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા મવડી મેઈન રોડ,પુષ્કરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ, રામાપીર ચોકડી,ગુંદાવાડી,જ્યુબેલી માર્કેટ, બજરંગવાડી,જામનગર રોડ,અશોક ગાર્ડન,બુધવારી, ગાયત્રીનગર મેઈન રોડ,આહીર ચોક પાસેથી રસ્તા પર નડતર રૂપ ૬૩ રેકડી-કેબીન જપ્ત કરવામાં આવી હતી. જ્યોતિનગર,નાણાવટી ચોક,પંચાયત ચોક,ગોવિંદબાગ, નાના મૌવા મેઈન રોડ, આનંદબંગલા ચોક, ખાદીભવન સામે, અર્ટીકા,રવિરત્ન પાર્ક,



માધાપર ચોકડી,જામનગર રોડ,કોર્ટ ચોક, ગાયાત્રીનગર, હોસ્પિટલ ચોક,ગરૂડગરબી ચોક પરથી જુદીજુદી અન્ય ૧૧૯ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

વેસ્ટ ઝોન,પંચાયત ચોક,રામાપીર ચોકડી,પુષ્કરધામ મેઈન રોડ,માધાપર રિંગ રોડ,લક્ષ્મિનગર નાલા પાસેથી ૭૧૨ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ. પુષ્કરધામ મેઈન રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ,નંદનવન,મવડી વિસ્તાર,મટકી ચોક,સ્વામીનારાયાણ ચોક પરથી રૂ.૭૨,૪૫૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ ૮૦ફુટ રોડ,અર્ટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૯૫,૪૫૦/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

કાલાવડ રોડ,યુનિ. રોડ ,સ્પિડવેલ ચોક સુધી,સાધુવાસવાણી રોડ,ઢેબર રોડ,જામનગર રોડ,ટાગોર રોડ,રેસકોર્ષ રિંગરોડ, સંતકબીર રોડ પાસેથી ૯૮૦ બોર્ડ-બેનર જપ્ત કરાયા હતા.

# પૂ. જલાબાપાની ૧૪૩મી પુણ્યતિથિએ

# રાજસમઢીયાળાના જલારામધામ ખાતે કાલે અનાજ કીટ વિતરણ તથા મહાપ્રસાદ

**અબતક, રાજકોટ**

વિશ્વ વંદનીય સંત પુરૂષ પૂ. શ્રી જલારામ બાપાની ૧૪૩મી પુણ્ય તિથિ નીમીતે તા. ૫-૩ ને મંગળવારે રાજ સમઢીયાળી રાજકોટથી સરધાર પાસે ૨૧ કી.મી. દુર જલારામ ધામ ખાતે સવારે ૮.૩૦ થી ૯.૩૦ દરમ્યાન પુજા આરતી કરવામાં આવશે. રાજસમઢીયાળી તથા આસપાસના જરુરીયાત મંદ પરિવારોને અન્ન દાનની કીટ અર્પણ કરવામાં આવશે. કિષ્નાબેન જાડેજા દ્વારા જલારામ બાપાના ભજનો કરવામાં આવશે. તથા બપોરે ૧૨.૩૦ કલાકે જલારામ ભકતો માટે મહાપ્રસાદનું જલારામ સેવા ધામ રાજ સમઢીયાળા પાસે ત્રંબાથી આગળ સરધાર પાસે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સર્વ જલારામ ભકતો આમંત્રિત મહેમાનો દાતા પરિવારજનોએ ઉપસ્થિત રહેવા જલારામ ઝુંપડી સેવા ચે. ટ્રસ્ટના ઉષાબેન મુકુંદભાઇ ત્રિવેદી પરિવાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં નીતીનભાઇ રાયચુરા, રમેશભાઇ અઢીયા, પ્રફુલભાઇ અઢીયા, ડો. શાંતિભાઇ સોલંકી, ભરતભાઇ ભટ્ટ, અમૃતભાઇ પોપટ, દર્શકભાઇ ઠકકર (સી.એ.) સહિત જલારામ ભકતો ઉપસ્થિત રહેશે.

# માધાપર વિસ્તારમાં ૨૧ કરોડના ખર્ચે ડ્રેનેજ લાઇનની કામગીરી પુરજોશમાં

## ધારાસભ્ય જીતુભાઇ સોમાણી અને ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજાએ કર્યુ નિરીક્ષણ



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૩ માધાપર વિસ્તારમાં અમૃત મિશન ૨.૦ યોજના અંતર્ગત પાર્ટ-૧ માં રૂ.૮.૮૦ કરોડ પાર્ટ-૨માં એ-૫.૭૪ કરોડ, બી-૬.૧૦ કરોડ એમ કુલ રૂ.૨૦.૬૪ કરોડના ખર્ચે થનાર ડ્રેનેજ લાઈન કામગીરીની સમીક્ષા ધારાસભ્ય જીતુભાઈ સોમાણી અને ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા કરાયું હતું.

આ પ્રસંગે કોર્પોરેટર નરેન્દ્રસિંહ જાડેજા, કોર્પોરેટર બાબુભાઈ ઉધરેજા, કુસુમબેન ટેકવાણી, અલ્પાબેન દવે, વોર્ડ નં.૩ મહામંત્રી અભયભાઈ નાંઢા, ડો.હેમંત અમૃતિયા, શિક્ષણ સમિતિ સભ્ય હિતેશભાઈ રાવલ, યુવા મોરચા પ્રમુખ જીતુભાઈ કુંગશીયા, સુનીલભાઈ ટેકવાણી, ચંદ્રમોલીભાઈ દવે, હર્ષભાઈ સાવન, રણધીરભાઈ સોનારા, મનહરસિંહ ગોહિલ, દાનાભાઈ કુંગશીયા, જીતુભાઈ પંડ્યા, પૂર્વ સરપંચ ચનાભાઈ, ગઢવીભાઈ, નયનભાઈ ગંગાણી, અશોકભાઈ લશ્કરી, ધનરાજભાઈ રાઠોડ, મહિલા મોરચા પ્રમુખ હિનાબા ગોહિલ, મહિલા મોરચા પ્રભારી કમલબેન ખીરા, મહિલા મોરચા ઉપપ્રમુખ દક્ષાબેન વાઘેલા, પલ્લવીબેન જોષી, નેહાબેન રાછ, સાવિત્રીબેન, ડો. મારૂ તમામ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાજપ શિક્ષક સેલ સમિતિની રચના

## નવા પદાધિકારીઓને ભાજપ પ્રમુખ મુકેશ દોશીના અભિનંદન

**અબતક, રાજકોટ**

પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલજી, પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, રાજકોટ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની તેમજ સાથે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે અને વિરેન્દ્રસિંહ ઝાલા સાથે શિક્ષક સેલના સંયોજક રામભાઈ ગરૈયા, સહસંયોજક અજયકુમાર રાજાણીએ વિચાર વિમર્શ કરી રાજકોટ મહાનગર શહેરના ભાજપ શિક્ષક સેલ કમીટીના સભ્યોના નામની જાહેરાત કરી હતી. જેમાં કારોબારી સભ્ય તરીકે વિશાલભાઈ હિરાણી, પ્રવિણભાઈ ગોંડલીયા, રાણાભાઈ ગોજીયા, ચેતનભાઈ ટાંક, અતુલભાઈ ઠકરાર, કિશનભાઈ સુરાણી, અચ્યુતભાઈ તાળાની નિમણુંક કરવામાં આવેલ હતી. આ વરણીને શહેર ભાજપ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ડો.ભરતભાઈ બોઘરા, બીનાબેન આચાર્ય, ઉદય કાનગડ, દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, નયનાબેન પેઢડીયા, કમલેશ મીરાણી, અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના સાથે શહેર ભાજપની તમામ - શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.

# ઉત્કર્ષ સમાજના ટ્રસ્ટીનું શિક્ષણ બોર્ડનું વિભાજન કરવા ભૂપેન્દ્ર પટેલને આવેદનપત્ર

## સૌરાષ્ટ્ર માધ્યમિક બોર્ડનું મુખ્ય મથક રાજકોટ અને દક્ષિણ માધ્યમિક બોર્ડનું સુરત હોવું જોઈએ: યશવંત જનાણી

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજનાં સ્થાપક ટ્રસ્ટી અને ચેરમેન યશવંતભાઈ જનાણીએ રાજ્યનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી અનુરોધ કરેલ કે બે વર્ષ પહેલા તત્કાલીન મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને પત્ર દ્વારા અનુરોધ કરી ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું વિભાજન કરવા તથા સૌરાષ્ટ્ર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને દક્ષિણ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના કરવા માટે જણાવેલ. વિદ્યાર્થીઓની સંખ્યા જોતા આ જરૂરી હોય પરંતુ હજી સુધી કોઈ નિર્ણય લેવામાં આવેલ નથી.

સૌરાષ્ટ્ર માધ્યમિક શિક્ષણ બોર્ડનું મુખ્ય મથક રાજકોટ હોવું જોઈએ અને દક્ષિણ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું મુખ્ય મથક સુરત હોવું જોઈએ. આ સાથે બંને જગ્યાએ શાળા કમિશ્નર અથવા તો શાળા નિયામકની કચેરી શરૂ કરવી જોઈએ. જેથી કરીને સૌરાષ્ટ્રનાં કે દક્ષિણ ગુજરાતનાં વિદ્યાર્થીઓને રાજકોટ કે સૂરત જઈ સરળતાથી કામ કરી શકાય અને વિદ્યાર્થીઓ શિક્ષકો કે સામાન્ય નાગરિકોને ગાંધીનગરનાં ધક્કાથી બચી શકાય.માર્ચ-૨૦૨૪ની પરીક્ષામાં અંદાજે ૧૫ લાખ વિદ્યાર્થીઓ બેઠા છે. જેમાં એસ.એસ.સી.નાં વિદ્યાર્થીઓ અંદાજે ૯ લાખ જેટલા છે. જ્યારે ૧૨ સાયન્સનાં વિદ્યાર્થીઓ ૧૨૫૦૦૦ જેટલા છે અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓ અંદાજે ૫ લાખ જેટલા છે. આ કઠીન કામગીરી ગાંધીનગર સ્થિત ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ન થઈ શકે જેથી બોર્ડનું વિભાજન જરૂરી છે. જે રીતે મહારાષ્ટ્રમાં નાગપુર અને મુંબઈનાં બે બોર્ડ ચાલે છે. તે પેટર્ન પ્રમાણે માધ્યમિક શિક્ષણ બોર્ડનું વિભાજન કરી રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર માધ્યમિક શિક્ષણ બોર્ડ શરૂ કરવું જોઈએ અને સુરત ખાતે દક્ષિણ ગુજરાત માધ્યમિક બોર્ડ શરૂ કરવું જોઈએ. આ સમયની માંગ છે. જેના ઉપર ધ્યાન આપવા મુખ્યમંત્રીને અનુરોધ કરી જણાવેલ છે.

# પાણી પ્રદૂષણને અટકાવવા ઉદ્યોગોથી દરિયા સુધી પાઈપલાઈન નખાશે : મુળુભાઈ બેરા

## મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં રામકૃષ્ણ આશ્રમ ખાતે ૧૨માં રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ વિષય ક્વિઝ સ્પર્ધાનો પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો

**અબતક, રાજકોટ**

રામકૃષ્ણ આશ્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા કેબિનેટ મંત્રી મુળુ બેરાએ જણાવ્યું કે, ગુજરાતમાં ભાજપ તમામ ૨૬ બેઠક પર ૫ લાખથી વધુની લીડથી જીતશે તે નિશ્ચિત છે તો બીજી તરફ ઉદ્યોગો દ્વારા ફેલાતા પ્રદૂષણ બાબતે કહ્યું કે, ઉદ્યોગોના ગંદા પાણી નદી-નાળાંને બદલે દરિયામાં ઠાલવવાનો પ્રોજેક્ટ છે. જેતપુરના સાડી ઉદ્યોગોથી ફેલાતું હવાનું પ્રદૂષણ અટકાવવા ગેસ લાઈનનો પ્રોજેક્ટ અને પાણીનું પ્રદૂષણ અટકાવવા ઉદ્યોગોની દરિયા સુધીની પાઈપલાઈનનું કામ થશે.

મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં રામકૃષ્ણ આશ્રમ ખાતે ૧૨મી રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ વિષય ક્વિઝ સ્પર્ધાનો







વિજેતાઓને પુરસ્કાર વિતરણ કાર્યક્રમ યોજયો હતો. જેમાં મંત્રી મુળુભાઈના હસ્તે રાજ્ય અને જિલ્લા સ્તરે વિજેતા થયેલા ખેલાડીઓને સ્મૃતિચિહ્ન, શિલ્ડ અને પુસ્તક આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ૧૨મી રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ વિષય ક્વિઝ સ્પર્ધામાં ૩૩ જિલ્લાની ૫૧૬ શાળાઓના આશરે ૪૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં રાજ્ય સ્તરે પ્રથમ સ્થાને વડોદરા જિલ્લાની પટેલ ખ્વાહિશ, દ્વિતીય સ્થાને મોરબી જિલ્લાની વિરપરા સ્નેહા, અમરેલી જિલ્લાનો સોલંકી વૈભવ અને તૃતીય સ્થાને આણંદ જિલ્લાનો ચૌહાણ સ્નેહલ વિજેતા થયા હતા.

રાજકોટને હરિયાળું બનાવવા અર્થે મંત્રી મુળુભાઈ બેરાની પ્રેરક ઉપસ્થિતિમાં ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને સદભાવના વૃદ્ધાશ્રમના સંયુક્ત ઉપક્રમે સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે વૃક્ષારોપણ કાર્યક્રમમાં યોજાયો હતો.

મુળુભાઈની અધ્યક્ષતામાં ઉદ્યોગ સાહસિકોના ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું જેના વિશે તેમણે જણાવ્યું હતું કે, ઉદ્યોગગૃહોનું કહેવું હતું કે, નદીમાં ઉદ્યોગોનું ગંદુ પાણી ભળતું હોય તે યોગ્ય નથી પરંતુ, કલેકટર સમક્ષ જમીન નોન એગ્રિકલ્ચર કરાવી નાખી હોય, લાઈટ કનેકશન લઈ

### સૌરાષ્ટ્ર-કચ્છમાં પ્રવાસનની મોટી સર્કિટ વિકસે એવો પ્રયાસ : મુળુભાઈ બેરા

**મુળુભાઈએ પ્રવાસન સ્થળો બાબતે જણાવ્યુ કે, સાસણથી દ્વારકા સુધીની સર્કિટ, પોરબંદરમાં બોકર સાગર, બરડા સર્કિટ, બેટ દ્વારકા, તુલસી શ્યામ સહિતના ઐતિહાસિક અને હેરિટેજ સ્થાનોને વિકસાવવાનો પ્રયાસ ચાલુ છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પ્રવાસનની મોટી સર્કિટ વિકસે એવો પ્રયાસ છે.**

લીધું હોય અને પછી જયારે જીપીસીબીમાં જઈએ ત્યારે કહેવામાં આવે કે ઉદ્યોગની જમીન નદી-નાળાના ૧૦૦ મીટરમાં છે. જે બાબતે ચર્ચા થઈ. જેતપુરનો સાડી ઉદ્યોગ પાણી પ્રદૂષિત કરતો હોવાનો પ્રશ્ન છે ત્યારે આ બાબતે ત્યાં અગાઉ જવાનું થયું હતુ. ત્યાંના એસોસિએશન સાથે ચર્ચામાં કહ્યું કે, ઉદ્યોગોની ચિમનીઓથી હવામાં પ્રદૂષણ ફેલાય છે. જેથી ગેસ આપે છે તો કામ પૂર્ણ કરો. જે બાદ ત્યાં ૫૦ ટકા જેટલું કામ પૂર્ણ થઈ ગયું છે. આ ઉપરાંત પાણીના પ્રદૂષણ બાબતે ૯૦-૧૦ની સ્કીમ છે. જેમાં કેન્દ્ર-રાજ્ય સરકારના ૯૦ ટકા અને ૧૦ ટકા એસોસિએશન દ્વારા ખર્ચવામાં આવશે. જેમાં પાઈપલાઈન માટેનું ટેન્ડર કરવામા આવ્યું છે.

(પહેલા પાનાનું ચાલુ)

### ભાજપ

પૂનમબેન માડમ, આણંદ બેઠક પરથી મીતેશભાઈ પટેલ, ખેડા બેઠક પરથી દેવુસિંહ ચૌહાણ, પંચમહાલ બેઠક પરથી રાજપાલસિંહ જાદવ, નવસારી બેઠક પરથી સી.આર.પાટીલ, દાહોદ બેઠક પરથી જશવંતસિંહ ભાભોર, ભરૂચ બેઠક પરથી મનસુખભાઈ વસાવા અને બારડોલી બેઠક પરથી પ્રભુભાઈ વસાવાને ટિકિટ આપવામાં આવી છે.

સૌરાષ્ટ્રની જે ચાર બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી નથી. તેમાં ભાવનગર, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને અમરેલી બેઠકનો સમાવેશ થાય છે. જેમાં અનુક્રમે ડો.ભારતીબેન શિયાળ, ડો.મહેન્દ્ર મુંજપરા, રાજેશભાઈ ચુડાસમા અને નારણભાઈ કાછડિયા સિટીંગ સાંસદ છે. તમામની ટિકિટ પર જોખમ રહેલું છે. સૌરાષ્ટ્રમાં ચાર પૈકી એકમાત્ર બેઠક પર મહિલા સાંસદ પૂનમબેન માડમને રિપીટ કરવામાં આવ્યા હોય. ભાવનગર બેઠકના વર્તમાન મહિલા સાંસદ ભારતીબેન શિયાળને રિપીટ કરવામાં આવે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી. જૂનાગઢ બેઠક પરથી રાજેશભાઈ ચુડાસમા, અમરેલી બેઠક પરથી નારણભાઈ કાછડિયા અને સુરેન્દ્રનગર બેઠક પરથી ડો.મહેન્દ્ર મુંજપરાના સ્થાને નવા ચહેરાને લોકસભાની ટિકિટ આપવામાં આવશે. તેવું હાલ મનાય રહ્યું છે.

આગામી છ માર્ચના રોજ ભાજપની રાષ્ટ્રીય ચૂંટણી સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક મળશે. ૭ માર્ચના રોજ ભાજપ દ્વારા ઉમેદવારોના નામની બીજી યાદી જાહેર કરવામાં આવશે. જેમાં ૨૦૦ બેઠકો માટે મૂરતિયા જાહેર કરવામાં આવશે. ગુજરાતની બાકી રહેલી ૧૧ બેઠકો માટે ગુરૂવારે ઉમેદવારોના નામો જાહેર કરી દેવામાં આવશે. ૧૪ કે ૧૫ માર્ચના રોજ ઉમેદવારોના નામની ત્રીજી અને અંતિમ યાદી જાહેર કરવામાં આવે તેવું હાલ દેખાય રહ્યું છે. ટૂંકમાં લોકસભાની ચૂંટણી માટેની તારીખોનું એલાન થાય તે પૂર્વ ભાજપ દ્વારા ૫૪૩ બેઠકો પૈકી મોટાભાગની બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવશે.

### એક્શન પ્લાન

સૂત્રોના જણાવ્યા અનુસાર મંત્રીઓએ આગામી ૫ વર્ષ માટે વિગતવાર કાર્ય યોજના પર ચર્ચા કરી હતી.મે ૨૦૨૪માં નવી સરકારની રચના પછી ઝડપી અમલીકરણ માટે તાત્કાલિક પગલાં માટે ૧૦૦-દિવસીય એજન્ડા પર પણ કામ કરવામાં આવશે. હરીફો હજી ચૂંટણીલક્ષી રણનીતિ પણ ઘડી શક્યા નથી ત્યાં મોદીએ નવી સરકારની કાર્યશૈલી કેવી હશે તે અંગે સંકેતો દેશની જનતા સમક્ષ મૂકે દીધો છે.

પીએમએ બેઠકમાં એક કલાક સુધી વાત કરી હતી અને ભાવિ તકનીકોમાં રોકાણ કરવા અને તેનો ઉપયોગ કરવા વિશે જણાવ્યું હતું. જેથી ભારત નવીનતામાં આગળ વધે. તેમણે વય-સંબંધિત વસ્તી વિષયક ફેરફારો અને તેમાં સામેલ પડકાર વિશે પણ વાત કરી.

મોદીએ મંત્રીઓ અને અધિકારીઓને ભૂતકાળમાં નિર્ણયો કેવી રીતે વિકસિત થયા અને છેલ્લા ૨૫ વર્ષોમાં વિચારો કેવી રીતે બદલાયા તે જોવા માટે સંબંધિત મંત્રાલયોના રેકોર્ડ્સમાંથી પસાર થવાનું પણ કહ્યું.

આગળ તેમણે પ્રગતિશીલ સરકાર અને સક્રિય સુશાસન પર ધ્યાન કેન્દ્રિત કરીને મહત્તમ સરકાર અને લઘુત્તમ શાસન વિશે વાત કરી.

વિકસીત ભારત માટેનો રોડમેપ બે વર્ષથી વધુની સઘન તૈયારીનું પરિણામ છે. તેમાં 'સમગ્ર સરકાર' અભિગમનો સમાવેશ થતો હતો જેમાં તમામ મંત્રાલયો અને રાજ્ય સરકારો, શિક્ષણવિદો, ઉદ્યોગ સંસ્થાઓ, નાગરિક સમાજ, વૈજ્ઞાનિક સંસ્થાઓ અને યુવાનોને તેમના વિચારો, સૂચનો અને ઈનપુટ્સ મેળવવા માટે એકત્રીકરણ સાથે વ્યાપક પરામર્શનો સમાવેશ થતો હતો. વિવિધ સ્તરે ૨,૭૦૦થી વધુ બેઠકો, વર્કશોપ અને સેમિનાર યોજાયા હતા. ૨૦ લાખથી વધુ યુવાનોના સૂચનો મળ્યા હતા.

વિકસિત ભારત માટેના રોડમેપમાં રાષ્ટ્રીય વિઝન, આકાંક્ષાઓ, ધ્યેયો અને એક્શન પોઈન્ટ્સને સ્પષ્ટપણે દર્શાવતી વ્યાપક બ્લુપ્રિન્ટ છે. તેના ધ્યેયોમાં આર્થિક વૃદ્ધિ, જીવનની સરળતા, વ્યવસાય કરવાની સરળતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સામાજિક કલ્યાણ વગેરે જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

### ચીપ

વગેરેનું ઉત્પાદન કરે છે. હવે ભારત સેમિકન્ડકટર મેન્યુફેક્ચરિંગમાં ઉંચો હિસ્સો મેળવવા ઈચ્છે છે. માઈક્રોન અને ટાટા સહિત ચાર કંપનીઓને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર દ્વારા ૭૬ હજાર કરોડ રૂપિયાના પ્રોત્સાહનનો ફાયદો થયો છે.

અશ્વિની વૈષ્ણવે કહ્યું કે દેશમાં પહેલેથી જ વિશ્વની લગભગ એક તૃતીયાંશ ડિઝાઈન પ્રતિભા છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેમની સરકાર અમેરિકાની તકનીકી મહત્વકાંક્ષાઓમાં ભાગીદાર બનવા માટે આનો અને ભારતની ભૌગોલિક રાજકીય તાકાતનો લાભ લઈ રહી છે. તેમણે કહ્યું કે ભારત સરકાર અન્ય પશ્ચિમી અર્થવ્યવસ્થાઓની જેમ ચીનથી તેની સપ્લાય ચેઈનને અલગ કરવા માંગે છે.

કોરોના દરમિયાન બેઈજિંગના કડક લોકડાઉનને કારણે વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાયમાં વિક્ષેપ પડ્યો હતો અને કંપનીઓએ તેના ઉત્પાદન માટે વૈકલ્પિક સ્ત્રોતો શોધવાનું શરૂ કર્યું હતું. ભારત પોતાને ચીન માટે વૈકલ્પિક ટેકનોલોજી હબ તરીકે રજૂ કરી રહ્યું છે જે લોકશાહી અને વિશ્વસનીય છે. તેમણે વધુમાં કહ્યું કે, જેઓ પહેલા વિચારતા હતા કે શું અને ક્યારે ભારત જવું જોઈએ. હવે તેઓ પૂછી રહ્યા છે કે અમે કેટલા સમયમાં ભારત જઈશું. આ પરિવર્તન થઈ રહ્યું છે. આનો અર્થ એ છે કે વ્યવહારીક રીતે દરેક મોટા ખેલાડી તેમની રોકાણ યોજનાઓ પર પુનર્વિચાર કરી રહ્યા છે અને ભારત આવવા માંગે છે.

### તંબાકુ

૨૦૧૧-૧૨માં ૭.૯૦ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૯.૬૨ ટકા થયો હતો. આ ઉપરાંત, શહેરી વિસ્તારોમાં પરિવહન પરનો ખર્ચ પણ ૨૦૧૧-૧૨માં ૬.૫૨ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૮.૫૯ ટકા થયો છે. ગ્રામીણ વિસ્તારોમાં પણ તે ૨૦૧૧-૧૨માં ૪.૨૦ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૭.૫૫ ટકા થઈ ગયું છે.

### ફુગાવો

''ગર્જના કરતું'' છે. ભારતીય અર્થતંત્ર વર્ષના પ્રથમ ત્રણ ત્રિમાસિક ગાળામાં ૮.૨% વૃદ્ધિ પામ્યું છે અને નાણાકીય વર્ષ ૭.૬% વિસ્તરણ સાથે સમાપ્ત થવાની સંભાવના છે.

### પાકિસ્તાન જહાજ

કરવામાં આવશે. ગુપ્તચર વિભાગે ભારતીય સુરક્ષા અધિકારીઓને ચીનથી કરાચી જઈ રહેલા જહાજ અંગે માહિતી આપી હતી. ત્યારપછી ભારતીય સુરક્ષા ગાર્ડ્સ સતર્ક થઈ ગયા હતા અને મુંબઈના જેએનપીએ પોર્ટ પર જહાજને અટકાવ્યું હતું

ભારતીય સુરક્ષા દળોએ ટ્વિટ કરીને આ અંગે માહિતી આપી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, લેડીંગના બિલ અને અન્ય દસ્તાવેજો અનુસાર, બોર્ડ પરનો સામાન શાંઘાઈ જેએક્સઈ ગ્લોબલ લોજિસ્ટિક્સ કંપની લિમિટેડમાંથી લોડ કરવામાં આવ્યો હતો. આ વસ્તુઓ સિયાલકોટમાં પાકિસ્તાન વિંગ્સ પ્રાઈવેટ લિમિટેડને પહોંચાડવાની છે.

(ત્રીજા પાનાનું ચાલુ)

### ગોપાલ સ્નેક્સ

ઉપયોગ કંપનીના પોતાના જ ઉત્પાદનો - ગાંઠિયા, નમકીન તથા સ્નેક પેલેટ્સના ઉત્પાદન માટે તેની પ્રાથમિક ઉત્પાદન સુવિધાઓ ખાતે થાય છે.

આ ઓફર બુક બિલ્ડીંગ પ્રોસેસના માધ્યમથી કરવામાં આવી રહી છે અને તેમાં પ્રમાણસરના ધોરણે ૫૦% થી વધુ નહીં એટલો હિસ્સો ક્વોલીફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સને ફાળવણી માટે પ્રાપ્ય રહેશે, ૧૫% થી ઓછો નહીં એટલો હિસ્સો બિન-સંસ્થાકિય બાયર્સને ફાળવણી માટે પ્રાપ્ય રહેશે તથા ચોખ્ખી ઓફરનો ૩૫% થી ઓછો નહીં એટલો હિસ્સો રીટેઈલ વ્યક્તિગત રોકાણકારોને ફાળવણી માટે પ્રાપ્ય રહેશે.

ઈન્ટેન્સિવ ફિસ્કલ સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ તથા જેએમ ફાયનાન્સિયલ લિમિટેડ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ તથા લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ઓફરના રજીસ્ટ્રાર છે. ઈક્વિટી શેર્સનું લિસ્ટિંગ બીએસઈ જતથા એનએસઈ ખાતે કરાવવાની દરખાસ્ત છે.

### કાર રેલી

હતી.સમાજ અને લોકોમાં મહિલાના સ્વાસ્થ્ય અંગેની જાગૃતતા ફેલાવામાં સફળ રહી હતી

સાથી મહિલા કાર રેલીના મુખ્ય ઉદ્દેશ વિશે સેલસ હોસ્પિટલના મેડિકલ ડાયરેક્ટરે ડો.ધવલ ગોધાણીએ જણાવ્યું કે,સ્વસ્થ સમાજની વ્યાખ્યામાં સૌ પ્રથમ સ્વસ્થ સ્ત્રી આવે છે. નારી સ્વસ્થ રહેશે તો સમાજ સ્વસ્થ રહેશે.સાથી ૧.૦ કાર રેલીનું એક વર્ષ પહેલા અમારા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.તેની સફળતા બાદ અમને વિચાર આવ્યો કે દર વર્ષે આવા કાર્યક્રમો થકી મહિલાઓના સ્વાસ્થ્ય અંગેની જાગૃતતા સમાજમાં ફેલાવી જરૂરી છે.મહિલાઓ પણ પોતાના સ્વાસ્થ્યને લઈ કાળજી રાખે તેવા હેતુ સાથે સાથી ૨.૦ કાર રેલી યોજવામાં આવી હતી.જેમાં રાજકોટના અધિક પોલીસ કમિશનર વિધિ ચૌધરીનો અને ખૂબ સહયોગ મળ્યો હતો. ધારાસભ્ય દર્શિતાબેન શાહ ખુદ કાર રેલીમાં જાતે કાર ચલાવી રેલીનો ભાગ બન્યા હતા.સ્ત્રીઓના સ્વાસ્થ્ય અંગે આવા કાર્યક્રમો કરવા અમે તત્પર રહેશું.લોકોનો પણ અમને સહયોગ મળે છે.આગામી દિવસોમાં મહીલાઓના સ્વાસ્થ્ય અને આરોગ્યને લઈ આવા જ સેવાકીય કાર્યો કરતા રહેવાના પ્રયત્ન શરૂ રાખશું.

(ચોથા પાનાનું ચાલુ)

### યુવા પ્રગતિ-યુએસ

અમરેલીના શિક્ષક કેતનકુમાર જોશીની પસંદગી કરવામાં આવેલી.

એવોર્ડથી સન્માનિત આ શિક્ષકોને રોકડ રૂ. ૨૦,૦૦૦/-નો પુરસ્કાર, પ્રશસ્તિપત્ર, સ્મૃતિચિહ્ન અને રૂ.૧,૦૦૦/-નો પુસ્તક સંપૂટ સંસ્થાના સંસ્થાપક ગુલાબબાઈ જાનીની ઉપસ્થિતિમાં મહાનુભાવોને હસ્તે અર્પણ કરવામાં આવેલ.

કાર્યક્રમના પ્રારંભે પ્રસંગ પરિચય તથા મહેમાનોનો પરિચય સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્રના નિયામક દીપકભાઈ જોશી દ્વારા આપવામાં આવેલ. મહેમાનોને સ્મૃતિ ચિહ્ન સંસ્થાના ટ્રસ્ટી બળવંતભાઈ દેસાઈના હસ્તે અર્પણ કરવામાં આવેલ.

આજના આ શિક્ષક વંદનાના કાર્યક્રમમાં સંસ્થાના સંસ્થાપક ગુલાબભાઈ જાની સહિત નિમંત્રિતો, વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત ૪૫૦ જેટલાં સભ્યો ઉપસ્થિત રહેલ.

(બારમા પાનાનું ચાલું)

### આત્મીય

હતું. વિદ્યાર્થીઓએ મનગમતા વિષય ના સ્ટોલના રોકાણ અને વિચારથી માંડીને વેચાણ સુધી પોતાની મહેનતનું પ્રદર્શન કર્યુ હતું. જેથી શિક્ષકો અને વાલીઓને પણ વિદ્યાર્થીઓ પ્રત્યે ગર્વની લાગણીની અનુભૂતિ થઈ હતી.

આ ઉપરાંત સમગ્ર કાર્નિવલ દરમ્યાન સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર પેરેન્ટસ કોર્નર થઈ રહ્યું હતું. જેમાં વાલીઓને પણ તેની અંદર છુપાયેલી આવડતને રજુ કરવા માટેની શાળા દ્વારા એક તક મળેલી હતી. જેથી વાલીઓનો પણ સારો એવો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો.

શાળા સંચાલકો, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓના સહિયારા પ્રયત્નો વડે આ કાર્નિવલ સફળ બન્યો હતો. શાળા સંચાલકોએ વધુ રમત ગમત સાથે દર વર્ષે આ કાર્યક્રમમાં કંઈક નવું ઉમેરી કાર્નિવલનું વાર્ષિક આયોજન કરવા ખાતરી આપી હતી. વિદ્યાર્થીઓની મહેનત નીહાળવા કાર્નિવલમાં લોકોનું ટોળે ટોળુ ઉમટી પડયું હતું. આ દરમિયાન ખરીદી અને વસ્તુ વેચાણ દ્વારા વિદ્યાર્થીઓએ આવડતની સાથે આર્થિક લાભ પણ પ્રાપ્ત કર્યો હતો.

### પ્રિન્સીપાલ

જેમાં સાબુ,મીણબત્તી,ફૂડ વગેરે વસ્તુ કઈ રીતે બનાવવી એના જ્ઞાન વડે વિદ્યાર્થીઓએ પોતે એ ચીઝ વસ્તુ બનાવીને પોતાની ક્ષમતાનું પ્રદર્શન આપ્યું છે. વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યને લઈને આ કાર્યક્રમનું આયોજન કરેલું છે.બાળકો દ્વારા પણ ખુબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થયો છે.

એમણે વધુમાં જણાવતા કહ્યું કે ૩ દિવસના કાર્નિવલ દરમિયાન વરસાદ પણ આવેલો પરંતુ વિદ્યાર્થીઓ પોતાનો ઉત્સાહ અને હિમ્મત નહોતા હાર્યા. વિદ્યાર્થીઓએ શિક્ષક ને આ અંગે ઉમંગ સાથે જણાવ્યું કે કદાચ જો મુસીબત આવે ને, તો એને ઓળંગતા પણ અમને આવડે છે. અને વરસાદ વરસ્યા બાદ ફરી વિદ્યાર્થીઓએ તેનો સ્ટોલ ઉભો કરી કામગીરી ફરી શરૂ કરી દીધી. જે જોયા બાદ અમને પણ ખુબ જ ગર્વ થયો હતો.વિદ્યાર્થીને તેના માતાપિતાના પ્રેમ અને સંભાળની પણ કદર થાય અને કઈ રીતે માતાપિતા પરિવાર માટે આર્થિક સક્ષમ રહે તેનો પણ વિદ્યાર્થીને ખ્યાલ આવે. વધુમાં એમણે જણવાયું કે અમને વાલીઓનો પણ ખુબ જ સારો એવો પ્રતિસાદ મળ્યો છે, જેથી આ કાર્યક્રમ સફળ બન્યો છે. આ શાળા દ્વારા કાર્નિવલનું પ્રથમ વર્ષ છે અમે પ્રયત્ન કરીશું કે દર વર્ષે કંઈક નવું ઉમેરીને આ કાર્યકમ યોજી અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્ન કરવામાં આવે.

### ડો. ભાવેશ સજદે

છે કે કઈ રીતે વાત કરવી, પોતાની રજુઆત કરી રોકાણ કરવું અને કામ વહેચી સામાનનું રોકાણ કરવું, આનાથી બાળકોમાં સારો એવો વિકાસ થાય છે. આ સાથે જ એમણે શાળા સંચાલકોને વિનંતી કરતા કહ્યું કે, આવા કાર્યક્રમો અહી અટકે નહી, ભવિષ્યમાં પણ આવા સારા કાર્યક્રમો કરીને બાળકોના જીવનને એક હાદાદોરી તરીકે ઉપયોગી બને એવી એમણે અબતકના માધ્યમથી સમાજમાં અપીલ કરી હતી.

### જલશ્રી વિદ્યાર્થીની

બનાવીએ છીઅ. તે દરમિયાન અમે ખુબ જ આનંદ અનુભવીએ છીએ અમે કામની પણ વહેંચણી કરી લીધી છે. સ્ટોલ કર્યો અગાઉ અમે બજારમાં ફરીને ઘણી બધી ખાણી પીણીની દુકાનો પર ફરી વળ્યા હતા. તે દરમિયાન અમને કોઈ બિઝનેસને શરુ કર્યાથી કઈ રીતે આગળ વધારવામાં આવે તેનો ખ્યાલ પણ આવ્યો. આ અનુભવ અમને જીવનમાં ખુબ જ ઉપયોગી નિવડશે એમ કહી જલશ્રીએ પોતાના અનુભવોને અબતક મીડીયા સાથે દર્શાવ્યા હતા.

### જયરામ શાઈ

જેથી અમે પણ અહી લેડીઝ એકસેસરીઝ નો સ્ટોલ રાખ્યો હતો. તેનું રોકાણ અને કામ વહેંચાણથી માંડી બધુ જ મેં અને મારા મિત્રોએ મળીને કર્યુ હતું જે દરમન અમે ખુબ જ આનંદનો અનુભવ કર્યો હતો.

### વાલી

માટે પણ એક પ્લેટફોર્મ આપવાનું આયોજન છે,જે જાણીને અમને ખુબ જ આનંદ થયો.એમણે વેસ્ટર્ન અને ઈન્ડિયન પોશાકનો સ્ટોલ સર્જાયો હતો. જેમાં ખુબ જ સારો પ્રતિસાદ પણ મળ્યો હતો. આ ઉપરાંત વધુમાં એમણે શાળાની કામગીરીને વખાણતા જણાવ્યું હતું, આત્મીય સ્કૂલ ખુબ જ સારુ કામ કરે છે. શાળા દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે નૈતિક જ્ઞાન પણ આપવામાં આવે છે, જેથી હું શાળાની ખુબ જ આભારી છું.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ગ્લોબલ વોર્મિંગ....

મળ્યો છે. રાજ્યમાં ભારે પવન સાથે ઠંડી અનુભવાશે. જોકે, લઘુત્તમ તાપમાનમાં ૮ થી ૯ ડિગ્રીનો ઘટાડો થયો છે. આગામી ૨૪ કલાક સુધી ઠંડીનો ચમકારો ઓછો થશે. આ વચ્ચે રાજ્યના ખેડૂતો માટે રાહતના સમાચાર એ છે કે, હવે કમોસમી વરસાદની સંભાવના નહિવત છે. વરસાદી સિસ્ટમની અસર ઘટતા વરસાદ નહીં પડે. પરંતુ ૫ માર્ચથી રાજ્યમાં ગરમીનો પ્રકોપ શરૂ થશે. આગાહીકાર અંબાલાલ પટેલે કહ્યું કે, ગુજરાતમાં શિવરાત્રિ નજીક પણ ઠંડા પવન ફૂંકાશે. ૭ થી ૧૨ માર્ચે ફરી વાતાવરણમાં પલટો આવશે. આ સમયે ઠંડા પવનો ફંકાવાની સાથે વધારા સાથે અંધારિયું વાતાવરણ ઉભું થવાની શક્યતા છે. એક પછી એક આવતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ૧૪ થી ૨૦ માર્ચે પણ વાદળવાયુ અને રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદી છાંટાની શક્યતા રહેલી છે. ૨૧ માર્ચ બાદ સૂર્ય ઉત્તર ગોળાર્ધમાં આવતા ગરમી વધશે. વરુણ મંડળના નક્ષત્રમાં આ યોગ બનવાથી અસર ઘણા દિવસો સુધી રહેશે. ૧૫ માર્ચ સુધી ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો આવશે. રાજ્યના જુદા જુદા ભાગોમાં વાતાવરણ પલટાશે. જળદાયક ગ્રહોના યોગો, ઉદય, ગ્રહોના ફેરફાર અને પવન વાહક ગ્રહોની સ્થિતિના કારણે વાતાવરણ પલટાશે.

### હેલ્થ સેન્ટર...

સારવારની જરૂર હશે તો સારવાર કરાવી શકશે. અમદાવાદમાં ખુબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપતાં હોવાથી ગમે ત્યારે મેડિકલ ઈમરજન્સી આવવાની ઘટના બની શકે તેમ હોવાથી પરીક્ષા પહેલા જ તકેદારીના ભાગરૂપે તમામ સ્થળ સંચાલકોને આ યાદી મોકલી દેવામાં આવી છે. પરીક્ષા દરમિયાન સ્થળ સંચાલક પાસે મોબાઈલ ફોન રાખવાની પરવાનગી હોય છે, જેથી તેઓ ડોક્ટરનો સંપર્ક કરી શકશે.

### કરૂણાંતિકા....

લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. જે મુજબ મૃતકોમાં પ્રજ્ઞેશભાઈ પટેલ ઉ.વ. ૩૪, મયુરભાઈ પટેલ ઉ.વ. ૩૦, ઉર્વશિબેન પટેલ ઉ.વ. ૩૧, ભૂમિકાબેન પટેલ ઉ.વ. ૨૮, લવ પટેલ ઉ.વ. ૧નો સમાવેશ થાય છે. જયારે અકસ્માતમાં ચમત્કારીક રીતે બચી જનાર બાળકીનું નામ અસ્મિતા પટેલ (ઉ.વ. ૪) છે.

રાજ્યમાં અન્ય એક અકસ્માતમાં બે લોકોના મોત નીપજ્યા છે. ખેડાની નડિયાદ પીજ ચોકડી બ્રિજ પાસે ગમખ્વાર અકસ્માતમાં બે લોકોના મોત નિપજ્યા છે. ટ્રક અને લાકડા ભરેલા ટ્રેકટર વચ્ચે ભીષણ અકસ્માતમાં ટ્રેક્ટરના ડ્રાઈવર અને કલીનરનું ઘટના સ્થળે મોત નિપજ્યું છે.

### ૪૦૦ પેટી...

છે. જેની સામે મોરબી એલસીબીએ કડક હાથે કામ લીધું છે. એલસીબી પીઆઈ ડી એમ ઢોલને મળેલ બાતમીના આધારે રંગપર નજીક આવેલ આર ટાઈલ નામના એક ગોડાઉનમાં દરોડો પાડ્યો છે. જ્યાં મોટા પ્રમાણમાં આ નશાકારક સિરપનો જથ્થો છુપાવીને રાખવામાં આવ્યો હતો.

હાલ ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. અહીં અંદાજે ૪૦૦ પેટીથી વધુ સીરપની બોટલ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. બીજી તરફ ત્રણેય શખ્સોની પુરછપરછ પણ ચલાવવામાં આવી રહી છે.

તપાસમાં સામે આવ્યું હતું કે, આ નકલી સિરપનો જથ્થો ઝારખંડથી આવ્યો હતો. તે ઉપરાંત પોલીસે નકલી સિરપનો જથ્થો મોકલનાર ઈસમ રવી પટેલની ધરપકડ કરવામાં આવી છે. તેની સાથે મોરબી તાલુકામાં પોલીસે ગુનો નોંધીને આગળ તજવીજ હાથ ધરી છે.

ઉલ્લેખનીય બાબત છે કે, અગાઉ રાજકોટની ભાગોળે આવેલા શાપર (વેરાવળ) તાબેના પડવલા ગામની સીમમાંથી આયુર્વેદિક સીરપના ઓઠા તળે નશા યુક્ત પીણું બનાવતું કારખાનું પોલીસે પકડી પાડ્યું હતું. પોલીસને બાતમી મળી હતી જેના આધારે તપાસ કરતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. દરોડા દરમિયાન ગોડાઉનમાંથી આયુર્વેદિક હર્બલ સીરપના નામે નશાયુકત પીણું બનાવવાનું કારખાનું ધમધમતું હોવાનું જાણવા મળ્યું હતું. ગોડાઉનમાં તપાસ કરતા અહીંથી આયુર્વેદિક હર્બલ સીરપના નામે નશીલું પ્રવાહી ભરેલી ૪૮૫૦ બોટલ, નશીલું પ્રવાહી બનાવવા માટે એસેન્સ ફ્લેવરની ૨૫ બોટલ, પ્લાસ્ટિકની ખાલી બોટલ તેમજ ઢાંકણા, નશીલું પ્રવાહી બનાવવા માટેની મશીનરી વગેરે મળી કુલ રૂ.૬.૧૩ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

### શિવરાત્રી...

અન્ન ક ક્ષેત્રોમાં હરિહર નો નાદ ગુંજી ઉઠશે અને રાત પડતા જ મંદિરો ધમાલયો અને જ્ઞાતિની વાડીઓમાં વિવિધ કલાકારો સાથે સંતવાણીની રમઝટ જામશે .

આ વખતે મહાશિવરાત્રીના મેળા નો બંદોબત પાંચ ઝોનમાં ગોઠવવામાં આવ્યો છે તેમાં સાત ડીંયએસપી, ૨૩ પીઆઇ ૧૧૭ પીએસઆઇ, ૧૦૮૪ પોલીસ કર્મચારી ૧૩૬ ટ્રાફિક પોલીસ કર્મચારી, ત્રણ બોમ્બ સ્કોડ ત્રણ ક્યુ આરટી ૫૨૯ હોમગાર્ડ ૫૯૬ જીઆરડી ૧૮૦ એસઆરપી જવાન ૩૦ થી ટીમ ચોસઠ હભબ એસોજી કર્મચારી મળી કુલ ૨૭૯૯ સુરક્ષા કર્મચારીઓને તેના જ કરવામાં આવ્યા છે વહીવટી તંત્ર દ્વારા મહાશિવરાત્રીના મેળા દરમિયાન ભવનાથમાં ત્રણ દિવસ સુધી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે .જેમાં તારીખ પાંચના રોજ ૭ થી ૧૦ દરમિયાન લોક ડાયરા માં સાયરામ દવે. ગીતા રબારી. શિવરાજ વાળા .તારીખ ૬ ના રોજ કિર્તીદાન ગઢવી .અનુદાન ગઢવી. અને જગદીશ માહેર ના કાર્યકર્મો યોજાશે સાતમી ના દિવસે ભૂમિબેન ત્રિવેદી અનુરૂપ આહિર દીપક જોશી અને દિવ્યેશ જેઠવા કલા રસ પીરસે

આવતીકાલે મહાવદ નોમના દિવસે પરંપરાગત રીતે ભવનાથ મંદિર ખાતે ધજારોહણ અને પૂજા બાદ વિધિવત શિવરાત્રીનો મેળો શરૂ થશે આ વખતે ચાર દિવસનો મેળો યોજાશે ભવનાથ પરિસરમાં અઢીસોથી વધુ નાના-મોટા અનચ્છેત્રો માં હજારો વાનગીઓ સાથે લાખો ભાવિકોને રાત દિવસ ભોજન કરાવશે. બે દિવસથી જ ભવનાથ તરફ માનવ કીડિયારુ ઉભરાઈ રહ્યું છે ભવનાથ તળેટીમાં આવી પહોંચેલા સાધુ સંતોએ ધુણા ધખાવા ની તૈયારીઓ કરી લીધી છે મનપા દ્વારા લાઈટ પાણી સફાઈ સિલ્કની વ્યવસ્થા અને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે.

ભવનાથ ના મેળા માટે એસટી અને રેલ્વે દ્વારા એક્સ્ટ્રા પરિવારની વ્યવસ્થા કરવામાં આવી છે આ વખતે અનુકૂળ વાતાવરણ સારા વર્ષના પગલે મેળામાં વિક્રમ જનક સંખ્યામાં ભાવિકો ઉમટી પડે તે માટેની તૈયારીઓ કરવામાં આવી છે જિલ્લા કલેકટર રાણા વાસિયા ની સીધી દેખરેખ હેઠળ વહીવટી તંત્ર દ્વારા અણી ચૂક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે સાધુ સંતો દ્વારા ભક્તિ સાથે ભાવિકોની સુવિધાની ભારે ખેવના રાખવામાં આવી છે

### જીગ્નેશ કવિરાજ...

ત્રિવેણી સંગમ એટલે શિવરાત્રીનો મેળો, ત્યારે સાધુ સંતોના ભવનાથ ક્ષેત્રમાં આગમન થઈ ગયું છે.અને સાધુઓ પોતાના ધુણાઓ બનાવી રહ્યા છે.તો બીજી તરફ તંત્ર દ્વારા પણ તૈયારીઓને આખરીઓ આપી દેવામાં આવ્યો છે. જુનાગઢ શિવરાત્રી મેળામાં અન્ન ક્ષેત્રો દ્વારા ભાવિકોને વિનામૂલ્ય ભોજન પ્રસાદી પીરસવામાં આવે છે. અને ઉતારા મંડળ તેમજ સાધુ સંતોના આશ્રમોમાં ભજનની રમઝટ બોલે છે. ત્યારે માત્ર ગુજરાત જ નહીં પરંતુ ભારત ભરના કલાકારો પોતાની કલા પીરસવા અહીં આવે છે.આજે જીગ્નેશ કવિરાજ બારોટ ભવનાથ ખાતે આવ્યા હતા જેમણે મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરી સાથે ભવનાથ મહાદેવ ની પૂજા અર્ચના કરી લોકોને શિવરાત્રીનો મેળો માણવા ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું.

### ભવનાથ વેપારી....

મુજબ પ્લાસ્ટિક પ્રતિબંધ કરવામાં આવ્યું છે. સૌએ પ્લાસ્ટિક મુક્ત ગિરનાર બનાવવાનું છે.ત્યારે અમે પણ વેપારીઓ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ આ નિર્ણયને આવકાર્યો છે. અને વેપારી તરીકે અમારી પણ ગિરનારને પ્લાસ્ટિક મુક્ત કરવાની અમારી ફરજ છે.

ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા એ જણાવ્યું હતું કે ગિરનાર ક્ષેત્રમાં વેપારીઓ દ્વારા છેલ્લા ત્રણ દિવસમાં વેપાર ધંધા બંધ રાખી હડતાલ કરવામાં આવી હતી. મનપાના મેયર ધારાસભ્યભાઈ કોરડીયા ભાજપ શહેર પ્રમુખ પુનિત શર્મા સાથે વેપારીઓની બેઠક યોજાઇ હતી. જેમા હાઈકોર્ટનો પ્લાસ્ટિક મામલે ચુકાદો કરવામાં આવ્યો છે. ૨૦૧૨ થી ગિરનારને ઈકોસેનસીટીવ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યું છે અને તેમાં પ્લાસ્ટિક મુક્ત કરવાનું સૂચન કરવામાં આવ્યો હતો.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ:** ગં.સ્વ. કંચનબેન નટવરલાલ શીંગાળા (ઉ.વ.૯૩) તે સ્વ. નટવરલાલ મોહનલાલ શીંગાળાના પત્ની તે જયેશભાઈ, જસ્મીનભાઈ, જયપ્રકાશ તથા સ્વ. ભારતીબેન હિંમતકુમાર મશરૂના માતા તે સ્વ. પોપટલાલ ભાણજીભાઈ ઉનડકટ (ગોંડલવાળા) ના દિકરીનું તા. ૨ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ટેલીફોનીક બેસણું તા. ૪ ને સોમવારે સાંજે ૪ થી ૬ જસ્મીનભાઈ શીંગાળા મો. નં. ૯૩૭૪૧ ૨૧૯૮૨, રાજુભાઈ જયકૃષ્ણ ઉનડકટ મો. નં. ૯૮૨૫૪ ૩૧૮૩૮ પર સાંજે ૪ થી ૬ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

### ગુજરાત ભ્રમણમાં દેશી ટારઝનનો રાજકોટમાં ગાયને રાષ્ટ્ર માતાના દરજ્જો મળે મુહિમ સાથે પ્રચાર

# દેશી ટારઝનનું ૧૬ વર્ષથી ગાયને રાષ્ટ્રમાતા અને ગૌ દિવસના પ્રચારમાં જીવન સમર્પિત

### રાજકોટની શાળા-કોલેજોમાં યુવાઓને દેશી ટારઝને બ્રહ્મચર્ય અને ગૌ ભક્તિનું જ્ઞાન પિરસ્યું



રિપોર્ટરઃ પ્રતિપાલસિંહ ઝાલા
તસવીરઃ દર્શન વાડોલીયા

**અબતક, રાજકોટ**

ભારત ભૂમિમાં ગૌ માતાના ભક્તો દેશના ખૂણે ખૂણે છે.એવાજ એક ગૌ માતાના ભક્ત સંજય પહેલવાન એટલે દેશી ટારઝનની ઉપમાં હાંસલ કરી છે.છેલ્લા ૧૬ વર્ષથી ગૌ માતાને રાષ્ટ્ર માતાનું સન્માન મળે એ મુહીમ સાથે જીવનને સમર્પિત કર્યું છે. જે સંદર્ભમાં ગુજરાત ભ્રમણમાં દેશી ટારઝન નીકળ્યા છે ગુજરાતના લોકોને ગૌભકિત ચરિત્ર અને બ્રહ્મચર્યની સાચી સમજણ પૂરી પાડવાના શુદ્ધ ઉદ્દેશ્યથી પ્રચાર કરી રહ્યા છે. જય અંતર્ગત દેશી ટારઝન રાજકોટમાં આવી પહોંચ્યા હતા રાજકોટની શાળા કોલેજોમાં યુવાનોને ચરિત્ર બ્રહ્મચર્ય અને ગૌભક્તિનું જ્ઞાન પીરસ્યું હતું. રાજકોટના ગૌભક્ત અર્જુનભાઈ આંબલીયા અને તેમના સાથિ મિત્રો સાથે મળી રાજકોટની તમામ શાળા કોલેજોમાં ગૌ ભક્તિના મુહીમનો પ્રચારક કરી રહ્યા છે.

દેશી ટારઝને ૧૩ વિશ્વ રેકોર્ડ પોતાના નામે કર્યા છે વિશ્વ ફલકે પોતાનો ડંકો વધાર્યો છે લોકોને બ્રહ્મચર્ય ચારિત્ર અને ગૌભક્તિના જ્ઞાન વિશે જાગૃત કરવાના કાર્યોને હાથ ધર્યા છે.

દેશી ટારઝન નું માનવું છે કે બ્રહ્મચર્ય અને ચરિત્રમાં અદભુત તાકત છે.સામાન્ય માણસથી ૫૦૦ દંડ લાગતા નથી.દેશી ટારઝને ૧ લાખ ૫૦ હજાર ડન માર્યા છે.રાજસ્થાન થી અયોધ્યા પ્રભુ શ્રીરામના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સમય દેશી ટારઝન સપાટા દંડ મારત પહોંચ્યા હતા.તદુપરાંત ઘણા રેકોર્ડ દેશી ટારઝનના નામે છે જેવા કે,૯ કલાકમાં ૧૧ હજાર સપાટા,૧ કલાકમાં ૩૦ હજાર નોન સ્ટોપ દંડના રેકોર્ડ છે.

રાજકોટમાં ગૌભકિત અને બ્રહ્મચર્ય,ચરિત્રનો પ્રચાર કરવા દેશી ટારઝન નીકળ્યા છે.અર્જુનભાઈ આંબલીયાનો દિલ્હી જંતર મંતર ખાતે ગાયને રાષ્ટ્રમાતાનો દરજ્જો મળે એ મુહિમમાં ભેગા થયા હતા.અને ત્યારથી બંને સંપર્કમાં છે.ગાય માતાને રાષ્ટ્રમાતા નો દરજ્જો મળે એની ભારત યાત્રા નીકળવાના છે. એ પહેલા યુવાનોને દેશી ટારઝન ગૌભક્તિ,બ્રહ્મચર્ય અને ચરિત્રના જ્ઞાન પીરસવા માંગે છે.

### યુવાનોમાં ચરિત્ર,ગૌભક્તિ,બ્રહ્મચર્યના જ્ઞાન પાઠવવામાં જીવન સમર્પિતઃ દેશી ટારઝન



સંજય પહેલવાન એટલે કે દેશી ટારઝનને જણાવ્યું કે,હરિયાણા પલવલના નાનકડા ગામમાં મારો જન્મ થયો છે. ગુરુકુલ આશ્રમમાં મારું બાળપણ વિતાવ્યું છે.ઉતરાખંડના આશ્રમમાં મારી યુવાવસ્થા વિતાવી છે.હિમાચલના જંગલોમાં ૧૬ વર્ષ રહ્યો છું.શ્યામ વન લ,હનુમાન પર્વત ઉપર મારુ જીવન વ્યતિત થયું છે.દેશી ટારઝન નામ જંગલમાં રહું છું એ પરથી પડ્યું છે.મારૂ દિનચર્યા સવારે બ્રહ્મ મુહુર્તમાં જાગુ છું.કસરત કર્યા બાદ ૧૧ વાગે અખાડો ખોલું છું.રસાચળ કર્યા બાદ ૨ કલાક પ્રભુના ભજન કરું છું.ત્યારબાદ ગૌમુત્ર અને દૂધનું સેવન કરું છું.સપાટે,દંડ બેઠક,લોટી દંડ બેઠક,યોગ,પ્રાણાયામનો નિત્યક્રમ અભ્યાસ કરુંછું.યોગથી પરમાત્માની અનુભૂતિ થાય છે અને સપાટા દંડ બેઠકમાં તાકાત મળે છે.

### ૧૩ વિશ્વ રેકોર્ડ દેશી ટારઝનની ઉપલબ્ધિઃ દિનચર્યામાં સવારે દંડ બેઠક, લોટી દંડ બેઠક અને યોગ નિત્યક્રમ

---

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના

# વિકસીત ભારતના નિર્માણ માટે ગુજરાત લીડ લે તેવા પ્રયાસો કરીએઃ મુખ્યમંત્રી

**રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નવનિયુક્ત ૧૯૯૦ ઉમેદવારોને નિમણૂંક પત્ર એનાયત**

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં સીધી ભરતીથી પસંદગી પામેલા કુલ ૧૯૯૦ જેટલા ઉમેદવારોને ગાંધીનગરમાં આયોજિત સમારોહમાં નિમણૂક પત્ર એનાયત કર્યા હતા. ગુજરાત સરકારમાં જોડાઈ રહેલા આ નવનિયુક્ત યુવાઓને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શુભેચ્છા સંદેશ પત્ર પાઠવ્યો હતો.

વડાપ્રધાનના સંદેશામાં જણાવાયું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવમાં દેશના દરેક નાગરિકે આગામી ૨૫ વર્ષમાં અને વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લીધો છે. ભારતના અમૃતકાળમાં આજે નવનિયુકત થયેલા ઉમેદવારોએ કરેલા સંકલ્પો અને રાષ્ટ્રીય હિતમાં લીધેલા નિર્ણયો રાષ્ટ્રના વિકાસને વેગ આપશે. સાથે




જ આ જવાબદારી નવી તકો અને પડકારો પણ લાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવનિયુકત યુવા કર્મયોગીઓને ઉજ્જ્વળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશની યુવાશકિતના સામર્થ્યને વિકસાવવાની યોગ્ય તકો આપીને યુવાશક્તિના આધારે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે.

વિકસિત ગુજરાતના નિર્માણ થકી વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાત લીડ લેશે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનએ ભારતનું નામ સમગ્ર વિશ્વ સમક્ષ ઉજાગર કરી દેશનું ગૌરવ વધાર્યું છે. સરકારી ફરજમાં જોડાયા બાદ આપ સૌ પાસે પણ ખંત અને સંપૂર્ણ પારદર્શિતા સાથે કામ કરીને દેશના ગૌરવમાં વધારો કરવાની તક છે. એક વ્યક્તિથી સરકારી કામકાજમાં કેટલો બદલાવ આવી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ વડાપ્રધાનએ પૂરું પાડ્યું છે. નવી નિમણુંક મેળવેલા યુવાઓ પણ તે જ રીતે ઉદાહરણરૂપ કામગીરી કરીને લોકોનો વિશ્વાસ જીતે તેવી મુખ્યમંત્રીએ આશા વ્યક્ત કરી હતી.

મુખ્ય સચિવ રાજકુમારે શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના યુવાનોના સપનાઓ પૂર્ણ કરવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પ્રભાવશાળી નેતૃત્વ હેઠળ રાજ્યમાં ખાલી પડેલી તમામ જગ્યાઓ સંપૂર્ણ પારદર્શીતા સાથે ભરવામાં આવી રહી છે. દર વર્ષે પરીક્ષાઓ યોજાય અને સંપુર્ણ પ્રક્રિયા નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય તેની દરકાર પણ સરકાર રાખી રહી છે.

ટેક્નોલોજીની મદદથી વધુને વધુ યુવાનો સરકારી સેવામાં જોડાય તે હેતુથી ભરતીના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારમાં રહેલી ખાલી જગ્યાઓ, ભરતીની તારીખ, પરિક્ષા પધ્ધતિ, ભરતીના નિયમો વગેરે જેવી સંપૂર્ણ માહિતી એક જ પોર્ટલ પર ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

---

# અનશન આરાધક નૂતન દીક્ષીત મુનિજી કાળધર્મ પામ્યાં



**અબતક, રાજકોટ**

શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી એવમ ગોંડલ ગચ્છ આધ્યસ્થાપક ગચ્છાધિપતિ આચાર્યબા.બ્ર. પરમ પૂજ્યશ્રી ડુંગરસિંહજી સ્વામી,બહુશ્રુત આચાર્ય બા.બ્ર. પ. પૂ.શ્રી જશાજી સ્વામી, સ્થવિર ગુરુદેવ પ. પૂ.શ્રી પ્રેમચંદજી મહારાજસાહેબ તેમજ અનંત ઉપકારી પ. પૂ. ગુરુભગવંતબા.બ.શ્રી રાજેશમુનિજી મહારાજસાહેબ આદિઉપકારી ભગવંતોની અનંતી-અનંતી કૃપાથી રાજકોટ નિવાસી શ્રેષ્ઠીવર્ય શ્રમણોપાસક શ્રી રાજેશભાઈ ચમનલાલ શેઠ (ઉં. વર્ષ ૬૯) આંતિમ સમયની ઉત્કૃષ્ટ આરાધના અર્થે ઉગ્ર તપસ્યાનો શુભારંભ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ના શુભ દિને કરેલ. આગળ વધીને પૂજ્ય શ્રી રાજગુરુભગવંતની અનંતી કૃપા થકી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અનશન આરાધનાનો શુભારંભ કરેલ. રાજેશભાઈની ઉત્કૃષ્ટ ભાવના કે મારો બીજો મનોરથ પણ પૂર્ણ થાય.

'પૂજ્યશ્રી રાજગુરુભગવંત'ની અનંતી-અનંતી કૃપાથકીશ્રી ઋષભદેવ જૈન સંઘ, રાજકોટની પવિત્ર તપોભૂમિમાં ૨ માર્ચ ૨૦૨૪, શનિવારના રોજ સાંજે ૫:૧૫ કલાકેજૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરીને શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જયવંતા જૈન શાસનના ગૌરવવંતા ગોંડલ સંપ્રદાયનાઆધ્યસ્થાપક ગચ્છાધિપતિ આચાર્ય બા.બ્ર. પ. પૂ. શ્રી ડુંગરસિંહજી સ્વામીના પટાનુપાટ બહુશ્રુત આચાર્ય બા.બ્ર. પ. પૂ.શ્રી જશાજી સ્વામી પટાનુપાટ સ્થવિર ગુરુદેવ પરમ પૂજયશ્રી પ્રેમચંદજી મહારાજસાહેબના શિષ્યરત્ન ચારિત્રનિષ્ઠ અનંત ઉપકારી પરમ પૂજ્ય ગુરુભગવંત બા.બ્ર. શ્રી રાજેશમુનિજી મહારાજસાહેબના સુશિષ્ય પરમ પૂજ્યશ્રી રમ્યમુનિજી મહારાજસાહેબ બનેલ.

વીર સંવંતઃ ૨૫૫૦,મહા વદ-૬,શનિવારના રોજ સંથારા સાધક પ. પૂ. શ્રી રમ્યમુનિજી મહારાજસાહેબની અંતિમ તપ આરાધનાનો ૨૨મો દિવસ, અને સંથારાનો ૧૧મો દિવસ રહેલ. પૂજ્યશ્રીની આજીવન અનશન તપની અંતિમ આરાધના અતિ દુર્લભ માનવભવને સાર્થક કર્યાના અવિરત-અપૂર્વ આનંદ સાથે સભાનતામાં તેમજ ઉત્તમ ભાવનામાં રહી સુખે-સમાધિએ અનંત ઉપકારી 'પૂજ્ય શ્રી રાજગુરુભગવંત' એવમ મુનિભગવંતો તેમજ શ્રીસંઘની ઉપસ્થિતિમાં શનિવારના રોજ સાંજે, (લગભગ) ૭:૪૩ કલાકે સંપન્ન થયેલ.

જય-જય નંદા ....... જય-જય ભદ્દાના ગગનભેદી ઉચ્ચારો સાથે પાલખીયાત્રામાં ૩ માર્ચે સવારે શ્રી ઋષભદેવ સંઘથી શહેરના રાજમાર્ગોથી મોટામવા સ્મશાનગૃહે સમગ્ર સૌરાષ્ટ્રના અગણિત ભાવિકોએ પગપાળા પ્રયાણ કરેલ.

ગુણાનુવાદસભા આજીવન અનશન આરાધક પરમ પૂજ્યશ્રી રમ્યમુનિજી મહારાજસાહેબની ગુણાનુવાદ સભા પૂજ્યશ્રી ગુરુભગવંત આદિ ભગવંતોના શુભ સાંનિધ્યમાં ચતુર્વિધ શ્રીસંઘની ઉપસ્થિતિમાં શ્રી ઋષભદેવ જૈન સંઘ; શાશ્વત એપાર્ટમેન્ટ પારસ હોલ સામે, પારસ સોસાયટી, નિર્મલા રોડ પાસે આજે સવારે ૯:૩૦ થી ૧૧:૦૦ રાખેલ જેમાં સમગ્ર ગુજરાતથી સેંકડો જૈન શાસન અગ્રણીઓ-ભાવિકોએ ઉપસ્થિત રહીને પરમ પૂજ્યશ્રી રમ્યમુનિજી મહારાજસાહેબની આરાધનાની અનુમોદના ભક્તિ ભાવથી કરેલ.

### મનુષ્ય અવતાર લીધો તે અવતાર સાર્થક કર્યો



૨૨ દિવસ પહેલાઉપવાસ શરૂ કર્યા સંથારો શરૂ કર્યો એટલે મોતને આવકારો આપ્યો મારું જીવન પૂર્ણ કરવાનો નિર્ણય લીધો એવું નક્કી કરી પ્રતિજ્ઞા લે છે ગુરુદેવ પાસેથી અન જળ કોઈ પણ વસ્તુ લીધા વગર ૨૨ દિવસના ઉપવાસ કર્યા ત.આમ સંપત્તિ ઘરનો ત્યાગ કર્યો તે જૈન સમાજમાં એક આ અનોખી સાધના છે એ જબરજસ્ત સાધના રાજેશભાઈ શેઠ એ કરી અને આગલા દિવસે ગુરુદેવ પાસેથી દીક્ષા લીધી અને રામિયમણીજી બન્યા અને રાત્રીના સમયે એમનો સંથારો પૂરો થયો જૈનોમાં જે ત્રણ મનોરથ કહેવાય અને આરંભ અને પ્રતિજ્ઞા કહેવાય ક્યારે હું દીક્ષા લવ અને ક્યારે હું સમાધિમાં પ્રવેશ કરું એટલે એમને સમાધિ વરણ થયું સંસારના તમામ મોહ માયાનો ત્યાગ કરી છે અને હાલ તેમની પાળખી યાત્રા નીકળી છે સમાજ અને અન્ય સમાજ પણ આ પાળખી યાત્રામાં જોડાયા છે અને મનુષ્ય અવતાર જે માટે લીધો ચર્સ તે અવતાર તેમનો સાર્થક થયો છે અને ગુરુદેવ રાજેશ મુનિ સાહેબ ધન્યવાદને પાત્ર છે અને તેમનો ઉપકાર પણ અમારા પર ઘણો છે અને રાજેશ મુનિ સાહેબ અને તેમના પરિવારનો મનુષ્ય જન્મ સફળ થયો છે.

---

# રાહુલ ગાંધીની ''ભારત જોડો ન્યાય યાત્રા''નું ગુરૂવારે ગુજરાતમાં આગમન

### ૭ જીલ્લાઓમાંથી પસાર થશે ભારત જોડો ન્યાય યાત્રા
### ૪૪૫ કિ.મી.નો પ્રવાસ કરશે પાંચ લોકસભા ક્ષેત્રો આવરી લેશે

**અબતક, રાજકોટ**

કોંગ્રેસના યુવા નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા ગુજરાતમાં ૭મી માર્ચના રોજ બપોરે ૩ કલાકે દાહોદ જીલ્લાના ઝાલોદ ખાતે પ્રવેશ કરી રહી છે. ગુજરાત રાજ્યમાં ભારત જોડો ન્યાય યાત્રા ૭ જીલ્લાઓમાંથી પસાર થશે. ભારત જોડો ન્યાય યાત્રા ગુજરાત રાજ્યમાં ૪૪૫ કિ.મી.નો પ્રવાસ કરશે અને ૫ થી વધુ લોકસભા ક્ષેત્રો આવરી લેવામાં આવશે. તેમ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યુ હતુ.સમગ્ર દેશમાં ભાજપા જે એજન્ડા સાથે



નિતિ અખત્યાર કરી રહી છે જેનાથી દેશને મુશ્કેલ પરિસ્થિતિમાં મુકી દીધો છે.

દેશમાં તમામ નાગરિકોને ન્યાય મળે ખાસ કરીને યુવાનો, મહિલાઓ, ખેડૂતો, શ્રમિકોને ન્યાય મળે તે માટે મણિપુર થી મુંબઈ સુધીની ૬૭૦૦ કિ.મી. ની ભારત જોડો ન્યાય યાત્રા વિવિધ રાજ્યોમાંથી પસાર થઈ રહી છે ત્યારે, ૬૭૦૦ કિ.મી. ની ભારત જોડો ન્યાય યાત્રા અંતર્ગત કાર્યકરો, પદાધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કોંગ્રેસ પક્ષના શુભેચ્છકો દેશના નાગરિકો મોટી સંખ્યામાં આ ન્યાય યાત્રામાં જોડાઈ રહ્યાં છે. અસમાનતા, સામાજિક ધ્રુવીકરણને રોકવા અને સર્વસમાવેશી રાજનીતિ માટે 'ભારત જોડો ન્યાય યાત્રા' ની શરૂઆત કરવામાં આવી છે. ભારત ના લોકો ને આર્થિક, સામાજિક અને રાજનૈતિક ન્યાય મળી રહે તે માટે 'ભારત જોડો ન્યાય યાત્રા' યોજાઈ રહી છે.

# જાહેરમાં થુંકતા તથા કચરો ફેંકતા સાતને ઈ-ચલણ મોકલાયા



**અબતક રાજકોટ**

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા ઝડપી લઈ દંડ વસુલાત ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ૭ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓને ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવ્યો છે.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૧૧૩૭ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૪૭૫ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની સફાઈ બાબતની ૧૨ ફરિયાદો સીસીટીવી કન્ટ્રોલ રૂમ દ્વારા ફરિયાદી બની કરવામાં આવી હતી.

### જનકલ્યાણ ટ્રસ્ટને મળ્યું ૪૭૦મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**




ચંપાબેન અરવિંદભાઈ વિઠલાણીનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન, દેહદાન કરેલ છે.

જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી આ અંગદાન, ત્વચાદાન, ચક્ષુદાન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૪૭૦મું ચક્ષુદાન થયેલ છે. આ ફેબ્રુઆરી મહીનામાં ચૌદમું ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન દેહદાન માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક સાધવો.


# અનંત-રાધિકાના પ્રિ-વેડિંગ સેલિબ્રેશનમાં અનોખો 'જલસો'

## ત્રિ-દિવસીય ફંક્શનમાં વૈશ્વિક મહાનુભાવોએ માણી જંગલ સફારી... રાત્રે ડાન્સ-મ્યુઝિકમાં મહેમાનો ઝૂમ્યાં:અંબાણી પરિવારના આતિથ્ય સત્કારથી મહેમાનો ગદગદીત
















### મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેનું સ્વાગત

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે અંબાણી પરિવારના લાડકવાયા અનંત-રાધિકાના પ્રિ-વેડિંગ સેલિબ્રેશનમાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે મુખ્યમંત્રી એકનાથ શિંદેનું જામનગર એરપોર્ટ પર કલેક્ટર તેમજ જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ સહિતના મહાનુભાવો દ્વારા સ્વાગત કરાયું હતું. મહાનુભાવોએ સીએમ એકનાથ શિંદેને પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.



### સલમાન, શાહરૂખ, આમિર ખાન, રણવીર-દિપીકા સહિતના કલાકારોના ધમાકેદાર પર્ફોર્મન્સ

### અંબાણી પરિવારની મહેમાનગતિ માણતા ડીજીપી વિકાસ સહાય

દેશના ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના ત્રિ-દિવસીય પ્રિ-વેડિંગ સેલિબ્રેશનમાં ગુજરાતના ડિજીપી વિકાસ સહાય મહેમાન બન્યા હતા. જામનગર એરપોર્ટ ખાતે ડિજીપી વિકાસ સહાયનું જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ સહિતના મહાનુભાવો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.



### આસામના મુખ્યમંત્રી હેમંત બિશ્વા શર્માની વિશેષ ઉપસ્થિતિ

અંબાણી પરિવાર દ્વારા અનંત-રાધિકાના ત્રિ-દિવસીય પ્રિ-વેડિંગ સેલિબ્રેશનમાં આસામના મુખ્યમંત્રી હેમંત બિશ્વા શર્મા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીનું જામનગરમાં આગમન થતાં જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર બી.કે.પંડ્યા, એસ.પી. પ્રેમસુખ ડેલુ સહિતના મહાનુભાવોએ પુષ્પવર્ષા વડે અભિવાદન કર્યું હતું.



### જામનગર એરપોર્ટ પરથી ૩૫૦ ફ્લાઈટનું મુવમેન્ટ

જામનગરમાં અંબાણી પરિવાર દ્વારા પ્રિવેડિંગ સેરેમનીનું આયોજન કરાયુ હતું. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રિવેડિંગ જલસામા સહભાગી થવા દેશ વિદેશના મહેમાનો આવતા હોવાથી જામનગરના એરપોર્ટ પર ફલાઈટની દોડાદોડી રહી હતી.

જેના ભાગરૂપે જામનગરના એરપોર્ટને ઓથોરિટી દ્વારા ઈન્ટરનેશનલ એરપોર્ટની માન્યતા આપવામાં આવી હતી. ત્યારે આ સપ્તાહ દરમિયાન ૩૫૦ ફ્લાઈટ મુવમેન્ટ થઈ છે.

૮૬ ઈન્ટરનેશનલ ફ્લાઈટની અવર જવર સાથે કુલ ૪૫૦૦ લોકોનું એરપોર્ટ પરથી મુવમેન્ટ થયાનું સત્તાવાર સામે આવ્યું છે. જામનગરના એરપોર્ટ પર સંખ્યાબંધ ડોમેસ્ટિક ફ્લાઈટ અવર જવર રહેવાની હોવાથી એરપોર્ટ ઓથોરિટી દ્વારા થોડા દિવસો માટે જામનગરના એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટ તરીકેની માન્યતા આપી છે.

એરપોર્ટના ડાયરેક્ટ ડી.કે.સિંગે જણાવ્યું કે ૨૬ ફેબ્રુઆરીથી તારીખ ૩.૩.૨૪ સુધીના સમયગાળા દરમિયાન કુલ ૩૫૦ ડોમેસ્ટિક ફ્લાઈટોનું મુવમેન્ટ થયું છે.

જયારે ૮૬ ઈન્ટરનેશનલ ફ્લાઈટનું મુવમેન્ટ જામનગરના એરપોર્ટ પર થયું છે, અને આ દિવસો દરમિયાન કુલ ૪૫૦૦ જેટલા મહેમાનોની એરપોર્ટ પર અવર-જવર જોવા મળી છે.

### અંબાણી પરિવારે 'જલાબાપા'ને વિક્રમી રોટલો ધરાવ્યો

જામનગરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનાં ચેરમેન મુકેશ અંબાણી તથા નીતાબેન અંબાણીનાં નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનાં પ્રિ-વેડીંગ સેલિબ્રેશન નિમિત્તે બોલીવુડ કલાકારોનાં ભવ્ય આયોજનોની સાથે જ ધર્મકાર્યો પણ થઈ રહ્યા છે. જે અંતર્ગત હાપા જલારામ મંદિરે શ્રી પ્રભુદાસ ખીમજી કોટેચા અન્નક્ષેત્રનાં ઉપક્રમે સંત શિરોમણી શ્રી જલારામ બાપાને વિશ્વ વિક્રમી રોટલો ધરાવવામાં આવ્યો હતો. તેમજ સંધ્યા આરતી પછી ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. અંબાણી પરિવાર દ્વારા માંગલિક પ્રસંગે ભવ્ય ઉજવણીની સાથે જ ધર્મકાર્યો કરી સાંસ્કૃતિક વારસાને પણ જાળવવામાં આવ્યો છે.



**અબતક,સાગર સંઘાણી**
**જામનગર**

ઉદ્યોપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અને રાધિકાના પ્રિ-વેડિંગ સેલિબ્રેશનમાં વિશ્વભરના દિગ્ગજ મહાનુભાવો, બોલીવુડ-હોલીવુડના ખ્યાતનામ કલાકારો, ક્રિકેટરો સહિત રાજકીય આગેવાનો જામનગરના મહેમાન બન્યા હતા. ત્રિ-દિવસીય પ્રિ-વેડિંગ સેલિબ્રેશનના પ્રથમ દિવસે હોલીવુડ પોપસીંગર રિહાના, એકોન સહિત અરિજીતસિંઘ, દિલજીત દોસાન, શ્રેયા ઘોંસાલ સહિતના સિંગરોએ સૌ કોઈને પોતાના સુરીલા કંઠે ઝુમાવ્યાં હતા.

પ્રિ-વેડિંગ સેલિબ્રેશનના બીજા દિવસે વોક ઓન ધ વાઈલ્ડ સાઈડ થીમ ઉપર મહેમાનોને વનતારાના પ્રાણીઓના રેસ્ક્યૂ સેન્ટરની મુલાકાત કરાવવામાં આવી હતી. તમામ મહેમાનોએ જંગલની થીમ મુજબ ડિઝાઈનર કપડાં પહેરી સૌ કોઈને આકર્ષિત કર્યા હતા.

આ ડ્રેસ કોડમાં સચિન તેડુંલકર, દિપીકા-રણવીરસિંઘ, માર્ક ઝુકરબર્ગ, નિતાબેન, આકાશ, રાધિકા, શ્લોકા-આકાશ સહિતના મોંઘેરા મહેમાનો જંગલ થીમના ડ્રેસકોર્ડમાં જોવા મળ્યા હતા. મહાનુભાવોએ હાથીની સારવાર કરતી હોસ્પિટલ પ્રાણીઓની મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ, લેબોરેટરી તેમજ રેસ્ક્યૂ કરાયેલા પ્રાણીઓ વિશે માહિતી મેળવી હતી.

સાથોસાથ ડીજીપી વિકાસ સહાય, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એમનાથ સિંદે તથા આસામના મુખ્યમંત્રી એમંત બિસ્વાએ ખાસ હાજરી આપી હતી. રાત્રે જશ્નમાં આમિર ખાન, શાહરૂખ ખાન, સલમાન ખાન, રણવીર-દિપીકાના ડાન્સથી આમંત્રિત મહેમાનોને ડોલાવ્યા હતાં.

અનંત અને રાધિકા માં પ્રિ વેડિંગ સેલિબ્રેશન ના ત્રીજા દિવસે નીતા અંબાણી દ્વારા વિશ્વમભરી સ્તુતિ પર નૃત્ય પ્રસ્તુત કર્યું હતું

સાથો સાથે સૌ એ સાથે મળી ગણેશ વંદના સાથે પૂજન આરતી કરેલ હતી.

# ગુજરાતના વન વિસ્તારમાં ત્રણ ગણો વધારવા સરકારની નેમ: મંત્રી મુળુભાઈ બેરા

**અબતક, રાજકોટ**

રાજકોટને હરિયાળું બનાવવા અર્થે મંત્રી મુળુભાઈ બેરાની પ્રેરક ઉપસ્થિતિમાં ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને સદભાવના વૃધ્ધાશ્રમના સંયુકત ઉપક્રમે સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે વૃક્ષારોપણ કાર્યક્રમમાં યોજાયો હતો. આ કાર્યક્રમ હેઠળ રાજકોટ જિલ્લામાં આશરે ૧૫૦૦થી વધુ વૃક્ષોનું વાવતેર કરવામાં આવશે.

આ તકે મંત્રી મુળુભાઈ બેરાએ ૧૫૦૦ જેટલા વૃક્ષોના વાવેતરના સંકલ્પને સમાજ માટેનું મોટું કાર્ય ગણાવતા કહ્યું હતું કે, આપણું ગુજરાત રાજ્ય દરેક ક્ષેત્રમાં આગળ છે. દેશનું ગ્રોથ એન્જીન છે. ત્યારે ઔદ્યોગિક વિકાસની સાથે પર્યાવરણના જતન માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. રાજ્યનો વન વિસ્તાર હાલ ૧૧ ટકા છે, જેને વિશેષ પ્રયત્નો થકી ૩૦ ટકા સુધી લઈ જવાની ગુજરાત સરકારની નેમ છે.

તેમણે કહ્યું હતું કે, લોકકલ્યાણના કામો કરીને સદ્દભાવના સંસ્થા વિશ્વાસપાત્ર બની છે. જે વૃક્ષો વાવ્યા બાદ તેનું જતન પણ કરે છે. આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની સમસ્યાનો સામનો કરી રહ્યું છે. ત્યારે ગ્રીન ગુજરાત અને ગ્રીન ભારત બનાવીને આવનાર પેઢીને સારું પર્યાવરણ આપવાની જવાબદારી આપણા સૌની છે.




મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં ગ્રેટર ચેમ્બર દ્વારા વૃક્ષારોપણ અભિયાન

### સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત વ્યાપારિક સંસ્થા દ્વારા વ્યાપક પ્રમાણમાં કરાયું વૃક્ષારોપણ

આગામી સમયમાં રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા દ્વારકાથી લઈને સોમનાથ સુધીના હાઈવે ઉપર પીપળાના વૃક્ષ વાવવાના સંકલ્પ ઉપર પણ કામ કરવામાં આવશે.

આ તકે સંસદસભ્ય રામભાઈ મોકરિયા, ધારાસભ્ય સર્વે રમેશભાઈ ટીલાળા અને દર્શિતાબેન શાહે લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવીને રાજકોટને હરિયાળું બનાવવાની પ્રેરણા આપી હતી. તેમજ સર્વે મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું.

આ કાર્યક્રમમાં ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ રાજુભાઈ દોષી, તપનભાઈ વોરા, રમેશભાઈ ઝાલાવાડીયા સહિત એસોસીએશન કારોબારી સમિતિના સભ્યઓ, વિવિધ સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# જન્મથી બહેરાશ ધરાવતા બાળકો માટે કોકિલયર ઈમ્પ્લાન્ટ આશિર્વાદરૂપ

## ‘વર્લ્ડ હિયરિંગ ડે’ નિમિતે યોજાયો ‘સાંભળશે ગુજરાત, બોલશે ગુજરાત’ અદભૂત કાર્યક્રમઃ સાંભળવાની શકિત મેળવનાર બાળકો રહ્યા ઉપસ્થિત



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

દર વર્ષે ૩ માર્ચના રોજ વર્લ્ડ હિયરિંગ ડે તરીકે મનાવાય છે, હિયરિંગ લોસ ઉકેલ માટે કોક્લિયર ઈમ્પ્લાન્ટ એક વરદાન છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરાવીને સાંભળવાની શકિત મેળવનાર ૨૦૦ જેટલાં બાળકો માટે સાંભળશે ગુજરાત, બોલશે ગુજરાત'' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે બીસીસીઆઈના પૂર્વ સેક્રેટરી નિરંજન શાહ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે ડો. અર્જુનસિંહ રાણા, ડો. નીરજ સુરી દિલીપભાઈ દેશમુખ, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ ચેતેશ્વર પૂજારા સહીત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

બીસીસીઆઈના પૂર્વ સેક્રેટરી નિરંજન શાહે જણાવ્યું હતું કે, 'અમે માનીએ છીએ કે દરેક વ્યક્તિ શ્રવણની ભેટનો આનંદ માણવાની અને સંપૂર્ણ જીવન જીવવાની તકને પાત્ર છે. આ પ્રકારના કાર્યક્રમ દ્વારા વ્યકિતઓને વધુ સારી રીતે સાંભળવાની તંદુરસ્તી તરફ સક્રિય પગલાં ભરવા અને સાંભળવાની ખોટ ધરાવતા લોકો માટે વધુ સમાવિષ્ટ અને સહાયક વાતાવરણ બનાવવા માટે પ્રેરણા આપવાની આશા મળી રહે છે. ડો. નીરજ સુરી જણાવ્યું હતું કે, ''ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સાંભળી ના શકતા લોકો માટે આશાના કિરણ તરીકે ઉભરી આવી છે, જેણે સાંભળવાની ક્ષતિ ધરાવતા બાળકોના દર્દીઓમાં ૨૨૦૦થી વધુ કોક્લિયર ઈમ્પ્લાન્ટના કેસ કર્યા છે. આ સિદ્ધિ અસંખ્ય વ્યક્તિઓ માટે શ્રવણની ભેટ પુનઃસ્થાપિત કરવા અને જીવનની ગુણવત્તા વધારવાની અમારી પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે ઊભી છે. ભારતમાં સાંભળવાની ક્ષતિ એ એક પ્રચલિત ચિંતા છે,

સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો.અર્જુનસિંહ રાણાએ જણાવ્યું ''દુનિયામાં ઘણા બધા લોકો હજી પણ આ સારવાર લીધા વગર આ રોગથી પીડાતા જોવા મળી રહ્યા છે. જેઓને સમયસર સારવારની જરૂર છે. સમયસર લીધેલ સારવાર તેમની આખી જિંદગી બચાવી શકે છે. જીવનકાળ દરમિયાન સુનાવણીના નુકસાનને રોકવા અને તેને દૂર કરવા સમયસર પગલાં લેવાની જરૂર છે.

જન્મેલા દર ૧૦૦૦ બાળકોમાંથી ૪ બાળકોને સાંભળવાની તીવ્ર ખોટ હોય છે, જેને અદ્યતન શસ્ત્રક્રિયાની જરૂર પડે છે જેને કોકલીયર ઈમ્પ્લાન્ટેશન કહેવામાં આવે છે.

સાભળશે ગુજરાત. બોલશે ગુજરાત કાર્યક્રમમાં ઉપસ્થિત બાળકોએ વિવિધ વિષયો પર સ્પીચ પણ આપી હતી.

# આત્મીય કાર્નિવલમાં ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ જુદી જુદી થીમ પર પ્રતિભા દર્શાવી

## વિદ્યાર્થીઓ દ્વારા રમત ગમત વ્યાપાર અને ખાણીપીણીના ૧૨૦ જેટલા સ્ટોલનું નિર્માણઃ શાળા દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના પ્રયત્નો



રીપોર્ટરઃ- જાનવી વિસાણી
કેમેરામેનઃ- નિશીત ગઢીયા

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ ખાતે આત્મીય યુનિવર્સિટીના કેમ્પસમાં તા.૧ માર્ચ થી ૩ માર્ચ સુધીત્રણ દિવસના ભવ્ય કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્નિવલમાં ૧ થી ૧૧ ધોરણના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્નિવલમાં વિદ્યાર્થીઓને કુલ પાંચ વિષય પર સ્ટોલનું આયોજન કરવા કહ્યું, જેમાં વ્યાપાર, ખાણીપીણી રમત ગમત વાલીઓ માટે અલગ અને લાઈવ મનોરંજનનો સમાવેશ થાય છે. જેમાં વિદ્યાર્થીઓએ તેની આંતરિક કુશળતા અને બુધ્ધિક્ષમતાને ધ્યાનમાં રાખીના તેના મનગમતા વિષય પર સ્ટોલ આયોજન કર્યુ હતું.

આત્મીય કાર્નિવલ-૨૦૨૪માં કુલ ૧૨૦ જેટલા સ્ટોલ હતા. જેમાં સાબુ, મીણબત્તી, વેસ્ટર્ન અને ઈન્ડીયન પોશાક, શાહાની થેલીઓ બનાવવાથી માંડીને ચાર્ટ ભેળ વગેરે ખાણીપીણીના સ્ટોલનું આયોજન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું

(અનુ. આઠમા પાને)

### બાળકોનો સર્વાંગી વિકાસ સધાય એવો શાળાનો પ્રયત્નઃ પ્રિન્સીપાલ સ્વસ્તીક દીદી



આત્મિય સ્કુલના પ્રિન્સીપાલ સ્વસ્તિક દીદીએ જણાવ્યું કે, ગુરુહરિપ્રસાદ સ્વામીજીએ અમને શીખવ્યું છે, કે બાળકોમા શ્રેષ્ઠતાનું નિરૂપણ કરો અને ભણતરની સાથે જીવન ગણતરના પણ પાઠ બાળકોને શીખવવા. શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમા કલા કૌશલ્યનું પણ નિર્માણ થાય. પોતાની ક્ષમતાને ઓળખી અને તેમાં આગળ વધી ભવિષ્યમા સફળતા મેળવે એવો આત્મીય સ્કુલનો ધ્યેય છે. આત્મીય કાર્નિવલ ૨૦૨૪નું આયોજન કરવા પાછળનો એક્માત્ર હેતુ એ જ છે કે અહીં કુલ ૧૨૦ જેટલાં સ્ટોલ છે જેમા બિઝનેસ,શોપિંગ,ફૂડમાર્ટ સાથે લાઈવ એન્ટરટેનમેન્ટ અને વાલીઓને પણ એક તક આપવામાં આવી છે કે તેઓ પણ તેમના કૌશલ્યના માધ્યમથી અહીં ભાગ લઈ વેચાણ કરે અને તેમની અંદર છુપાયેલી કુશળતાને બાળકો સમક્ષ રજૂ કરે અને બાળકોને સહભાગી બને. આ કાર્નિવલ દ્વારા અમે જોઈ રહ્યા છીએ કે બાળકો એકમાત્ર વેચાણ જ નહીં પણ આગવી શૈલી થી વ્યાપાર કેમ કરવો અને પોતાની વાત અને રજુઆત દ્વારા ઉત્તમ વેચાણ કેમ કરવું એ પણ શીખે છે. શાળા દ્વારા અભ્યાસની સાથે વિદ્યાર્થીઓની આવડતને ધ્યાનમા રાખીને આ કાર્યક્રમ યોજેલ છે. (અનુ. આઠમા પાને)

### બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્નિવલ થવા જરૂરીઃ ડો.ભાવેશ સચદે



એમણે જણાવ્યું કે, આત્મીય સ્કુલ કાર્નિવલમાં હું પ્રેક્ષક તરીકે હાજર છું આ કાર્નિવલ નાના ભૂલકાઓના ભવિષ્ય માટે ખુબ જ આવશ્યક છે. બાળકોને પોતાના ભવિષ્યમાં શું કરવું તેની ઝાંખી આવા કાર્યક્રમોથી આવે છે. બાળકોની અંદર રહેલી કુશળતા ખીલે છે. બાળકોને ખ્યાલ આવે

(અનુ. આઠમા પાને)


### ત્રણ દિવસમાં ઘણું બધું શીખવા મળ્યુંઃ જલશ્રી વિદ્યાર્થીની



જલશ્રીએ જણાવ્યું હતું કે, અમને અંદાજે ૧ અઠવાડીયા અગાઉ જ શાળાઓને જાણ કરી હતી. કે આવો કાર્નિવલ આયોજવામાં આવશે જે જાણીને અમને ખુબ જ આનંદ થયો અને અમે ચાર્ટનો સ્ટોલ કરવાના નિર્ણય કર્યો. અહીં અમે ભેળ અને ચાર્ટ

(અનુ. આઠમા પાને)

### રોકાણથી માંડીને વેચાણ સુધીનું બિઝનેસ અંગેનું જ્ઞાન પ્રાપ્ત થયુંઃ જયરામ શાઈ (વિદ્યાર્થી)



જયરામે જણાવ્યું હતું કે, અમને કાર્નિવલ ની જાણ થતાં જ અમે બજારમાં નીકળી પડયા હતા જે દરમિયાન અમે નોટીસ કર્યુ હતું કે, બજારમાં સૌથી વધુ ભીડ લેડીઝ ઓર્નામેન્ટ શોપ પર હોય છે. લેડીઝની વિવિધ જવેલરી ખુબ જ આકર્ષિત હોય છે. જેથી તેની દુકાનો પર વધુ ભીડ જોવા મળે છે.

(અનુ. આઠમા પાને)

### શાળાએ અમને પણ એક પ્લેટ ફોર્મ આપ્યું જેથી અમે આભારી છીએઃ વાલી



તેમણે જણાવ્યું કે, મારી દીકરી યાજ્ઞિ સાવલિયા આત્મીય સ્કૂલ મા નર્સરીથી જ સ્ટડી કરે છે. હાલ મારી દીકરી ૫મા ધોરણમા અંગ્રેજી માધ્યમમા અભ્યાસ કરે છે.એમણે વધુમાં જણાવ્યું કે શાળા દ્વારા આ આયોજનની મને જાણ કરવામાં આવી, કે આ કાર્નિવલમા વિદ્યાર્થીઓના માતા પિતા

(અનુ. આઠમા પાને)

# રોયલ એકેડમી ઈન્ડિયા દ્વારા ભવ્ય સંગીત કાર્યક્રમ યોજાયો

## કાર્યક્રમમાં ૨૭ કલાકારોએ ભાગ લીધો હતો







રીપોર્ટરઃ- જાનવી વિસાણી
કેમેરામેનઃ- દિપેશ ગરોધરા

**અબતક, રાજકોટ**

રોયલ એકેડમી ઈન્ડિયા હેમુ ગઢવી હોલ ખાતે સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૭ સંગીત કલાકારોએ ભાગ લીધો હતો. રોયલ એકેડમી દ્વારા કરાયેલા કાર્યક્રમનો મુખ્ય હેતુ ઉભરતા કલાકારોને પ્રોત્સાહન આપવાનું છે. રોયલ એકેડમી દ્વારા સંગીત કલાકારોને વ્યવસ્થિત અને નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. અને રોયલ એકેડમી દ્વારા સામાજીક ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં સંગીત ક્ષેત્રના અનુભવી મધુભાઈ મહેતા કિશોરભાઈ રાઠોડ અને અતુલભાઈ મહેતા એ અતિથિ તરીકે હાજરી આપી હતી.

### સ્ટેજનો મોહ રાખ્યા વગર મહેનત કરતા રહેજોઃ મધુકર મહેતા



પાર્ટીસિપેટ કલાકારોને મે ટ્રેનીંગ દીધેલ પાર્ટીસિપેટ કરનારાઓનું ભવિષ્યએ લોકો સ્ટેજનો મોહ ન રાખે એ વધારે મહેનત કરે તો આગળ વધે સંગીત તો માં સરસ્વતી ની દેન છે. જેને સુરનુ જ્ઞાન હોય તે જ આગળ વધી શકે અને જેને સુર તાલનું જ્ઞાન નથી તેને પંડિત જશરાજ પણ નથી શિખવી શકવાના સ્ટેજ પુરુ ચંદ્રકાંતભાઈએ પાડયું છે. અબતકના માધ્યમથી હું સંદેશ આપીશ જેને સંગીતનો શોખ છે. એ ગાતા રેજો અને સ્ટેજનો મોહ રાખ્યા વગર મહેનત કરશો તો આગળ વધશો.

### જે કલાકારોને ચાન્સ મળતો નથી તે બધા કલાકારોને ચાન્સ મળે તેવી સગવડતા પુરી પાડે છેઃ ચંદ્રેશ શેઠ



રોયલ એકેડમી ઈન્ડિયા ઈન્ટરનેશનલ લેવલ પર છે. તેના દ્વારા આધ્યાત્મીક ધાર્મિક અને સામાજીક અનેક કાર્યક્રમ કરવામાં આવે છે. હવે સંગીત ક્ષેત્રે પણ રાજકોટના ૨૪૨ સીંગર કે જેને ચાન્સ મળતો નથી એવા સિંગરસને ચાન્સ મળે બધી રીતે આગળ આવે તેની નિઃશુલ્ક સગવડતા પુરી પાડે છે. દર રવિવારે ઋષભ વાટીકામાં પ્રોગ્રામ થાય છે. રોયલ એકેડમીનો ૨૫૦૦ ફુટનો હોલ છે. આજના કાર્યક્રમમાં ૨૭ સિંગરોએ ભાગ લીધો. જજ તરીકે મધુભાઈ મહેતા, કિશોરભાઈ રાઠોડ રહ્યા હતા.

### સંગીત એક સાધના છે મનોરંજન નહિ તે ભકિતનું માધ્યમ છેઃ મોહશીન શેખ




અમદાવાદથી આવું છું હું નાનકડો કલાકાર છું રંગીતા રાજકોટને ઘણા વર્ષથી સુરીલા રાજકોટ તરીકે જોયું છે. આયા સંગીતની પ્રવૃતિઓ સંગીતા કલાકારોને પ્રોત્સાહન મળે છે. આજે આ કાર્યક્રમ થકી મને રાજકોટ શહેરને મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. રોયલ એકડમી એવી છે કે સંગીત કલાકારોને પ્લેટ ફોર્મ પુરુ પાડે છે. મહાન કલાકારે લખ્યું છે કે સંગીત હે શકિત હે ઈશ્વર કી હર શ્વર મે બસે હી રામ રાગી મે સુનાયે રાગીની હર રોગી કો મીલે આરામ, તો સંગીત માત્ર મનોરંજનનું નહિ તો ભકિતનું પણ માધ્યમ છે. સંગીત એટલે સાધના સાધના વગર કોઈપણ વસ્તુમાં નિપુર્ણ નથી થઈ શકતા. જો તમારે સારા કલાકાર બનવું હોય તો સંગીતની આરાધના સાથે સાથે સાધના રિહાઝ પણ કરવો પડશે. રિયાઝ કરેગા વો હી રાજ કરેગા હું અબતકનો આભારી છું કે બધાને ઘરે ઘરે અમે પહોંચી શકીએ એ અવસર બદલ

# કુદરતી સંસાધનોના જતન સાથે ટકાઉ વિકાસ માટે સરકાર કટિબધ્ધઃ મુળુભાઈ બેરા

## શાપરમાં મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્રના ઔદ્યોગિક એકમોના પ્રશ્નોના નિરાકરણ હેતુ ‘ઓપન હાઉસ’માં ઉદ્યોગકારો સાથે કરાઈ તલસ્પર્શી ચર્ચા









**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા શાપર ખાતે ઔદ્યોગિક વિકાસની સાથે પર્યાવરણની જાળવણી સુચારુ રૂપે થઈ શકે તે માટે પ્રવાસન, વન અને પર્યાવરણ કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને ઉદ્યોગ જગતના પ્રશ્નોના નિવારણ માટે ઓપન હાઉસ, પ્રદર્શન તથા સંતુલિત વિકાસ વિષય પર સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ દરેક વ્યકિતના કલ્યાણ હેતુ અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. ઉદ્યોગ જગતના દરેક પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે એક મંચ ઉપર ચર્ચા અને સંવાદ થાય તે હેતુ ''ઓપન હાઉસ'' કાર્યક્રમ યોજાયો છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ઉમદા કામગીરી અંગે મંત્રીએ રાજીપો વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે, જીપીસીબી બોર્ડ દ્વારા ઉદ્યોગકારોને કોઈ પણ પ્રકારની હેરાનગતિ ન થાય, તેની કાળજી રાખીને કામગીરી કરવામાં આવી રહી છે. આજે આપણે સૌ સાક્ષી છીએ કે, વડાપ્રધાન દ્વારા વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ સમિટના બીજ રોપવામાં આવ્યા હતા જે આજે વટવૃક્ષ બન્યું છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪માં સફળતાપૂર્વક ૧૦મી વાઈબ્રન્ટ સમિટ પૂર્ણ કરવામાં આવી છે.

પર્યાવરણના જતન સાથે ટકાઉ વિકાસ અંગેની વાત કરતા તેમણે કહ્યું હતું કે, ઔદ્યોગીકરણની આડ અસરના કારણે હવાના પ્રદૂષણમાં વધારો થયો છે. કેન્દ્ર સરકાર દ્વારા હવા પ્રદૂષણ નિયંત્રણ માટે એનસીએપી લોન્ચ કરવામાં આવ્યો છે. જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકાને છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૮૩.૧ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જેમાંથી આશરે રૂ. ૬૩.૯૫ કરોડ જેટલી રકમનો ઉપયોગ રાજકોટ શહેરમાં પાર્કીંગ, ગાર્ડનીંગ, રોડ - રીપેરીંગ, ખુલ્લી ફૂટપાથને પેવાર બ્લોકથી કવર કરવા તથા વૃક્ષારોપણ માટે કરવામાં આવ્યો છે. જેના પરિણામે રાજકોટ શહેરના એર ક્વોલીટી ઈન્ડેક્સમાં વર્ષ ૨૦૨૦-૨૧ ની સરખામણીમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૫.30% નો ઘટાડો જોવા મળ્યો છે.

સૌરાષ્ટ્રમાં છેલ્લા ૨૦ વર્ષમાં ઔદ્યોગિક ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થયો છે. રાજકોટ ઓટો પાર્ટસ ઉદ્યોગનું હબ બન્યું છે. મોરબીના સીરામીક ઉદ્યોગે વિશ્વ કક્ષાએ નામના મેળવેલ છે, સુરેન્દ્રનગરમાં સ્ટોન ક્રશર ઉદ્યોગ, પોરબંદરમાં માઈનીંગ ઉદ્યોગ, જેતપુરમાં સાડી ઉદ્યોગ સહિત સૌરાષ્ટ્રમાં અનેક ઉદ્યોગો વિકાસ પામ્યા છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. સરકાર ઉદ્યોગો જગતને પ્રોત્સાહન આપી રહી છે, સ્થાનિક લોકો માટે રોજગારીની તકોના સર્જનની સાથોસાથ કુદરતી સંપદાઓના જતન માટે પણ સરકાર પ્રતિબધ્ધ છે. સહુના સહિયારા પ્રયાસથી સકારાત્મક પરિવર્તન સાથે સૌના સાથ, સૌના વિકાસના સુત્રને સફળ કરવા મંત્રીએ અપીલ કરી હતી.

આ અવસરે સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓના વિવિધ એસોસિયેશનના પ્રમુખઓ અને ઉદ્યોગકારોએ આ સુંદર આયોજન બદલ કેબિનેટ મંત્રીનો આભાર માન્યો હતો. તેમજ ઉદ્યોગકારોએ તેમને મુંઝવતા પ્રશ્નો મંત્રી સમક્ષ રજૂ કર્યા હતા. તદુપરાંત સૌરાષ્ટ્રના વિવિધ એસોસિયેશનના હોદ્દેદારો દ્વારા મંત્રીનું સન્માન કરવામાં આવ્યું હતું.

# પાળ રોડ-કણકોટ રોડને રૂ.૧૫.૮૦ કરોડના ખર્ચે ડેવલપ કરાશે

## સાંસદ મોહનભાઈ કુંડારીયાના હસ્તે વિકાસ કામનું કરાયું ખાતમુહૂર્ત

**અબતક રાજકોટ**

વોર્ડ નં.૧૧માં રામધણથી વગડ ચોકથી સુધીના પાળ રોડ ડેવલપ કરવાનું રૂ.૬.૩૪ કરોડનું કામ, મવડી સ્મશાનથી જેટકો ચોકડી સુધી કણકોટ રોડને ડેવલપ કરવાનું રૂ.૯.૪૬ કરોડનું સહિત કુલ રૂ.૧૫.૮ કરોડના ખર્ચે રોડ ડેવલપ કરવાના કામનું ખાતમુહૂર્ત સાંસદ મોહનભાઈ કુંડારીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ તકે શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, કોર્પોરેટર વિનુભાઈ સોરઠીયા, રણજીતભાઈ સાગઠીયા, ભારતીબેન પાડલીયા, વોર્ડ નં.૧૧ના પ્રમુખ મહેશભાઈ પીપળીયા વોર્ડ નં.૧૩ના પ્રવિણભાઈ પાઘડાર, વોર્ડ નં.૮ના પ્રભારી સંજયભાઈ દવે, તેમજ ફર્નાન્ડીઝભાઈ પાડલીયા, પ્રવિણભાઈ ઠુંમર, શીશાંગીયા નિખિલભાઈ, રસિકભાઈ મુંગરા, અંકુરભાઈ ધામેલીયા, રાજુભાઈ ભટ્ટ, જીતુભાઈ ધામેલીયા, રમણીકભાઈ મણવર, જીજ્ઞેશભાઈ કોઠારી, બાવનજી બાપા કીડીયા, ધીરૂભાઈ ઘાડીયા, ધર્મેશભાઈ સોલંકી, વેલભાઈ ગમારા, ધીરેનભાઈ કરગથરા, દિલીપભાઈ રાઠોડ, રોહિત ભૂવા,



પરસોતમબાપા, શૈલેશભાઈ ઈસોટીયા, કેતનભાઈ કનેરીયા, પીનાબેન સુરેજા, જાગૃતિબેન હુડકા, પ્રફુલ્લાબેન બારોટ, પુજાબા જાડેજા, ગોપીબા જાડેજા, સારીકા માણાવદરીયા તથા બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ.

રામધણથી વગડ ચોકથી સુધી (પાળ રોડ) ડેવલપ કરવાનું આ કામ ૩૦,૨૬૦ ચો.મી.માં રસ્તાને ડામર કરવામાં આવશે. આ કામ આશરે ૪૭૯૦ ચો.મી.માં ફૂટપાથ બનાવવામાં આવશે, આ કામ ૭૬૫ રનિંગ મીટરમાં ડક્ટ લાઈન નાખવામાં આવશે, આ કામ ૬૮૪૦ ચો.મી.માં પાર્કિંગ બ્લોક નાખવામાં આવશે. આ કામ થવાથી આશરે ૨૩ હજાર લોકોને ફાયદો થશે. મવડી સ્મશાનથી જેટકો ચોકડી સુધી (કણકોટ રોડ) ડેવલપ કરવાનું આ કામ આશરે ૨૮,૫૦૦ ચો.મી.માં રસ્તા અને ડામર કાર્પેટ કરવામાં આવશે, આ કામ આશરે ૪૨૦૦ ચો.મી.માં ફૂટપાથ બનાવવામાં આવશે, આ કામ ૬૦૦૦ ચો.મી.માં પાર્કિંગ બ્લોક નાખવામાં આવશે, આ કામ ૬૨૨૦ રનિંગ મીટરમાં ડક્ટ લાઈન નાખવામાં આવશે, આ કામ થવાથી આશરે ૧૭ હજાર લોકોને ફાયદો થશે.

# કોર્પોરેશનના ૧૯ કર્મચારીઓની બઢતી







**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં ડી.પી.સી. મિટિંગમાં મહાપાલિકાનાં ૧૯ કર્મચારીઓને અલગ અલગ કુલ ૫ સંવર્ગોમાં બઢતી આપવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ વરદ હસ્તે બઢતીના હુકમ એનાયત કરવામાં આવ્યા હત.

જેમાં આસી. એકાઉન્ટન્ટમાંથી ડે.ચીફ એકાઉન્ટન્ટ સંવર્ગમાં ૨ કર્મચારીઓને અગાઉ શરતી બઢતી આપવામાં આવી હતી. જુનિયર સ્વીમીંગ ઈન્સટ્રકટર(મેલ) સંવર્ગમાંથી સ્વીમીંગ ઈન્સટ્રકટર (મેલ) સંવર્ગમાં ૦૧ કર્મચારી, જુનિયર સ્વીમીંગ ઈન્સટ્રકટર (ફીમેલ) સંવર્ગમાંથી સ્વીમીંગ ઈન્સટ્રકટર (ફીમેલ) સંવર્ગમાં ૦૧ કર્મચારી, જુનિયર ક્લાર્ક માંથી સિનિયર ક્લાર્ક સંવર્ગમાં ૧૩ કર્મચારી તથા ગાર્ડન આસી. સંવર્ગમાંથી ગાર્ડન સુપરવાઈઝર સંવર્ગમાં ૨ કર્મચારીઓને બઢતી આપવાનું મંજુર કરવામાં આવ્યુ હતું.

# રાજકોટ-પોરબંદર-જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવારોને આવકારતા ગોવિંદ પટેલ







**અબતક, રાજકોટ**

રાજકોટ, પોરબંદર અને જામનગર લોકસભાની બેઠક ભાજપના ઉમેદવારોને પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલે આવકાર્યા છે.

પટેલે વધુમાં જણાવ્યું છે કે સૌરાષ્ટ્રનું પાટનગર રાજકોટ છે અને રાજકોટનો અવાજ કેન્દ્ર સુધી પહોંચાડી શકે તેવા સક્ષમ સીનીયર અને અનુભવી એવા પરસોત્તમભાઈ રૂપાલા, મનસુખભાઈ માંડવીયા અને પૂનમબેન માડમના નામ ઉપરની મહોર સમગ્ર સૌરાષ્ટ્રની જનતાને આવકાર પાત્ર છે. રાજકોટના વિકાસને તેજ ગતી આપવા માટે હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ખુબ જ પ્રયાસો કર્યા છે. જેમાં રાજકોટના અંડરબ્રીજ, એઈમ્સ અને ઈન્ટરનેશનલ એરપોર્ટ, રેલ્વેની સુવિધામાં વધારો જેવા અનેક પ્રકલ્પો આપીને રાજકોટનું ઋણ ચૂકવી રહ્યા છે. તેને તેજ ગતી આપવામાં રૂપાલા અને માંડવીયા મહત્વનું પરિબળ બનશે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

# બાંધકામ મટીરીયલ્સ અને ડામરનું હવે થશે આધુનિક લેબમાં ટેસ્ટિંગ

## લેબ બિલ્ડીંગ–આધુનિક સાધનોનું ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે લોકાર્પણ

**અબતક રાજકોટ**

શહેરના વોર્ડ નં.૧૪માં ગુરૂકુળ હેડ વર્કસવાળી જગ્યામાં કુલ રૂ.૧.૧૨ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ આધુનિક લેબ બિલ્ડીંગનું તથા સાધનોનું લોકાર્પણ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

કોર્પોરેશનના વિવિધ વિકાસ કામોની વિજીલન્સ ચકાસણી માટે, સિવિલ કામ રૂ.૮૧ લાખના ખર્ચે તથા સાધનોની ખરીદી રૂ.૩૧ લાખ, એમ મળી કુલ રૂ.૧.૧૨ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ આધુનિક લેબ બિલ્ડીંગ બનાવવામાં આવ્યું છે.અને સાધનો વસાવવમાં આવ્યા છે.જેનું લોકાર્પણ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનિષભાઈ રાડીયા, વોટર વર્કસ કમિટી ચેરમેન અશ્વિનભાઈ પાંભર, એસ્ટેટ કમિટી ચેરમેન મગનભાઈ સોરઠીયા, માર્કેટ કમિટી ચેરમેન રવજીભાઈ મકવાણા, આરોગ્ય કમિટી ચેરમેન અને વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર



કેતનભાઈ પટેલ, કોર્પોરેટર નીલેશભાઈ જલુ, ભારતીબેન મકવાણા, વર્ષાબેન રાણપરા, કોર્પોરેટરો કંચનબેન સિધ્ધપુરા, વિનુભાઈ સોરઠીયા, સંદિપભાઈ ગાજીપરા, ભારતીબેન પરસાણા, દક્ષાબેન વાઘેલા, વોર્ડ નં.૧૪ના પ્રભારી જીજ્ઞેશભાઈ જોશી, પ્રમુખ મહેશભાઈ મિયાત્રા, મહામંત્રી માનસુરભાઈ વાળા, કેયુરભાઈ મશરૂ, વિપુલભાઈ માખેલા, ઉપસ્થિત રહ્યા હતા.

આ આધુનિક લેબ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર વિકાસ કામોમાં વપરાતા મટીરીયલ્સના ટેસ્ટીંગની તથા બિટ્યુમીનની ટેસ્ટિંગની અદ્યતન લેબ, ફર્સ્ટ ફ્લોટ પર ક્વોલિટી કંટ્રોલના સ્ટાફ માટે ઓફીસ તથા ટ્રેનીંગ હોલ બનાવવામાં આવેલ છે. આ સમગ્ર બાંધકામ આશરે ૭૩૬ ચો.મી.માં કરવામાં આવ્યુ છે.

## રેલનગરમાં શિવાલય ચોક પાસે

# રામેશ્વર મહાદેવ મંદિરનો બુધવારથી ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

**અબતક, રાજકોટ**

શહેરના રેલનગર, રાજનગર સોસા. શિવાલય ચોક પાસે તા. ૬ થી ૮ રામેશ્વર મહાદેવ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

અબતક ની શુભેચ્છા મુલાકાતમાં વિરેન્દ્રભાઈ પટેલ, મોહનસિંહ રાજપૂત, લક્ષ્મણસિંહ ગોહિલ અને કાંતિભાઈ ખરમરીયાએ માહીતી આપતા જણાવ્યું હતું કે, રામેશ્વર મહાદેવ મિત્ર મંડળ દ્વારા યોજાનાર ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં તા. ૬ ના રોજ હેમાદ્રી, દેહ શુધ્ધિ ગણેશ પુજન, પુણ્યાહવાચન, મંડપ પ્રવેશ, દ્વાર પુજન, મંડપાંગ ગણેશ, માતૃકા પુજન, મહા આરતી વગેરે જયારે તા. ૭ ના રોજ સ્થાપિત દેવપુજન જલયાત્રા, ગૃહશાતિ યજ્ઞ, જલધિવાસ, તેમજ સાંજે ૪ કલાકે વિશાળ શોભાયાત્રા અને રાત્રે દાંડીયારાસ તેમજ તા. ૮ ને મહાશિવરાત્રીના દિવસે સ્થાપિત દેવપુજન, દેવ જાગૃતિ, સ્થાપિત હોમ, નિજ મંદિરમાં મૂર્તિ સ્થાપના, પ્રધાન દેવ પુજન તેમજ રાત્રે આશિર્વાદ સ્કુલ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને ભવ્ય લોકડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સંતો-મહંતો ઉપરાંત ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા સહીતના રાજકીય અગ્રણીઓ, સામાજીક શ્રેષ્ઠીઓ, બિલ્ડરો વગેરે ઉપસ્થિત રહેશે.

શાસ્ત્રી હિતેષભાઈ મહેતાના આચાર્ય પદે યોજાનાર ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા



તસ્વીરઃ કરણ વાડોલીયા

## અબતકની શુભેચ્છા મુલાકાતમાં વિરેન્દ્ર પટેલે આપી માહીતી

મહોત્સવ અંતર્ગત મહા શિવરાત્રીના પર્વે ચાર હજાર ભાવિકો માટે (મહા પ્રદાસ) ફરાળનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગનો લ્હાવો લેવા દરેક ધર્મ પ્રેમિ જનતાને રામેશ્વર મિત્ર મંડળ દ્વારા એક યાદીમાં અનુરોધ કરાયો છે.

**ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા સહિતના રાજકીય અગ્રણીઓ સંતો, મહંતો, બિલ્ડરો, સમાજ શ્રેષ્ઠીઓ વગેરે રહેશે ઉપસ્થિત**

## મહાશિવરાત્રી નિમિતે

# સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા શુક્રવારે સર્વજ્ઞાતિય પાઠાત્મક લઘુરૂદ્ર

**અબતક, રાજકોટ**

સમસ્ત બ્રહ્મસમાજ, રાજકોટ દ્વારા તા.૦૮/૦૩ ને શુક્રવારના રોજ સમય સવારનાં ૯-૦૦ થી ૧૧-૩૦ દર સાલની જેમ ચાલુ સાલ પણ મહાશિવરાત્રી નિમીતે સર્વજ્ઞાતિય પાઠાત્મક લઘુરૂદ્રનું આયોજન નંદવાણા બોર્ડિંગ-૫, જાગનાથ પ્લોટ, રાજકોટ ખાતે યોજેલ છે. શાસ્ત્રી સચીનભાઈ ઠાકર પૂજા-યજ્ઞ કરાવશે. જેમાં તમામ નગરજનોને જોડાવવા તથા પુજામાં બેસવા સંસ્થા તરફથી અપીલ કરાઈ છે. પુજામાં બેસનાર સભ્યોએ ઘરેથી પંચપાત્ર, નાની થાળી, તરભાણું, આચમની, ચમચી, ૩ વાટકી તેમજ બેસવા માટેનું આસન સાથે લાવવાનું રહેશે. સંસ્થા તરફથી પુજાપો વિનામૂલ્યે આપવામાં આવશે. પુજામાં બેસનાર સભ્યો પોતાના નામ દિપકભાઈ પંડ્યા મો.૯૮૨૫૨ ૯૩૬૫૮ સમસ્ત બ્રાહ્મણ બોર્ડિંગે સાંજે : ૫-૩૦ થી ૬-૩૦) ૬- રજપુતપરા, ખાતે રૂબરૂ લખાવી શકે છે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાનાં અગ્રણી કશ્યપ શુક્લ તથા સંસ્થાના પ્રમુખ દર્શીતભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ જનાર્દનભાઈ એસ. આચાર્ય, પ્રશાંતભાઈ એમ. જોષી, દિપકભાઈ પંડ્યા, યોગેન્દ્રભાઈ લહેરૂ, જીજ્ઞેશભાઈ ઉપાધ્યાય વિગરે કાર્યરત છે.

# રીઝલ્ટ એડ.ના ડીરેકટર મેહુલ દામાણીના લગ્ન જીવનની આજે સીલ્વર જયુબીલી





**અબતક, રાજકોટ**

રીઝલ્ટ એડવર્ટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર મેહુલભાઈ દામાણી અને તેમના ધર્મપત્ની હિરબેન દામાણી આજરોજ તેમના લગ્ન જીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. બંને દંપતી અનેકવિધ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા હોય તેમને તેમના લગ્ન જીવનની સિલ્વર જુબેલી પર મેહુલભાઈ અને હિરબેન ને દીર્ઘાયુ અને પ્રેમાળ દાંપત્યની તેમના મો. નં. ૯૮૨૫૦૭૯૬૧૫, ૯૮૭૯૮૭૨૯૮૨ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે

# ગાર્ડી વિદ્યાપીઠ કેમ્પસ ખાતે ગુરૂવારે મહિલા જાગૃત માટે રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર

## મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા હસ્તે કરાશે સેમિનારનું ઉદઘાટન

**અબતક રાજકોટ**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત આગામી ૭ ૩ ગુરૂવારના સવારે ૯:૩૦ કલાકે સેન્ટ્રલ ઓડીટીરીયમ ગાડી વિધાપીઠ કેમ્પ્સ આર્ય ક્લબની બાજુમાં આનંદપર કાલાવડ રોડ રાજકોટ મુકામે મહિલા જાગૃત અને મહિલા સશકિતકરણ માટે ધૂમ્રપાન મોક્ષ તંદુરસ્ત ભવિષ્ય માટે મહિલાઓને સખત બનાવો વિશે રાજ્યકક્ષા સેમીના નું આયોજન કરવામાં આવેલ છે આ કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થા ગાડી પીધાપીઠના સંચાલક અજયભાઈ મહેતા દ્વારા સંભાળવામાં આવેલ છે આ સેમિનારનું ઉદઘાટન ભાનુ બેન બાબરીયા મંત્રી મહિલા અને બાળ કલ્યાણ ગાંધીનગર હસ્તે થનાર છે સેમિનારનું પ્રમુખ સ્થાન નયનાબેન પેઢડીના મેયર રાજકોટ મહાનગરપાલિકા તથા નીલાબરીબેન દવે વાઈસ ટ્રાન્સલર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ સંભારણા છે મુખ્ય મહેમાનો તરીકે દર્શિકાબેન શાહ ધારાસભ્ય





રાજકોટ પ્રવિણાબેન રંગાણી પ્રમુખ જિલ્લા પંચાયત રાજકોટ વિધિબેન ચૌધરી એડિશનલ પોલીસ કમિશનર રાજકોટ શહેર રાજેશ્રીબેન ગગવાણી જિલ્લા પુરવઠા અધિકારી રાજકોટ કંચનબેન બગડા ચેરમેન શભમત જિલ્લા પંચાયત રાજકોટ ખ્યાતિ બેન વસાવડા મેડિકલ ઓફિસર રાજકોટ કેન્સર સોસાયટી રાજકોટ કુ અલ્પનાબેન ત્રિવેદી મેનેજિંગ ટ્રસ્ટી એમ જે સયાક માહિતી નિમાયક રાજકોટ ઈલાબેન સાવલિયા પોલીસ ઈન્સપેક્ટર મહિલા પોલીસ સ્ટેશન રાજકોટ કુંડરીયા કોમર્સ કોલેજ રાજકોટ સોનલબેન જોષીપુરા દીપાબેન વી કોરાટ પ્રમુખ જાગૃતિ ગ્રાહક સુરક્ષા મહિલા મંડળ પૂર્વીબેન દવે કંપની સેક્રેટરી એમ જેપી એસોસિએન્ટસ રાજકોટ રંજનબેન ચૌહાણ મહિલા અગ્રણી ભીલ સમાજ રાજકોટ વગેરે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપનાર છે પૂર્વ સાંસદ રામાબેન રામજીભાઈ માવાણી ઉપસ્થિત રહેશે અને માર્ગદર્શન આપશે

# શીવાનંદ ભવન ખાતે દર મંગળવારે નિઃશુલ્ક દંત યજ્ઞ

**અબતક, રાજકોટ**

દિવ્યજીવન સંઘ શિવાનંદ મિશન મેડીકલ સેન્ટર અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટનાં સંયુક્ત ઉપક્રમે દર મંગળવારે સવારે ૯ થી ૧૦ શિવાનંદ ભવન, ૬/૯ જંક્શન પ્લોટ, સુખસાગર પાન પાસે રાજકોટ ખાતે વિના મુલ્યે દંત ચિકિત્સા અને ટોકન દરે બત્રીસીનાં કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. ડો.જયસુખ મકવાણા, ડો.કાજલબેન ગઢવી, ડો. હર્ષિદાબેન વસાવા, ડો.કીર્તિ આમેટા, કુ.મોનિકા ભટ્ટ, કુ. જાગૃતિ ચૌહાણ, રાજુભાઈ વરિયા સેવા આપશે. જરૂરીયાતમંદ દર્દીને તદન ટોકન દરે દાંતની બત્રીસી બનાવી આપશે. જનતાને લાભ લેવા શિવાનંદ મિશનના ભુપેન્દ્રભાઈ સ્વાદિયાએ અપીલ કરેલ છે. કિરીટભાઈ ઉપાધ્યાય, પ્રાણલાલ પંડ્યા, કિશોરસિંહ રાઠોડ અને વડીલો વ્યવસ્થા ગોઠવી રહ્યા છે. તેમ પ્રેસ ઈન્ચાર્જ મોનિકા ભટ્ટે જણાવ્યું છે.

## સાઈબર ક્રાઈમથી બચવા અને જાગૃકતા ફેલાવવા

# એચ.વી. મહેતા ઈન્ટિટયુટમાં સિક્યોરીંગ યોર ડિજિટલ સ્પેસ સત્ર યોજાયું





**અબતક, રાજકોટ**

ગાર્ડી વિદ્યાપીઠ કેમ્પસ ખાતે એચ.વી. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગ કોલેજ ખાતે નીડ ઑફ ધ અવર – સિક્યોરિંગ યોર ડિજિટલ સ્પેસવિષય પર નિષ્ણાત સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા સ્થાને ક્રાઈમ બ્રાન્ચના આસિસ્ટન્ટ પોલિસ કમિશ્નર વિશાલ એમ. રબારી સાહેબને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

## એસીપી વિશાલ એમ. રબારી રહ્યા હાજર

આ સત્રમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને વિશાલ રબારી એ જણાવ્યું હતું કે ડિજિટલ સિક્યોરિટી એ એક મહત્વપૂર્ણ ક્ષેત્ર છે જે ડિજિટલ માહિતીને સુરક્ષિત રાખવા માટે સંબંધિત છે. આધુનિક ડિજિટલ યુગમાં, ડિજિટલ સિક્યોરિટીની મહત્વતા વધી ગઈ છે કારણ કે લોકો વધુ અને વધુ ડિજિટલ સાધનો અને નેટવર્કોનો ઉપયોગ કરતા હોય છે. તેથી ડિજીટલ માધ્યમથી થતા ગુનાઓનો ભોગ બનતા કેવી રીતે બચી શકાય અને તેનું નુકસાન ઘટાડવા શું તકેદારી રાખવી જરૂરી છે? તેની માહિતી આપી હતી. તથા આવી ઘટનાનો ભોગ બન્યા પછી વ્યકિત એ કેવા ત્વરીત પગલાઓ લેવા જોઈએ તે અંગે જાણકારી આપી હતી. તેમજ ઑનલાઈન ઓળખ, ડેટા, પાસવર્ડ અને અન્ય વિગતોને સુરક્ષિત રાખવા માટે ફાયરવોલ્સ, એંટીવાયરસ સોફ્ટવેર, સર્વર સુરક્ષા, એન્ટ્રી પોઈન્ટ સુરક્ષા, ડાટા એન્ક્રિપ્ટિન્ગ, પેનટ્રેશન ટેસ્ટિંગ, સાયબર ઈન્ટેલિજેન્સ જેવા કાર્યરત સંસાધનોના ઉપયોગ અંગે જાણકારી આપી હતી. આ ઉપરાંત તેમણે પોલીસ અને નાગરિકો વચ્ચેના અંતરને દૂર કરીને કેવી રીતે એકબીજાના સહકાર અને સહયોગથી આવી ઘટનાઓને ઘટતા રોકી શકાય છે તે વિષય ઉપર પ્રકાશ પાડયો છે.

આ જ્ઞાનસભર સેમિનારના આયોજન બદલ સંસ્થાના ચેરમેન ડી.વી મહેતા અને મેનેજિંગ ડિરેક્ટર જય મહેતા દ્વારા નર્સિંગ ડિપાર્ટમેન્ટના પ્રિન્સીપાલ ડો. આશિષ ગૌતમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# રાજકોટમાં પરસોત્તમ રૂપાલા ભાજપના ઉમેદવાર "અબતક" ફરી અગ્રેસર

કડવા પાટીદાર સમાજની બેઠક મનાતી રાજકોટ લોકસભા બેઠક પર સત્તાધારી પક્ષ ભાજપ કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરસોત્તમભાઈ રૂપાલા પર પસંદગીનું કળશ ઢોળશે તેવો સચોટ અહેવાલ ૨ જાન્યુઆરી-૨૦૨૪ના રોજ "અબતક" સાંધ્ય દૈનિકમાં અલગ-અલગ રાજકીય સમિકરણોને ધ્યાનમાં રાખી એક્સકલ્યુઝીવ અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. જે સાચો ઠર્યો છે. ભાજપ દ્વારા ગુજરાતની ૨૬ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી માટે હજી કોઈ સળવળાટ પણ શરૂ કરવામાં આવ્યો ન હતો ત્યારે "અબતક" સાંધ્ય દૈનિક દ્વારા "મોહનલાલ કે મૌલેશ નહીં રાજકોટમાં પરસોત્તમ રૂપાલા પર કળશ ઢોળાશે?" તેવા ટાઈટલ સાથે વિશેષ રાજકીય અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. જેમાં રૂપાલાને શા માટે ટિકિટ આપવામાં આવી શકે છે. તેના અલગ-અલગ સચોટ સમિકરણો રજૂ કરાયા હતા. "અબતક" બે મહિના પહેલા પ્રસિધ્ધ કરેલા અહેવાલને ભાજપે ગત બીજી માર્ચ જાહેર કરેલી ઉમેદવારોના નામની પ્રથમ યાદીમાં થપ્પો લગાવ્યો હતો અને

**૨ જાન્યુઆરીના રોજ "અબતક" દૈનિકે પ્રસિધ્ધ કરેલો અહેવાલ સાચો પડ્યો**




રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરસોત્તમભાઈ રૂપાલાના નામની સત્તાવાર ઘોષણા કરી હતી. "અબતક" ફરી એકવાર અગ્રેસર રહ્યું છે.

# ગ્લોબલ વોર્મિંગઃ શિયાળા-ઉનાળા અને ચોમાસા જેવો માહોલ સર્જાયો

## એક દિવસમાં લઘુતમ તાપમાનનો પારો ૯ ડિગ્રી સુધી ગગડ્યોઃ શિવરાત્રિએ પણ ઠંડાગાર પવનો ફુંકાશે

| | |
|---|---|
| અમદાવાદ | ૧૩.૩ |
| અમરેલી | ૧૩.૦ |
| બરોડા | ૧૨.૦ |
| ભાવનગર | ૧૫.૯ |
| ભુજ | ૧૩.૨ |
| ડીસા | ૧૧.૪ |
| દ્વારકા | ૧૬.૬ |
| ગાંધીનગર | ૧૨.૪ |
| કંડલા | ૧૪.૩ |
| નલિયા | ૯.૨ |
| પોરબંદર | ૧૦.૬ |
| રાજકોટ | ૧૦.૪ |
| સુરેન્દ્રનગર | ૧૪.૦ |
| વેરાવળ | ૧૪.૭ |

### ૭ થી ૧૨ માર્ચ ફરી વાતાવરણમાં પલટો આવશેઃ રાજ્યના ૮૫થી વધુ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયોઃ આગામી ૨૪ કલાક બાદ ઠંડીનો ચમકારો ઓછો થશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં વાવાઝોડા પવન સાથે અચાનક ત્રાટકી પડેલા વરસાદે ચારેતરફ ઠંડક પ્રસરાવી છે. ગ્લોબલ વોર્મિંગની અસર તળે રાજ્યભરમાં શિયાળો-ઉનાળો અને ચોમાસા જેવો માહોલ સર્જાયો છે.ગુજરાતના લગભગ ૮૦ થી વધુ તાલુકાઓમાં છેલ્લાં બે દિવસમાં વરસાદ નોંધાયો છે. કમોસમી વરસાદ બાદ કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. પરંતુ બીજો રાઉન્ડ આવવાનો બાકી છે. જલ્દી જ ગુજરાતમાં કમોસમી વરસાદનો બીજો રાઉન્ડ આવવાનો છે. અંબાલાલ પટેલની આગાહી અનુસાર, ૭ થી ૧૨ માર્ચે ફરી વાતાવરણમાં પલટો આવશે. એટલું જ નહિ, માર્ચના ત્રીજા રાઉન્ડમાં ૧૪ થી ૨૦ માર્ચે પણ વાદળવાયુ અને રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદી છાંટાની શક્યતા રહેલી છે. ગઈ કાલે રાજ્યમાં પડેલા માવઠા બાદ આજે ઠંડીનો ચમકારો જોવા

(અનુ. આઠમા પાને)

### સાબરકાંઠા, અરવલ્લી સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ

સાબરકાંઠાના પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગર, વડાલી સહિત ઈડરના ગ્રામ્ય વિસ્તારોમાં કરા સાથેના વરસાદના પગલે ખેડૂતો પાયમાલ થઈ ચૂક્યા છે.. જેમાં વડાલી પંથકમાં ૧૨ હજાર ૬૬૫ હેક્ટરમાં ઘઉં તેમજ ૮૦૦ હેક્ટરમાં ચણાનું વાવેતર કરાયું છે... સાથોસાથ ૬૩૦ હેક્ટરમાં શાકભાજી સહિત જીરું અને મકાઈનું વાવેતર પણ મોટા પ્રમાણમાં થયેલું છે..વડાલી તાલુકાના વાસણા, ભંડવાલ, કેસરગંજ, રહેડા, અરસામડા, અસાઈ, બડોલ, કંજેલી, વડગામડા, મોરડ, ચામુ, મેઘ, ડોભાડા ગામડી, ધામડી, જેવા આજુબાજુના તમામ મોટાભાગના વડાલી તાલુકાના ગામોમાં મોટી નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી વાતાવરણમાં પલટા બાદ કમોસમી વરસાદને પગલે રવિ પાકમાં વાવેતર કરાયેલા ઘઉ,મકાઈ,વરિયાળી,બટાકા જેવા પાકોમાં વ્યાપક નુકશાન થયું છે.

# બોર્ડની પરીક્ષા વેળાએ મેડિકલ ઈમરજન્સી માટે હેલ્થ સેન્ટર તૈયાર

## આરોગ્ય વિભાગ સ્ટેન્ડ બાય રહેશેઃ પરીક્ષા દરમિયાન આકસ્મિક સંજોગોમાં વિદ્યાર્થીઓને સારવારની જરૂર પડે તો તેના માટે પરીક્ષાના સ્થળ સંચાલકોને ડોક્ટરોના નંબરો મોકલી અપાયા

**અબતક, અમદાવાદ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ૧૧ માર્ચથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થઈ રહી છે, ત્યારે પરીક્ષાને લઈ આરોગ્ય વિભાગ સ્ટેન્ડ બાય રહેશે. પરીક્ષા દરમિયાન આકસ્મિક સંજોગોમાં વિદ્યાર્થીઓને સારવારની જરૂર પડે તો તેના માટે પરીક્ષાના સ્થળ સંચાલકોને ડોક્ટરોના નંબરો મોકલી આપવામાં આવ્યા છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા પણ ૭ જેટલી હોસ્પિટલ અને ૯૫ આરોગ્ય કેન્દ્રના નંબરોની યાદી તમામ સ્થળ સંચાલકોને મોકલી આપી છે. જેથી પરીક્ષા વખતે અચાનક સારવારની જરૂર પડે તો છેલ્લી ઘડીએ દોડધામ કરવાના બદલે તાત્કાલીક સારવાર માટે નજીકની આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી શકાશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કોર્પોરેશન વિસ્તારમાં આવેલી વી.એસ. હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, શારદાબેન જનરલ હોસ્પિટલ, અસારવા સિવિલ હોસ્પિલટ, સોલા સિવિલ હોસ્પિટલ, એસવીપી હોસ્પિટલ તથા ઋક્ષ્મણીબેન હોસ્પિટલના આરએમઓ નામ અને નંબર સાથેની યાદી સ્થળ સંચાલકોને મોકલી દીધી છે. આ સિવાય અમદાવાદ શહેરમાં આવેલા ૪૮ વોર્ડમાં આવેલા ૯૫ UHC-PHC સેન્ટરના મેડિકલ ઓફીસરના નામ, ઈ-મેઈલ આઈડી અને કોન્ટેક્ટ નંબર સાથેની યાદી પણ મોકલી દેવામાં આવી છે. પરીક્ષા વખતે ઈમરજન્સી સમયે સ્થળ સંચાલક તેમના વિસ્તારના ડોકટરનો તાત્કાલિક સંપર્ક કરી વિદ્યાર્થી કે સ્ટાફના કોઈ સભ્યને

(અનુ. આઠમા પાને)

# કરૂણાંતિકા : વડોદરા નેશનલ હાઈવે પર કન્ટેનર અને કાર વચ્ચે અકસ્માતમાં એક જ પરિવારના પાંચ લોકોના મોત

## ચાર વર્ષની દીકરી અસ્મિતા પટેલનો ચમત્કારીક બચાવ : મૃતદેહને કાઢવા માટે ફાયર બ્રિગેડની મદદ લેવાઈ

**અબતક, વડોદરા**

રવિવારની મોડી રાતે જામ્બુવાથી તરસાલી તરફ નેશનલ હાઈવે પર રોડની સાઈડમાં ઉભેલા કન્ટેનર સાથે કાર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં પટેલ પરિવારના પાંચ સભ્યોના મોત નીપજ્યા છે. જ્યારે ચાર વર્ષની બાળકીનો આબાદ બચાવ થયો છે. આ કરૂણ અકસ્માતની જાણ થતાં મકરપુરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર એટલી ધડાકાભેર અથડાઈ હતી કે, અકસ્માત બાદ મૃતદેહને કાઢવા માટે ફાયર બ્રિગેડને પણ મદદ માટે બોલાવાઈ હતી.



આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, રવિવારની રાત પટેલ પરિવાર માટે ગોઝારી સાબિત થઈ છે. મોડી રાત્રે નેશનલ હાઈવે પર જામ્બુવાથી તરસાલી તરફ જઈ રહેલી કાર રોડની સાઈડમાં ઉભેલા કન્ટેનર પાછળ અથડાઈ હતી. કાર પાછળથી અથડતા તેમા બેઠેલા એક જ પરિવારના પાંચ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ચાર વર્ષની દીકરી અસ્મિતા પટેલનો આબાદ બચાવ થયો છે.

અકસ્માતમાં મૃત્યુ પામેલા

(અનુ. આઠમા પાને)

# મોરબી : સિરપના કાળા કારોબારનો પર્દાફાશઃ રેકોર્ડબ્રેક ૪૦૦ પેટીનો જથ્થો ઝડપાયો

## આશરે પોણા બે કરોડની કિંમતના કોડિન સિરપના જથ્થા સાથે ૩ની ધરપકડ કરતી એલસીબી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી એલસીબી ટીમે વધુ એક નશીલી સિરપનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. એલસીબી ટીમે મોરબીમાંથી ગુજરાતના ઈતિહાસનો સૌથી મોટો નકલી સિરપનો જથ્થો જપ્ત કર્યો છે.

મોરબી જિલ્લાના એક ગોડાઉનમાંથી ૪૦૦ પેટીથી વધુ નશીલા સિરપનો જથ્થો એલસીબીએ ઝડપી પાડવામાં આવ્યો છે. એલસીબી ટીમે ખાનગી ગોડાઉનમાંથી આશરે પોણા બે કરોડનો નશીલી કફ સિરપનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. તે ઉપરાંત મોરબી લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગોડાઉનના સંચાલક મનીષ પટેલની પણ ધરપકડ કરી છે.

મોરબીના રંગપર નજીક એલસીબીએ મોટો દરોડો પાડ્યો છે. જેમાં કોડીન કફ સીરપ અંદાજે ૪૦૦થી વધુ પેટીમાં આશરે ૬૮૦૦ લિટર હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. જો કે હાલ ગણતરી ચાલુ છે અને ત્રણ શખ્સોને દબોચી લેવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સૌરાષ્ટ્રભરમાં કોડીન કફ સિરપથી નશાનો કાળો કારોબાર ચલાવવામાં આવી રહ્યો

(અનુ. આઠમા પાને)

### રવિ પટેલ નામના શખ્સે નશીલો પ્રવાહી મંગાવ્યાનું પ્રાથમિક અનુમાન

એલસીબી દ્વારા સમગ્ર મામલામાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. મામલામાં ગોડાઉન સંચાલક મનીષ પટેલની ધરપકડ કરવામાં આવી છે. જયારે ગોડાઉન રવિ પટેલ નામના શખ્સે ભાડે રાખ્યાનું સામે આવ્યું છે. રવિ પટેલ હાલ પોલીસ પકડથી દૂર છે પણ નશીલો પ્રવાહી રવિ પટેલે જ મંગાવ્યાનું હાલ પ્રાથમિક અનુમાન છે.

### નશાકારક સિરપનો જથ્થો ઝારખંડથી લવાયો'તો

પોલીસમાંથી પ્રાપ્ત પ્રાથમિક વિગત અનુસાર નશાકારક કોડીનનો ઐતિહાસિક જથ્થો ઝારખંડથી લાવવામાં આવ્યો હતો. મામલામાં હાલ એલસીબીની ટીમ દ્વારા મુદ્દામાલની ગણતરી કરાઈ રહી છે. ઝડપાયેલા શખ્સોની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે. એલસીબીએ હાલ સુધીમાં ગોડાઉન સંચાલક અને ડ્રાયવર-ક્લિનરની ધરપકડ કરી છે.






# બમ...બમ... ભોલેના નાદ સાથે કાલથી શિવરાત્રીના મેળાનો મંગલારંભ

## મહાવદ નોમની ધજા સાથે ભક્તિ, ભજન, ભોજન, ભભૂતનો રંગ ભવનાથના મેદાનમાં જામશે દશમનો ક્ષય હોવાથી મેળામાં પાંચ ના બદલે ચોથા દિવસે શાહી રવાડી સાથે મેળાનું થશે સમાપન





**અબતક ચિરાગ રાજ્યગુરુ જુનાગઢ**

ધર્મ નગરી જુનાગઢ ના પવિત્ર ગિરનાર ની તળેટીમાં આવતીકાલે મહાવદ નોમ થી શિવરાત્રીના મેળાનું પ્રારંભ થઈ રહ્યો છે, હિમાલયના ગોત્ર પિતા અને જ્યાં ૩૩ કોટી દેવતા ,નવનાથ, બાવન પીર,ચોસઠ જોગણી ના બેસણા છે તેવા પવિત્ર ગિરનાર ની તળેટીમાં ભવનાથ મહાદેવના સાનિધ્યમાં કાલથી શિવરાત્રીના મેળા નો પ્રારંભ થશે,આ વર્ષે ચાર દિવસનો મેળો યોજાશે આવતીકાલે મહાવદ નોમ પાંચમી માર્ચથી ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવ મંદિરે બમ બમ બોલે અને જય ગિરનારી નાદ વચ્ચે ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રીના મેળા નું પ્રારંભ થશે આ વર્ષે દશમનો ક્ષય હોવાથી મેળો પાંચના બદલે ચાર દિવસ સુધી ચાલશે ચાર દિવસ સુધી ૨૫૦ થી વધુ

(અનુ. આઠમા પાને)

### ભવનાથના સાનિધ્યમાં જીગ્નેશ કવિરાજ

લોક ગાયક જીગ્નેશ કવિરાજ બારોટે ભવનાથ ગાયુ ભજન ,ભાવ ,ભક્તિ અને ભજનનો શિવરાત્રીનો મેળો માણવા આપ્યું ભાવિકોને આમંત્રણ.. શિવરાત્રીના મેળામાં સાધુ સંતો નું ધીમે ધીમે આગમન થઈ રહ્યું છે. ત્યારે આજે ગુજરાતના સુપ્રસિદ્ધ લોક ગાયક જીગ્નેશ કવિરાજ ભવનાથ મંદિરની પૂજા અર્ચના કરી હતી અને ભવનાથ મંદિરના ગર્ભગૃહમાં શિવનું ભજન ગાય ભગવાન ભોળાનાથની ઉપાસના કરી હતુ. મુજ ગુફાના મહંત અને મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરી તેમજ અન્ય સાધુ સંતોની સાથે જીગ્નેશ કવિરાજ ભવનાથ મહાદેવની પૂજા અર્ચના કરી હતી.ભજન ભોજન અને ભક્તિનો

(અનુ. આઠમા પાને)

### ભવનાથ વેપારીઓની હડતાળનો અંત મેળો સુખરૂપ યોજવા સૌ એક મત

જુનાગઢ ભવનાથ ચિત્રના છેલ્લા ત્રણ દિવસથી ચાલતી હડતાલનો અંત આવ્યો, વેપારીઓ દ્વારા પ્લાસ્ટિક પ્રતિબંધ ના નિર્ણયને આવકાર્યો, રાબેતા મુજબ શરૂ થશે વેપાર ધંધા છેલ્લા ત્રણ દિવસથી ભવનાથમાં વેપારીઓ દ્વારા પોતાના ધંધા રોજગાર બંધ રાખવામાં આવ્યા હતા. જેનો આજે ધારાસભ્ય, મેયર અને ભાજપ પ્રમુખની બેઠકમાં સુખદ અંત આવ્યો છે. હાઈકોર્ટ દ્વારા ગિરનાર પ્લાસ્ટિક પ્રતિબંધનને લઈ તંત્રને સૂચન કરવામાં આવ્યુ હતું. જેને લઈ તંત્ર દ્વારા ગિરનાર ભવનાથ તેમજ આસપાસના ૨૪ ગામડાઓમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. લોકોમાં પ્લાસ્ટિક ને લઈ જાગૃત આવે તે માટે કામગીરી શરૂ કરવામાં આવી છે.જેને લઈ તંત્ર દ્વારા ગીરનાર તેમજ ભવનાથમાં અલગ અલગ જગ્યાએ પેન્ટિંગ બનાવી, હોર્ડીન્સ લગાવી જાગૃતતા લાવવામાં આવી રહી છે. શિવરાત્રીના મેળા દરમિયાન લાખો ભાવિકો મેળામાં આવતા હોય છે ત્યારે મેળા સમયે તંત્ર દ્વારા પ્લાસ્ટિક પ્રતિબંધનું નિર્ણય લેવામાં આવ્યો હતું. જેને લઈ ભવનાથ ક્ષેત્રના વેપારીઓ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી પોતાના વેપાર ધંધા બંધ કરી હડતાળ રાખવામાં આવી હતી. ત્યારે વેપારીઓ દ્વારા પણ પ્લાસ્ટિક પ્રતિબંધના સૂચનને માન્ય રાખી વેપાર ધંધા શરૂ કરી દેવામાં આવ્યા છે. ગીરનાર વેપારી એસોસિએશનના નાનક દેવચંદાણી એ જણાવ્યું હતુ કે આજે સવારે તમામ વેપારીઓ દ્વારા તંત્ર સાથે હડતાલને લઈ ચર્ચા વિચારણા કરી હતી. તેમાં હાઈકોર્ટની ગાઈડલાઈન

(અનુ. આઠમા પાને)

### શિવરાત્રી મેળાની તૈયારીઓનું કલેકટરે કર્યુ અંતિમ નીરીક્ષણ

કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ આજે મહાશિવરાત્રીના મેળા સંદર્ભે ભવનાથ તળેટી સહિત મેળાના વિસ્તારની સ્થળ મુલાકાત કરી જરૂરી સુવિધાઓ અને વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

કલેકટરીએ ભરડાવાવ, દામોદર કુંડ ઉપરાંત જુદા જુદા પાર્કિંગ સ્થળો અને ભાવિકોની વધારે ભીડ રહે છે તેવા પોઈન્ટ ની મુલાકાત કરી, યોગ્ય રીતે ટ્રાફિક નિયમન થઈ શકે તે માટે સંબંધીત અધિકારીઓને સૂચના આપી હતી. ઉપરાંત કલેક્ટરશ્રીએ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાનાર છે તેવા ભવનાથના પ્રકૃતિ ધામની પણ મુલાકાત કરી હતી અને ફાયર, પીવાના પાણી, વાહન પાર્કિંગ જરૂરી અન્ય વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

કલેક્ટરએ ભવનાથ મહાદેવના દર્શન કરવાની સાથે મૃગીકુંડ ખાતેની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

આ સ્થળ વિઝીટ પૂર્વે સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને મહાશિવરાત્રીના મેળા સંદર્ભે પૂર્વ તૈયારીઓનો તાગ મેળવ્યો હતો. આ બેઠકમાં આરોગ્ય, વીજળી, સફાઈ, પીવાના પાણી સહિતના મુદ્દે જરૂરી પરામર્શ કર્યો હતો.

આ સ્થળ વિઝીટ અને બેઠકમાં કમિશનર શ્રી ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ વડા શ્રી હર્ષદ મહેતા, પ્રાંત અધિકારી સુશ્રી ભૂમિબેન કેશવાલા, ડેપ્યુટી કમિશનર શ્રી ઝાપડા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.